INDIAN INSTITUTE OF
ADVANCED STUDY
SIMLA

# સ્થાનિક સ્વરાજ્ય
# વ્યાખ્યાનમાળા

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સંપાદક:
**પ્રા. કેશુભાઈ શ. દેસાઈ**
રાજકારણશાસ્ત્ર તથા લોકવહીવટશાસ્ત્ર-વિભાગના
અધ્યક્ષ.

રાજકારણશાસ્ત્ર-વિભાગ, ફૅકલ્ટી ઑફ આર્ટ્સ
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

પ્રકાશક:
કેશુભાઈ શ. દેસાઈ

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 7385
Date 12.11.65
SIMLA

PH
954
DAS

પહેલી આવૃત્તિ: ૩૨૦
વિ. સં. ૨૦૦૯
ઈ. સ. ૧૯૫૨

સર્વ હક્ક સ્વાધીન

કિં. ૧-૮-૦

Library IIAS, Shimla
PH
00007385

મુદ્રક:
રમણલાલ જીવણલાલ પટેલ,
વ્યવસ્થાપક, સાધના પ્રેસ,
રાવપુરા, વડોદરા.

# આમુખ

આ નાની પુસ્તિકામાં જે વ્યાખ્યાનો છપાયાં છે તેની યોજના રાજકારણ-શાસ્ત્રના અધ્યાપક શ્રી. કે. એસ. દેસાઈ તરફથી વિદ્યાર્થીઓના લાભાર્થે કરવામાં આવી હતી. નાગરિકશાસ્ત્રનો વિષય ઇન્ટરમિડિયેટ કૉલેજમાં પહેલા વર્ષમાં શિખવાડાય છે. એ વિષયમાં સ્થાનિક સ્વરાજ—Local Self-Government વિશે પણ શિખવાડવામાં આવે છે. આ વિષયનું જ્ઞાન વિદ્યાર્થીઓ પુસ્તકદ્વારા મેળવી શકે છે. પરંતુ એ કરતાં યે, સ્થાનિક સ્વરાજના સુકાનીઓ અથવા કાર્યકરો પાસેથી એ વિષયનું જાતઅનુભવસિદ્ધ જ્ઞાન મળે તો વિશેષ લાભ થાય એ દૃષ્ટિએ આ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. ગ્રામપંચાયતની રચના અને વહીવટથી માંડી પ્રાન્તપંચાયત અને વડોદરાની ખરો મ્યુનિસિપાલિટીની રચના અને વહીવટ વિશે આ વ્યાખ્યાનો દ્વારા માહિતી મળે છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપરાંત જાહેર જનતા જેને આ વિષયમાં રસ છે તેને પણ આ પુસ્તક ઉપયોગી થઈ પડશે. આ વ્યાખ્યાનમાળા યોજવા શ્રી. કે. એસ. દેસાઈને અભિનંદન ઘટે છે. એમનો ઉત્સાહ આટલેથી જ નહિ વિરમે પરંતુ ભવિષ્યમાં આ વિષયને અંગે અનેક વ્યાખ્યાનો તેઓ યોજે કે જેથી નાગરિકશાસ્ત્રનું જ્ઞાન વિદ્યાર્થી તેમ જ જાહેર જનતાને મળે.

**વડોદરા**, તા. ૧૫-૯-૧૯૫૨ **હંસા મહેતા**

# વડોદરા બરો સુધરાઈ

**મે. પ્રમુખસાહેબ, ભાઈઓ અને બહેનો,**

વડોદરા શહેર સુધરાઈની સ્થાપના થયાને ૫૬ જેટલાં વર્ષો થયાં છે. ઈ. સ. ૧૮૯૨ના વર્ષમાં સદ્ગત શ્રી. સયાજીરાવ મહારાજે આ સુધરાઈની સ્થાપના બહુ નાના ધોરણે કરી. ત્યાર પછી ધીમે ધીમે તેના હક્ક અને કાર્યના વર્તુલમાં વધારો થતો ચાલ્યો છે. સુધરાઈ એટલે શહેરમાં એક નાના પાયા ઉપર શહેરના હિત માટે કાર્ય કરતી સ્વરાજ્યની સંસ્થા. સ્વરાજ્ય તો આપણે આજે હિંદુસ્થાનમાં ભોગવીએ છીએ, પણ તેની તાલીમની પ્રથમ શરૂઆત સુધરાઈની સંસ્થાઓમાં થયેલી. આ સંસ્થાઓને તેથી જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Self-governing institutions on local basis) કહે છે, અને ખરેખર આ સંસ્થાઓમાં સ્વરાજ્યના કારોબારની કેળવણી માટે ઉત્તમ ક્ષેત્ર હોય છે. તમે તમારા પ્રતિનિધિ તરીકે થોડાક વહીવટ કરનારાઓને પસંદ કરીને મોકલો; તેઓ વિચારી યોજનાઓ કરે, ઠરાવ કરી તેનો અમલ કરે અને તેને માટે જરૂરી નાણાં તમારી પાસેથી ઉઘરાવે. તમારાં ઘર, પાણી, હવા સ્વચ્છ રાખે અને ત્રણ ત્રણ વર્ષે તમને પોતાના કાર્યનો હિસાબ આપે. તમને ન ફાવે તો તેમને બદલે બીજાઓને પસંદ કરી તેમને સ્થાને વહીવટ કરવા મોકલી શકો. આ સ્વરાજ્યની તાલીમનો પાયો છે. દેશના મોટા મોટા સેવકોએ આવી આવી સુધરાઈઓ, એટલે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જ, પોતાની રાજકારોબાર અંગેની પ્રથમ તાલીમ લીધેલી. સ્વરાજ્યનો મંત્ર ફૂંકનાર દાદાભાઈ નવરોજીથી માંડી મરહૂમ દાસ, સુભાષ બોઝ, પંડિત જવાહરલાલ, સરદાર વલ્લભભાઈ, શ્રી. માવલંકર વગેરે ઘણા સેવકો આ સુધરાઈના ક્ષેત્રમાંથી વત્તેઓછે અંશે ઘડાયા છે અને આગળ વધ્યા છે. આપણા વડોદરામાં પણ હાલના જાણીતા રાજ્યકાર્યકરોમાં શ્રી. સુતરીઆ, શ્રી. મુનશી, શ્રી. સુધાળકર, જનાબ પઠાણ વગેરે ગૃહસ્થો વડોદરા શહેર સુધરાઈ સાથે ઘણાં વર્ષો સુધી સંકળાએલા હતા. અનેક કોમના અને ધર્મના અગ્રણી માણસો સરખી રીતે સુધરાઈમાં પોતાના કામની છાપ પાડી ગયા છે.

## રોજિંદા જીવન સાથેનો સંબંધ

ધારાસભાનું કાર્ય લોકોના જીવનને સ્પર્શે તેના કરતાં સુધરાઈનું કાર્ય વધારે અસર કરે છે. સુધરાઈના સારાખોટા કારભારની અસર આપણા રોજના જીવન ઉપર થાય છે. સુધરાઈનું ક્ષેત્ર આપણે ફત્તેહમંદ કરીએ તો સ્વરાજ્ય માટેની આપણી પૂર્ણ તૈયારી ચોક્કસ થાય. સુધરાઈનું તંત્ર ચલાવવા પાછળ સ્વરાજ્યની દૃષ્ટિ હોવી જોઈએ અને છે. તંત્રમાં શુદ્ધિ, ન્યાય, ગરીબોના હક્કો અને જરૂરિયાતો માટે ખાસ કાળજી રાખવામાં આવે તો જ સ્વરાજ્યની સત્ય કલ્પના લોકોને આપી શકાય. દેશની આઝાદી, બંધારણ કે ધારાસભાની ચર્ચાઓમાં નથી, પ્રત્યક્ષ આચરણમાં રહેલી છે, અને તે આચરણનું કાર્યક્ષેત્ર અને કસોટી સુધરાઈ સિવાય અન્યત્ર મળવાં મુશ્કેલ છે.

## શહેર સુધરાઈનું તંત્ર

વડોદરા શહેર સુધરાઈનો કારભાર ૪૫ સભ્યોથી ચાલે છે. તે પૈકી ૨ હરિજનો અને ૫ બહેનો હોય છે. ૪૫ સભ્યોમાંથી દર ૩ વર્ષે પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી થાય છે. રોજના કામકાજ માટે દર વર્ષે ૯ સભ્યોની એક પેટાસભાની યોજના થાય છે. તેની પસંદગી દર વર્ષે સુધરાઈ કરે છે. સમગ્ર સભા સામાન્ય રીતે ધારાધોરણો તથા લોકોપયોગી યોજનાઓ ઘડે છે, જ્યારે સુધરાઈનું કારોબારી તંત્ર તેની અમલબજાવણી માટે જવાબદાર છે. કારોબારી તંત્રના ઉપરી અધિકારીઓ સુધરાઈ કામદાર અને બાંધકામ તથા આરોગ્ય અધિકારીઓ હોય છે. તેઓ સરકારની સીધી દેખરેખ નીચે કામ કરે છે, જો કે શહેર સુધરાઈના પ્રમુખ સુધરાઈના દરેક વિભાગ ઉપર દેખરેખ રાખી સૂચનો કરી શકે છે.

સુધરાઈના જુદા જુદા વિભાગોની સંભાળ રાખવા માટે પેટાસભા ઉપરાંત બીજી કમિટીઓ છે: ૧ જાહેર બાંધકામ કમિટી, ૨ ટાઉન પ્લેનીંગ કમિટી, ૩ લીગલ કમિટી, ૪ આરોગ્ય કમિટી, ૫ ઉદ્યાન અને અગ્નિ-સંરક્ષણ કમિટી, ૬ વિદ્યુતશક્તિ કમિટી, ૭ મહેકમ કમિટી.

## કામગીરી

સુધરાઈની સામાન્ય કામગીરી આ પ્રમાણે છે: પાણી, રસ્તા, ગટર, સ્વચ્છતા, બત્તી.

૧ **નાગરિકો માટે સ્વચ્છ પાણીનો પુરવઠો:**—આ બાબતમાં હાલમાં જ સુધરાઈએ એક વિશાળ યોજના હાથ ઉપર લીધી છે.

૨ **રસ્તાઓ:**—શહેરના નાનામોટા રસ્તાઓ ૧૩૩·૧૪ માઈલની લંબાઈના છે. તે પૈકી ૩૮·૧૩ માઈલની ડામરની સડકો, ૩૨·૭૩ માઈલની પાકી પથ્થરની સડકો તથા ૨૫·૭૭ માઈલના કાચા રસ્તાઓ છે. તથા કંકરના રસ્તાઓ ૩૬·૫૧ માઈલના છે. શહેરના અગત્યના રસ્તાઓના ફૂટપાથ ઉપર પથ્થર બેસાડવામાં આવ્યા છે.

૩ **મેલા પાણીનો નિકાલ:**—શહેરમાં ઘણે ઠેકાણે ભૂગર્ભ-ગટરો નંખાઈ છે અને તે દ્વારા શહેરમાંથી ગંદા પાણીનો નિકાલ કરવામાં આવે છે. ચોમાસામાં રસ્તાના પાણીના નિકાલ માટે માર્ગની બંને બાજુએ ગટરો કરવામાં આવી છે.

૪ **સ્વચ્છતા અને જાજરૂસફાઈ:**—શહેરના રસ્તાઓ, ઉઘાડી જગ્યાઓ વગેરે સાફ રાખવાને તેમ જ નિકાલી ટોપલાજાજરૂ માટે, કૂંડીસફાઈ માટે, તથા ગટરોની ચોખવટ માટે મોટું મહેકમ રાખવામાં આવે છે. કચરો મોટર અને ગાડાઓ દ્વારા ખાડા પૂરવા માટે તેમ જ ખાતરની બનાવટ માટે જાય છે. મેલું બે ડેપોમાં ખાતર થવા જાય છે; જ્યારે ભૂગર્ભ-ગટરોનું મેલું પાણી શહેરની બહાર ખેતરોમાં વાવેતર માટે આપવામાં આવે છે. સુધરાઈની નીતિ છે કે ટોપલાજાજરૂ બંધ કરી ફ્લશજાજરૂ કરવા અને હરિજનોને સ્વચ્છ ધંધો કરવા તક આપવી.

૫ **વીજળીક પાવર:**—આ સુધરાઈને પોતાનું પાવરહાઉસ છે, એ વિશિષ્ટ ગૌરવની વાત છે. આપણા દેશમાં બે ત્રણ સુધરાઈ સિવાય કોઈ પાસે પોતાનું પાવરહાઉસ નથી. આથી સુધરાઈની આવકમાં ઠીક વધારો થઈ, આ બાજુ ચૂંટાયેલા સભ્યોની સીધી દેખરેખ નીચે ચાલે છે. આ ખાતાની વ્યવસ્થા માટે સુધરાઈએ ૯ સભાસદોની કમિટી નીમી છે. તે પૈકી બે સભાસદો સુધરાઈની બહારના હોઈ, તેમની આ વિષયના નિષ્ણાત તરીકે પસંદગી સભા કરે છે.

૬ **ખોરાક: ખાદ્યખોરાકની વસ્તુઓ ઉપર દેખરેખ:**—શહેરમાં સ્વચ્છ દૂધની ઘણી અછત રહે છે. દૂધમાં પાણીની ભેળસેળ ઉપર જાપ્તો રાખવા તેમ જ ખોરાકીનાં સ્થળો, હોટેલો, વીશીઓ, મીઠાઈવાળાઓ,

માર્કેટો, કસાઈખાનાંઓ ઉપર દેખરેખ રાખવા સુધરાઈ તરફથી ખાસ મહેકમ રાખવામાં આવે છે.

૭ શહેરમાં નાનામોટા બાગબગીચાઓ મળી કુલ ૪૬ વિશ્રાંતિસ્થાનો છે. તે પૈકી ત્રણ મોટા બગીચાઓમાં લોકોના મનોરંજન માટે રેડિયો-સેટ મૂકવામાં આવેલા છે. સયાજી બાગ અને ઝૂ, જ્યુબિલી બાગ, આઝાદ બાગ વગેરે મોટા બાગોથી તમો સર્વે પરિચિત છો.

૮ શહેરના મધ્યમ વર્ગ તેમ જ ગરીબોને માટે રહેઠાણનાં સસ્તાં મકાનોની બહુ હાડમારી છે. આજે તો સુધરાઈ પાસે પોતાના ઉપયોગનાં મકાનો ઉપરાંત હરિજનો માટે ૧૯૫ રહેઠાણો છે.

૯ સુધરાઈનું ચેપી રોગનું દવાખાનું છે, જેમાં ૧૫ દરદીઓ માટે વ્યવસ્થા છે. સુધરાઈ પાસે દરદીઓની હેરફેર માટે એક એમ્બ્યુલન્સ ગાડી છે, જેનો લાભ લોકો સારો લે છે.

૧૦ શહેરની વ્યાયામશાળાઓ, તાલીમશાળાઓ અને સંસ્કારકેન્દ્રોને સુધરાઇ સારી મદદ દર વરસે કરે છે. આ ખાતે રૂા. ૧૫,૦૦૦નો વાર્ષિક ખર્ચ છે.

આ બધી સુધરાઈની કાર્યરેખા છે. સુધરાઈની આવક પાંચ વર્ષ પર રૂા. ૧૫,૬૮,૦૦૦ હતી. તેમાં વધારો થઈ આજે આશરે રૂા. ૨૫,૦૦,૦૦૦ થઈ છે. ઘરવેરો, જકાત, નળવેરો, વાહનવેરો, ભાડું, મનોરંજન કરવેરો, સરકારી મદદ વગેરે આવકનાં મુખ્ય સાધનો છે. લગભગ દરેક વેરામાં ચાલુ વરસોમાં વધારો કરવામાં આવ્યો છે. સુધરાઈનો ખર્ચ પણ ચાલુ વરસોમાં ઘણો વધ્યો છે. મહેકમના પગારોમાં રાજ્યની પાયરી-સમિતિના ધોરણે ઘણે અંશે વધારો કરવો પડ્યો છે. જો કામ લેવું હોય તો માણસોને ટકી શકે તેટલો પગાર કરી આપ્યા સિવાય છૂટકો નથી.

## આર્થિક મુશ્કેલીઓ

આ રીતે જે મહેકમ પાછળ ત્રણ વર્ષ પર રૂા. ૪,૪૦,૯૧૨નો ખર્ચ હતો તે મહેકમનો આજે એકંદર ખર્ચ રૂા. ૧૬,૩૩,૭૪૯ થાય છે. તે સાથે અસહ્ય મોંઘવારીને લીધે બીજાં લોકોપયોગી કાર્યો કરી શકાતાં નથી. એક રસ્તો જે રૂા. ૨૫,૦૦૦ના ખર્ચે પ્રથમ તૈયાર થતો તેને માટે આજ એક લાખથી પણ વિશેષ ખર્ચ થાય છે, અને તે છતાં પણ માલસામાન માટે બહુ મુશ્કેલી પડે છે. એટલે એકંદરે આવક બમણી વધી જાય છે, પણ માલસામાનની કિંમત

ચાર ગણી વધેલી હોઈ, લોકોપયોગી કાર્યો પ્રથમના કરતાં અડધાં પણ ઉપાડવાની સગવડ થતી નથી. સારી મોટી યોજનાઓ ઉપાડવાની હિંમત આજે કોઈ સુધરાઈ કરી શકે તેવી તેમની નાણાંકીય સ્થિતિ નથી. નાની સુધરાઈઓને તો પોતાનું અસ્તિત્વ કાયમ રાખવું પણ મુશ્કેલ પડે એવી નાણાંકીય સ્થિતિ ઊભી થઈ છે. કિંમતો ચાર ગણી વધી અને આવક બે ગણી વધી એ બે વચ્ચે મેળ સાધવાનું કામ બહુ મુશ્કેલ છે. સુધરાઈઓને આપવું પડતું મોંઘવારી ભથ્થું એ મોટો બોજો છે, અને તેનો બધો અથવા થોડો ભાગ સરકારે ઉપાડવો જોઈએ એ દરેક સુધરાઈની સરકાર પાસે માગણી છે. ઉપરોક્ત સુધરાઈની આવકનાં સાધનોમાં કાંઈક વધારો થવો જોઈએ. વેચાણવેરામાંથી તેમ જ આયપત-વેરામાંથી સુધરાઈને ફાળો મળવો જોઈએ. સુધરાઈ કરકસરથી કામ લે છે, જરૂરી કાપકૂપ કરવા પ્રયત્ન કરે છે, છતાં આ વિષમ સંજોગોમાં ખર્ચને પહોંચી વળવાને અશક્ત છે. બંગાળ તથા મુંબાઈ સરકારે પોતાની સુધરાઈઓને આવી રીતે મદદ કરી છે. તે ધોરણ અત્રે દાખલ થવું બહુ જરૂરી છે.

વડોદરા શહેરનો વિસ્તાર વધતો જાય છે. કારખાનાઓ તેમ જ વસવાટનાં સ્થળો શહેરની ચારે દિશાએ પ્રસરતાં જાય છે. શહેરની વસ્તી પાંચ વર્ષ પર એક લાખ જેટલી હતી તે વધીને આજે અઢી લાખ જેટલી થઈ છે. તેટલા જ સ્વચ્છતાના સવાલો મુશ્કેલ બન્યા છે. પાણીપુરવઠો, રહેઠાણો, દૂધપુરવઠો વગેરે યોજનાઓ વિચારી અમલમાં લેવાની બહુ જરૂર છે.

## કેટલીક યોજનાઓ

છેલ્લા બે વર્ષ દરમિયાન સુધરાઈએ નીચેની મોટી યોજનાઓ હાથ પર ધરી છે. આ યોજનાઓ પાછળ સારો ખર્ચ થશે. પરંતુ લોકોની સ્વચ્છતા અને આરોગ્યતા જાળવવાં હોય તો અને શહેરનો વ્યવસ્થિત વિકાસ સાધવો હોય તો તે યોજનાઓ જલદી પાર ઉતાર્યે જ છૂટકો છે. યોજનાઓ સુધરાઈએ મંજૂર કરી છે, તેના ખર્ચને માટે વ્યવસ્થા ઘડી છે, અને હવે તે શ્રી. સરકાર પાસે છેવટનો નિકાલ માગે છે.

## પાણી

૧. **પાણીપુરવઠાની યોજના:**—શહેરના દરેક ખૂણે બે માળ સુધી પાણી પૂરતા પ્રમાણમાં મળી શકે તેવા હેતુથી સુધરાઈએ રૂા. ૬૦ લાખની એક યોજના ઘડી કાઢી છે. મુંબઈ સરકારના નિષ્ણાત શ્રી. વાડિયાની સલાહ

પ્રમાણે આ યોજના થઈ છે. આજવાની પાળ ઊંચી કરવી, પાણીની મોટી નવી નળિકાઓ નાખવી, નવાં ઝડપી ફિલ્ટરો કરવાં, ઊંચી પ્રેશર ટાંકી બાંધવી અને શહેરની અંદરની પાણીની નળિકાઓ જરૂર પ્રમાણે બદલવી એ આ યોજનાનાં અંગો છે. આ યોજના સરકારે મંજૂર કરી છે અને કામની શરૂઆત પણ થઈ ગઈ છે; અને રાજ્યના બાંધકામ અધિકારીએ મને જણાવ્યું છે કે આવતા ઉનાળાની શરૂઆતમાં ૧૯૫૨ના માર્ચ માસમાં પાણીપુરવઠો શહેરમાં સુધરવા માંડશે. આ યોજનાથી શહેરની એક મોટી ખામી દૂર થશે અને લોકોને ઘણી રાહત મળશે.

## રહેઠાણો

૨. શહેરના મધ્યમ વર્ગ તેમ જ ગરીબ વર્ગ માટે રહેઠાણોનો સવાલ બહુ કઠણ થયો છે. ભાડાનું ધોરણ વધી ગયું છે અને રહેઠાણોની વધુ તંગી છે. સુધરાઈએ આ વર્ગ માટે રહેઠાણો બાંધી માફકસર દરે ભાડે આપવા યોજનાઓ કરી છે. નવો બજાર, પાણી દરવાજો, કડક બજાર, હૉસ્પિટલ સામે, મુડદાખારી રોડ ઉપર...વગેરે સ્થળે આ રહેઠાણો બંધાશે.

શહેરમાં છૂટા છૂટા જમીનોના ટુકડા પડ્યા છે તે પણ મધ્યમ વર્ગના લોકોને લાંબા પટે આપવા માટે એક યોજના તૈયાર કરી છે, જેને હવે છેવટની સરકારની મંજૂરી જલદી મળશે. આ રીતે સુધરાઈ આ મુશ્કેલીભર્યાં સવાલના ઉકેલમાં પોતાનો ફાળો આપશે અને સામાન્ય લોકોને સારાં આરોગ્યમય રહેઠાણો મળી શકશે. હરિજનો માટે પણ વસવાટની યોજનાઓ તૈયાર કરી રૂા. ૬૦,૦૦૦ ખર્ચ કરવાનું નક્કી કર્યું છે.

## દૂધ

૩. પ્રજાના આરોગ્ય માટે સ્વચ્છ અને પૂરતા દૂધની બહુ જરૂર છે. તે વ્યાજબી ભાવે મળવું જોઈએ. આ હેતુથી એક યોજના ના. સરકાર તરફ રજૂ કરવામાં આવી છે અને તેને સુધરાઈએ બહાલી આપી છે. આમાં ગામડાના ઉત્પાદકોની સહકારી મંડળી જમાવી શહેરમાં એક મધ્યસ્થ મંડળ દ્વારા દૂધ લાવી વેચવાની યોજના છે. ગરીબ લોકોને સસ્તા ભાવે તેમ જ મફત દૂધ મળી શકે તે માટે સુધરાઈએ રૂા. ૨૫,૦૦૦ની જુદી સવડ બજેટમાં રાખી છે. કોઈ પણ સંસ્થા પોતાની યોજના કરી આ સવડનો લાભ લઈ શકે છે. આપણાં બાળકોના મોંમાંથી દૂધ જતું રહેવાનો સમય આવ્યો છે.

ગુજરાતમાં ડેરીઓએ દાટ વાળવા માંડ્યો છે. બધું દૂધ ખરીદી લઈ તેમાંથી માખણ, પનીર, ઈત્યાદિ બનાવી તે વેચે છે. જે પ્રજાનો આધાર મુખ્યત્વે દૂધ પર છે તે પ્રજા આમ પોતાના ખોરાકનો નાશ કેમ થવા દે? પ્રજાના આરોગ્યનો વિચાર કર્યા વિના પૈસાને સારુ પ્રજાની ખાવાની વસ્તુનો અયોગ્ય વેપાર કરે એવા સ્વાર્થી માણસો કેમ નીકળી પડે છે?

## રસ્તાઓ, મેદાનો વગેરે

૪. રસ્તાઓ ફરીથી પાકા ડામરના કરવા માટે વિચાર છે. હાલની માલ-સામાનની હાડમારી અને મોઘવારીને લીધે આ યોજના મુલતવી રાખવી પડશે. રસ્તાઓ ઘસાઈ જીર્ણ થઈ ગયા છે, પરંતુ હજુ પાણીની પાઈપો નાંખવા તે ખોદવા પડશે એ દૃષ્ટિએ પણ બે વર્ષ પછી કામ કરવું શ્રેયસ્કર લાગશે.

૫. ચાલુ સાલે મદન ઝાંપે શહેરની વચ્ચે આઝાદ ચોગાનમાં એક ભવ્ય, રમતગમત અને મેળાવડા વગેરે માટે, મેદાન તૈયાર કરાવ્યું છે. સવડ થયે બીજાં વિશ્રાંતિસ્થાનો સુધારવા ઉમેદ છે.

૬. સુધરાઈનું ચેપી રોગનું દવાખાનું મોટા પાયા ઉપર નવેસર બેચરાજી રોડ પર બંધાશે. આ કામ સરકારે મંજૂર કર્યું છે એટલે ત્યાં ૨૫ પથારીઓનું દવાખાનું થશે. હાલના ચેપી રોગના દવાખાનાને તે બાદ ક્ષયના અસાધ્ય રોગવાળા દરદીઓના રુગ્ણાલયમાં ફેરવી નાંખવા વિચાર છે. શ્રી. સયાજી જનરલ હૉસ્પિટલ સામે સુધરાઈએ દર્દીઓને ઊતરવા માટે એક અતિથિગૃહ બાંધ્યું છે. સ્ટેશન પાસે એક વિશાળ જગ્યા સુધરાઈએ અનામત રાખી છે. કોઈ ઉદાર ગૃહસ્થની મદદથી ત્યાં સાર્વજનિક ધર્મશાળા બાંધવાની સુધરાઈની ઉમેદ છે. સયાજી બાગમાં સુધરાઈ તરફથી એક સારું ગેસ્ટહાઉસ ખોલવામાં આવ્યું છે. ત્યાં પારટીઓ અને મંડળો સસ્તા દરે ઉતારો મેળવી શકે છે.

## વિવિધ પ્રશ્નો

૭. મેલાંનાં પાણીનો સ્વચ્છ નિકાલ કરવા માટે સુધરાઈએ રૂ. ૭ લાખની એક યોજના મંજૂર કરી છે; તેથી મેલાંનાં પાણીમાંથી ખાતર તેમ જ બાળી શકાય એવો ઉપયોગી ગેસ ઉત્પન્ન કરી શકાય અને ખેતરને બારેમાસ સ્વચ્છ પાણી મળી શકે અને આ રીતે આ ગંદા પાણીનો બહુ જ સ્વચ્છ ઉપયોગ થઈ સુધરાઈને આવક થાય. સુધરાઈએ પોતાની બસ-સર્વિસ કાઢવા વિચાર

રાખ્યો છે. બસ-સર્વિસની યોજના ના. સરકાર પાસે મંજૂરી માટે છે. તે માટે રૂપિયા નવ લાખની લોન માગવામાં આવી છે.

## સુધરાઈના નોકરો માટે કાળજી

સુધરાઈના નોકરોના હિતાર્થે સુધરાઈ હંમેશાં કાળજી રાખે છે. સફાઈ-સેવકો માટે સારાં અને સસ્તાં રહેઠાણો, ચાર વાંચનાલયો, એક પ્રોવિડંટ ફંડ સોસાયટી તથા તેમનાં બાળકો માટે એક સારી શાળાની વ્યવસ્થા કરી છે. પછાત વર્ગની સામાજિક, આર્થિક ઉન્નતિ કરવા તેમ જ તેમની કાર્યક્ષમતા વધારવા સુધરાઈએ એક વેલ્ફેર-ઑફિસર નીમ્યા છે. આ પછાત લોકો અજ્ઞાન અને દારિદ્ર્યને લીધે સમાજમાંથી હડી ગયા છે. તેમને ફરી સંસ્કારી બનાવી સમાજના ઉપયોગી અંગ તરીકે તેમની સ્થાપના કરવા સુધરાઈ જાગૃત છે.

## હજુ ઘણું કરવાનું છે

વડોદરાને હજુ સારાં પુસ્તકાલયો, વ્યાયામશાળાઓ, દવાખાનાંઓ, આરામસ્થાનો વગેરેની જરૂર છે. આપણે અહીં જન્મ્યા, અહીં રમ્યા, અહીં સમૃદ્ધ થયા અને આપણી માટી પણ અહીં જ પડવાની છે. તેથી આ શહેર તરફ તન, મન અને ધનથી કંઈક કરવાની ફરજ છે.

આપણા શહેરનો કારભાર આપણે ચોખ્ખો ન ચલાવી શકીએ, આપણી ગલીઓ સાફ ન રાખી શકીએ, આપણાં ઘરખંડેર જોખમકારક હોય, રસ્તા વાંકા હોય, શહેરનો કારભાર ચલાવનાર નિઃસ્વાર્થી શહેરીઓ ન નીકળી પડે, જે કારભાર ચલાવતા હોય તે બેદરકાર હોય અગર સ્વાર્થી હોય તો આપણને વિશેષ સત્તા શોભવાની નથી.

## આપણે સુધરીશું ?

આપણા શહેરમાં ક્ષય તથા મેલેરિયાએ ઘર કર્યું છે. દર વર્ષે એ હજારોનો ભોગ લે છે. દુનિયાના ઘણા સુધરેલા દેશોમાંથી આ રોગોનું પ્રમાણ ઘણું ઓછું થયું છે. કોલેરા, પ્લેગનું તો ત્યાં નામ કે કેસ ડૉકટરોએ પણ જોયો નથી, ત્યારે આપણે આ રોગો ઉપર કંઈ અસર કરી શકતા નથી. સારી હવા, નાનાં પણ સ્વચ્છ ઘરો, સાફ અને છૂટા રસ્તા અને કુદરતી હાજતો માટેની ચોખ્ખી ટેવો એ ઉત્તમ આરોગ્ય માટેની પહેલી અને અગત્યની શરતો છે. આપણે જાજરૂ જવું એટલે નરકમાં જવા જેવું થાય છે. જે મુલ્કમાં નેવું ટકા

માણસો ઉઘાડે પગે ચાલે છે તે મુલકોમાં લોકો ગમે ત્યાં થૂંકે છે, પેશાબ કરે છે અને બાળકોને જાજરૂ કરાવે છે, અને તેવા રસ્તા પર આપણે ચાલવું પડે અને કવચિત્ બેસવું પણ પડે છે. આ સ્થિતિમાં કોલેરા યા ક્ષય ઘર કરે તેમાં નવાઈ નહિ. આપણે આપણાં શહેરોની સ્થિતિ નહિ બદલીએ, આપણાં પાયખાનાં નહિ સુધારીએ ત્યાં સુધી આપણે મન સ્વરાજ્યની કિંમત કશી રહેવાની નથી. મહાત્માજીએ ગુજરાતને ઉદ્દેશીને કહ્યું છે: આપણે આપણા ભંગી સેવકોને અસ્પૃશ્ય ગણીએ છીએ તેનું પરિણામ એ આવ્યું કે, આપણાં જાજરૂ આપણે તેઓને પણ પૂરાં સાફ કરવા દેતા નથી, આપણે સાફ કરતાં અભડાઈએ છીએ. પરિણામ એ થાય છે કે જાતે સ્વચ્છ રહેતા છતાં આપણા વાસ્તે એક ભાગ બહુ જ ગંદો રહે છે ને તેને લીધે આપણે હંમેશાં ગંદી હવામાં ઊછરીએ છીએ. જ્યાં લોકો ક્ષય, મેલેરિયા, કોલેરા વગેરેથી વગર મોતે અકાળે મરતાં હોય ત્યાં ધર્મના, કર્મના આચારનો લોપ થવાનો સંભવ છે. આ રોગનો નાશ કરવા શક્તિ ભેગી કરીશું તો આપણી લાયકાત ઘણી વધવાની છે. આપણી પડોશમાં ડાકોરજીનું પવિત્ર ધામ છે. મેં તે જોયું છે. તેની અપવિત્રતાનો પાર નથી. હું મને પોતાને શુદ્ધ વૈષ્ણવ ગણું છું. તેથી જ મને આ ટીકા કરવાનો અધિકાર છે. ડાકોરમાં એટલી સખત ગંદકી છે કે ચોખ્ખાઈમાં રહેનાર માણસને ત્યાં એક દિવસ પણ ગાળવો મુશ્કેલ થઈ પડે. જાત્રાળુઓ સ્વચ્છ તળાવ બગાડે છે, રસ્તા બગાડે છે; મુખિયાજી લડે છે ને રણછોડરાયજીના આભૂષણ બાબત રીસીવરો નિમાય એ વધારાનું. આ સ્થિતિ સુધારવી એ આપણી ફરજ છે. સ્વરાજ્ય લેવા નીકળી પડેલ આપણે ગુજરાતી આપણું નહિ સુધારીએ તો બીજું શું કરી શકીશું?

શહેરમાં અનીતિનું વ્યસન વધે છે, હોટેલો વધે છે, જુગાર, લાંચરુશવત વધે છે. આનો ઇલાજ શહેરીઓએ જ કરવો ઘટે છે.

સુધરાઈઓના વહીવટમાં જાહેર પ્રજા રસ લેતી હોય તો તે ફક્ત સભાસદની ચૂંટણી પૂરતો જ છે. સુધરાઈ અને પંચાયત તરફ પ્રજાનું સતત અને ઝીણવટભર્યું ધ્યાન હોવું જોઈએ. બુદ્ધિશાળી નાગરિકોએ શહેરજીવનના સવાલોનો અભ્યાસ કરી પોતાના મત અને અભિપ્રાય બાંધી રજૂ કરવા જોઈએ; તો જ સભાસદો અને સંસ્થાઓમાં સારી જાગૃતિ આવે. બિનસમજુ મતદારમંડળ નિરુપયોગી છે. ઊલટું કવચિત્ ઊંધી સમજ પકડે છે. એના મતમાં કશો દમ ના હોય એ ઉઘાડું જ છે.

સમજદાર નાગરિક (Intelligent citizenship) એ આરોગ્યના વહીવટ અને વૃદ્ધિ માટે બહુ જ જરૂરી છે. સ્થાનિક સ્વરાજ્યનું મૂળ તત્ત્વ એટલે રસ લેનાર અને માહિતગાર સમાજ. એ મળે નહિ ત્યાં સુધી સંગીન કામ ન થઈ શકે. આપણા પ્રજાવર્ગને નભાવી લેવાની બહુ ટેવ પડી ગઈ છે. અનેક અનારોગ્ય ચીજો સૂઝે પરંતુ યોગ્ય સ્થળે તે બાબત લખાપટ્ટી કરી યા રૂબરૂ મળી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરવી તે વિષે બહુ આળસ અને પ્રમાદ આપણા લોહીમાં છે. આરોગ્ય એ કાંઈ કવિતા યા ફિલસૂફીની ચર્ચા નથી; એ તો વિચારણા અને એની પાછળ અખૂટ આચાર માગે છે. જાગૃત પ્રજાવર્ગ સુધરાઈની સંસ્થાઓને એક ચાબુક જેવો છે. આરોગ્ય વેચાતું લઈ શકાય છે. એની કિંમતનો ખ્યાલ ડૉક્ટરોને છે અને વસ્તીની દરેક વ્યક્તિ દીઠ કેટલો ખર્ચ કરે તે આરોગ્ય મળી શકે તેની ગણતરી થઈ છે, પણ તે માટે ખર્ચ કરવો પડે. એક સારી વીમા કંપનીએ વેપારની દૃષ્ટિએ પોતાની પૉલિસી ધરાવનારાઓની તંદુરસ્તી સાચવવા માટે પંદર વર્ષમાં આશરે ત્રીસ કરોડ રૂપિયા ખર્ચ કર્યો. બદલામાં મૃત્યુપ્રમાણ કમી થવાથી તેને આશરે ૫૦ કરોડનું બચત થયું. માંદગી પાછળ આપણે ઠીક ખર્ચ કરીએ છીએ તો રોગને ટાળવા અને તંદુરસ્તી જાળવવા ખર્ચ કરવો એ વધારે યોગ્ય છે. એક નવા જન્મતા બાળક કરતાં એક ઉછરેલા બાળકને રોગમાંથી મુક્ત કરવો એમાં કુટુંબ અને રાષ્ટ્રની દૃષ્ટિએ આર્થિક સ્થિતિ સારી સચવાય છે. એટલું ચોક્કસ છે કે પૂર્ણ સમજથી આરોગ્યના નિયમોની સંભાળ માટે આપણી મૂડીનો ઉપયોગ થાય તો તે તેનું સારામાં સારું રોકાણ (Investment) છે. આરોગ્યરક્ષણખાતાના જેટલું ઉપયોગી અને લાભદાયક ખર્ચ નફાની વહેંચણીની દૃષ્ટિએ બીજા કોઈ ખાતામાં ભાગ્યે જ થતું હશે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી એ રાજ્યની પ્રથમ ફરજ છે. તે બાદ જો રાજ્યને માથે બીજી મોટી ફરજ હોય તો તે પ્રજાવર્ગની તંદુરસ્તીની જાળવણી.

Not merely to build fine buildings, but to build fine men and women, to build up a healthy and progressive community, with co-operation and public service as ideals.

So long as poverty remains, the community cannot be healthy. There will be disease and

social upheavals. Hence the primary duty of a municipality is to remove poverty. It must be stamped out. The best service of the poor is to abolish poverty.

( સારાં સારાં મકાનો બાંધવાં એટલું જ નહીં, પણ સારાં સ્ત્રીપુરુષો ઘડવાં, સ્વાસ્થ્યપૂર્ણ ને પ્રગતિશીલ સમાજ રચવો ને સહકાર અને પ્રજાસેવાને આદર્શ તરીકે રાખવાં.

દારિદ્ર હોય ત્યાં સુધી પ્રજા તંદુરસ્ત ન બને, ત્યાં સુધી રોગો રહે જ ને સમાજ પણ ક્ષુબ્ધ રહે. આથી સુધરાઈની પહેલી ફરજ દારિદ્રને દૂર કરવાની છે. એને જડમૂળથી કાઢી નાંખવી જોઈએ. દારિદ્રને દૂર કરવું એ જ દરિદ્રની મોટી સેવા છે. )

સુધરાઈની ફરજ હવા, પાણી અને રસ્તા પૂરા પાડયે પતવાની નથી. નાગરિકોના જીવનના વિવિધ પ્રશ્નો પ્રત્યે અને શહેરના ઉદ્યોગો અને સંસ્કાર તરફ પણ ધ્યાન આપવું પડશે. કારણ ગરીબાઈ અને દારિદ્ર ક્યાંથી જન્મે છે? બેકારી એ માણસનો દુશ્મન છે. બેકારી મટે અને માણસોને યોગ્ય જીવનની વ્યવસ્થા મળે તેવી રચના થાય તેમાં સુધરાઈની જ ફરજ રહેશે.

શહેર સુધરાઈ એ નાગરિકોની સંસ્થા છે. શહેરી જીવન વધારે ઉન્નત બને, શહેરનાં કેળવણીનાં, આરોગ્યનાં, કળાનાં, તાલીમનાં અને સંસ્કારનાં સાધનો વધે, શહેરીઓને પોતાના વતન માટે ગૌરવ થાય, દુઃખી અને ગરીબ વર્ગને ખાતરી થાય કે શહેરી જીવનની પ્રગતિ અને સંપત્તિમાં તેમનો હિસ્સો નિશ્ચિત છે, આ શહેરના ઉદ્યોગો, કારખાનાંઓ અને નિર્દોષ મોજશોખનાં સાધનો વિપુલ થાય, શહેર વિદ્યા અને સંસ્કારપ્રેમીઓનું નિવાસસ્થાન થાય એવા પ્રયત્નો કરવાની સુધરાઈની ફરજ છે અને યથાશક્તિ તે માર્ગ તરફ પ્રગતિ કરવા આજની સુધરાઈ પ્રયત્નશીલ છે. પરંતુ આને માટે ઘણો ઉમંગ અને ભોગ આપવાની વૃત્તિ જોઈએ. શહેરમાં અનેક સુખી, સાધનસંપન્ન અને હું માનું છું કે સંસ્કારસંપન્ન ધનપતિઓ રહે છે. શહેરની જડ, ચેતન સમૃદ્ધિથી અને પોતાના બુદ્ધિબળથી તેમને ખોળે ઘણું ધન પડયું છે. પશ્ચિમના દેશોમાં આ વર્ગ કંઈ ને કંઈ રૂપે શહેરને પોતાનું ઋણ ચૂકવે છે.

પશ્ચિમના દેશોમાં તો સુધરાઈ ને પોલીસ અને કોર્ટો ઉપર સત્તા હોય છે

અને તેનાથી કારભાર કાર્યક્ષમ અને લાભદાયક રીતે ચલાવી શકાય છે. આપણે પણ તે દિશામાં પ્રગતિ કરીશું.

દરમ્યાન શહેરના આપણા શુદ્ધ કારભાર ઉપર ભારતવર્ષના સફળ કારભારનો આધાર છે. કવિસમ્રાટ રવીન્દ્રનાથ ટાગોરના શબ્દોમાં મારી પ્રાર્થના છે કે—

"Let this Municipality make my city great in the amenities of life, health and sanitation and dignity and self-respect. Let painting, sculpture, music, and arts grow under its auspices and make dwellings of citizens, the abodes of joy. Let this city wipe its blot of illiteracy with all its dirt and uncleanliness. Let her citizens enjoy plenty, have strength of will and energy of mind and be inspired with civic spirit born of joy. Let not the poison of internecine strife pollute her life. Let her citizens of all races and all sects and communities unite in goodwill and keep her fairness untarnished and her peace undisturbed."

(આ સુધરાઈ મારા નગરને જીવન માટે જરૂરી એવાં સુખસગવડો આપીને, આરોગ્ય અને સ્વચ્છતા જાળવીને અને સ્વમાનનું ગૌરવ સદા ઊંચું રાખીને મહાન બનાવે. એના આશ્રય નીચે ચિત્ર, શિલ્પ, સંગીત અને ઇતર કળાઓ સદા વિકસતી રહો અને આ નગરને નાગરિકોને માટે આનંદનિકેતનરૂપ બનાવી રહો. આ નગરમાંથી નિરક્ષરતાનું કલંક ભૂંસાઈ જાઓ. અસ્વચ્છતા અને ગંદકીનું પણ નામનિશાન ન રહો. આ નગરના નાગરિકો સમૃદ્ધિને માણે, સંકલ્પશક્તિ કેળવે, મનને સબળ બનાવે અને સદા આનન્દમાંથી જ જન્મતી નાગરિક ધર્મની ભાવનાથી અનુપ્રાણિત થઈને રહે. આન્તરવિગ્રહનું ખુન્નસ એનાં જીવનમાં ઝેર ન રેડે, ભિન્ન ભિન્ન જાતિઓ અને ભિન્ન ભિન્ન સંપ્રદાયના નાગરિકો શુભ ભાવનાથી સુમેળ સાધીને રહે અને મારા નગરની શોભાને નિષ્કલંક અને શાન્તિને અક્ષુબ્ધ રાખે એવું હું ઇચ્છું છું.)

# સુધરાઈની જાહેર આરોગ્યની સેવાઓ

**મે. પ્રમુખસાહેબ, ભાઈઓ અને બહેનો,**

સુધરાઈ નિબંધના આધારે દરેક સુધરાઈએ જાહેર આરોગ્યની સેવાઓ કરવાની છે. આ સેવાઓ બે પ્રકારની હોય છે: એક ફરજિયાત અને બીજી મરજિયાત. નીચે દર્શાવેલી સેવાઓ દરેક સુધરાઈએ કરવાની છે:—

**ફરજિયાત**—૧ પાણીના પુરવઠાની વ્યવસ્થા.
૨ જાહેર રસ્તાઓ અને રાજમાર્ગો તથા પોળોની સફાઈ.
૩ અપકારક અને ભયકારક ધંધાઓનું નિયમન.
૪ રસ્તાઓની રોશનાઈ.
૫ પાણીનો છંટકાવ.
૬ જન્મમરણ સંબંધી નોંધ.
૭ શીતળા ટાંકવા અંગેની કામગીરી.
૮ વૈદ્યકીય રાહત, હોસ્પિટલો, દવાખાનાંઓ વગેરે કાઢવાં અને તેને નિભાવવાં.
૯ ભયંકર ચેપી રોગોની અટકાયત.

**મરજિયાત**—૧ રખડતા કૂતરાઓનો નાશ.
૨ ગંદા પાણીના નિકાલ માટે સુએજ ફારમ કરવાની.
૩ જાહેર આરોગ્ય અને તંદુરસ્તી સુધરે તે માટે કરવાનું કોઈ પણ પ્રકારનું કામ.

ઘણી ખરી સુધરાઈઓ કાયદાથી જે ફરજો ફરમાવવામાં આવે છે તે ફરજો વત્તેઓછે અંશે અદા કરે છે.

પાણીના પુરવઠાનું સાધન ઘણીખરી સુધરાઈઓ કરે છે અને શહેરીઓને ચોખ્ખું પીવાનું પાણી પૂરું પાડે છે. વારિગૃહો મારફતે પાણી આપવામાં આવે છે, અને પાણીને ગાળીને તેમાં ક્લોરિન નામની જંતુનાશક દવા નાંખી પાણીને જંતુરહિત બનાવી આપવામાં આવે છે. પાણીના પુરવઠા પર

આધાર રાખી ૨૦ થી ૪૦ ગેલન સુધી દરરોજ માથા દીઠ પાણી આપવામાં આવે છે.

ઘણીખરી સુધરાઈઓએ ચોખ્ખું પાણી પૂરું પાડવાની યોજનાઓ કરેલી હોવાથી ૨૫, ૩૦ વરસ પર જે કોગળિયાનો રોગ શહેરો અને કસ્બાઓમાં ખૂબ પ્રચલિત હતો તે આજે લગભગ નાબૂદ થઈ ગયો છે. વિષમજ્વરનો ઉપદ્રવ પણ કમી જોવામાં આવે છે.

રાજમાર્ગો, પોળો, રસ્તાઓ, ગલીકૂંચીઓ વગેરેની સફાઈ સુધરાઈ તરફથી નિયમિત કરવામાં આવે છે. કેટલીક સુધરાઈઓ તરફથી આવી સફાઈ દિવસના બે વાર કરવામાં આવે છે, જ્યારે કેટલીક સુધરાઈઓ આવી સફાઈ દિવસમાં ફક્ત એક જ વાર કરે છે. આ કામ માટે સુધરાઈ તરફથી પૂરતી સંખ્યામાં સફાઈસેવકો રોકવામાં આવે છે. હાલના જમાનાને અનુલક્ષીને સફાઈકાર્ય માટે જે સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે તે જૂની ઢબનાં છે. રસ્તાસફાઈ માટે વપરાતાં આધુનિક સાધનો જેવાં કે બ્રશો અથવા યાંત્રિક સાધનોનો અભાવ માલૂમ પડે છે. યાંત્રિક સાધનો કિંમતી આવે છે, અને તે વાપરવા માટે તજ્જ્ઞ માણસોની જરૂર પડે છે. ઘણીખરી સુધરાઈઓની હાલની નાણાંકીય સ્થિતિ ધ્યાનમાં લેતાં આવાં સાધનોનો ઉપયોગ નજીકના ભવિષ્યમાં થવો મુશ્કેલ છે. રસ્તાઓ અને પોળોમાંથી નીકળતો કચરો કચરાપેટીમાં એકત્ર કરવામાં આવે છે અને ત્યાંથી ગાડાઓ અથવા મોટરો મારફતે અંતિમ નિકાલના સ્થળે લઈ જવામાં આવે છે. આ સાધનો પણ ઘણો ફેરફાર માગે છે. કેટલીક વાર કચરો ગાડાંઓમાં અને મોટરોમાં ઉઘાડો લઈ જવામાં આવે છે. આથી કચરો રસ્તા પર ઊડે છે અને તેમાંથી નીકળતી ધૂળ વગેરે શ્વાસોચ્છ્વાસમાં જાય છે અને કેટલાક રોગો પેદા કરે છે.

જાજરૂઓની નિયમિત સફાઈ કરવી એ દરેક સુધરાઈની ફરજ છે. ઘણીખરી સુધરાઈવાળા કસ્બાઓમાં જ્યાં ઘરાકી પદ્ધત પ્રચલિત નથી ત્યાં આ કામ સાધારણ રીતે સંતોષકારક થાય છે. ગુજરાતની કેટલીક સુધરાઈઓમાં ઘરાકી પદ્ધત ચાલુ છે. ઘરાકી પદ્ધતમાં સફાઈસેવકો સુધરાઈના નોકરો હોતા નથી. વંશપરંપરાથી અમુક લત્તાના જાજરૂઓની સફાઈ કરવાનો હક્ક હરિજનોને મળે છે અને તે લત્તાના જાજરૂઓ ઘરાકી ભંગી સિવાય બીજો ઇસમ સાફ કરી શકતો નથી. આ કામગીરી બદલ સુધરાઈ તરફથી જે જાજરૂવેરો લેવાય

છે તેમાંથી દરેક ઘરાકી ભંગીને ટોપલા દીઠ માસિક પગાર આપવામાં આવે છે. આ ઘરાકીવાળાઓ મનસ્વી રીતે કામ કરે છે, મરજીમાં આવે તે વખતે જાજરૂઓ સાફ કરે છે, કામ પણ બરાબર કરતા નથી અને જનતાની તેમની કામગીરી માટે ઘણી ફરિયાદો હોય છે. વડોદરા સુધરાઈમાં આ પ્રથા આજથી દસ વર્ષ પહેલાં ચાલુ હતી. સને ૧૯૪૧-૪૨માં આ પ્રથા નાબૂદ કરવામાં આવી. દરેક ઘરાકીવાળા ઇસમને સુધરાઈના નોકર બનાવવામાં આવ્યા, તેમનો માસિક પગાર નક્કી કરવામાં આવ્યો, અને ચોક્કસ સંખ્યામાં જાજરૂઓ વહેંચી આપવામાં આવ્યાં. ઘરાકી પદ્ધત નાબૂદ કરતી વખતે દરેક ઘરાકી હરિજનને ટોપલા દીઠ રૂા. ૪૦ વળતર આપવામાં આવ્યું હતું. અમદાવાદ સુધરાઈમાં પણ આ પ્રથાનો મૃત્યુઘંટ આજથી પાંચ વર્ષ પહેલાં વાગ્યો હતો. હજુ ગુજરાતની કેટલીક કસ્બાઓની સુધરાઈઓમાં આ પ્રથા ચાલુ છે. આજથી ત્રણચાર વર્ષ પૂર્વે મુંબાઈ સરકારે હરિજનોના કામની સ્થિતિ સુધારવા માટે એક સમિતિ—બરવે-સમિતિ નીમી હતી, અને આ સમિતિએ પોતાના નિવેદનમાં ઘરાકી પદ્ધત નાબૂદ કરવા ભલામણ કરી છે. આશા રાખવામાં આવે છે કે આ ભલામણ સરકાર માન્ય રાખશે. મેલું ઉપાડવા માટે જે સાધનો સુધરાઈ તરફથી વપરાય છે તે જૂની ઢબનાં હોય છે, અને તેમાં ઘણા ફેરફારો કરવાની જરૂર છે. આધુનિક સાધનો વાપરવાની શરૂઆત કરવી જોઈએ. ઘણીખરી સુધરાઈઓએ ભૂગર્ભનળિકા વાટે ગંદા પાણીનો નિકાલ કરવાની યોજના કરેલી છે, પણ સાદા જાજરૂઓને વૉટર-કલોઝેટમાં ફેરવવા જોઈતા પ્રમાણમાં સક્રિય પગલાં લીધેલાં નથી. સરકાર તરફથી આવી યોજના માટે નાણાંકીય મદદ મળે છે, પણ તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. હાથથી મેલું સાફ કરવા અને માથા પર લઈ જવાની પદ્ધત જેમ બને તેમ જલદી નાબૂદ કરવી જોઈએ, અને તેને બદલે ફ્લશિંગ જાજરૂઓ અથવા સેપ્ટિક ટૅન્કવાળાં જાજરૂઓ દાખલ કરવાં જોઈએ.

જન્મ અને મરણ સંબંધી નોંધ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. કેટલીક સુધરાઈઓ તરફથી આવી નોંધો નાકા-કારકુન મારફત કરાવવામાં આવે છે. આવી કામગીરી માટે સ્વતંત્ર મહેકમ રાખવામાં આવતું નથી અને પરિણામે જે નોંધ થાય છે તે ખામીવાળી હોય છે. જન્મ અને મરણની નોંધમાં બધી હકીકત પૂરેપૂરી દર્શાવવામાં આવતી નથી અને કેટલાક પ્રસંગે નામો લખવામાં પણ ભૂલ કરવામાં આવે છે. મરણનું ચોક્કસ કારણ જણા-

વવામાં આવતું નથી. ૮૦ ટકાથી વધારે મરણની નોંધ તાવના શીર્ષક હેઠળ થાય છે. જન્મમરણની નોંધ એ ઘણી અગત્યની કામગીરી છે. તેના પરથી કસ્બાના આરોગ્યનો ખરો ખ્યાલ આવે છે. આ કામગીરી માટે વધારે લાયક ઇસમોની નિમણુક કરવાની જરૂર છે. જન્મની નોંધ જનતા તરફથી બરાબર કરાવવામાં આવતી નથી. પરિણામે ઘણા જન્મો નોંધ્યા વગરના રહી જાય છે. મરણની નોંધ બરાબર કરાવવામાં આવે છે.

નાનાં બાળકોને શીતળા ટંકાવવા માટેની વ્યવસ્થા સુધરાઈઓએ કરવાની હોય છે. મુંબાઈ ડિસ્ટ્રિક્ટ વેકિસનેશન એક્ટના આધારે દરેક માબાપની ફરજ છે કે તેમણે તેમના છોકરાઓને જન્મ થયા તારીખથી એક વર્ષની અંદર શીતળા ટંકાવી લેવા જોઈએ. એ મુદ્દતની અંદર શીતળા ટંકાવ્યા ન હોય તો તે ગુનો છે અને માબાપ શિક્ષાને પાત્ર થાય છે. આ કામગીરી સુધરાઈઓ તરફથી નિયમિત કરવામાં આવે છે. શીતળા ટંકાવવાથી શીતળાનો રોગ ઘણુંખરું થતો નથી અને જો થાય છે તો તેનું જોર ઓછું હોય છે અને મરણ થતું નથી. શહેરમાં અથવા કસ્બામાં રહેતાં ઘણાંખરાં બાળકો શીતળા ટાંકયા વગરનાં રહી જાય છે, કારણ કે તેમનો જન્મ સુધરાઈની સ્થળસીમામાં નોંધાયેલો હોતો નથી. જન્મ નોંધાયેલો નહિ હોવાથી સુધરાઈને પણ આવાં બાળકોને શીતળા કઢાવ્યા છે કે નહિ તે જાણવાને સાધન હોતું નથી. આ કામગીરી મફત કરવામાં આવે છે, કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.

ભયંકર ચેપી રોગો, જેવા કે શીતળા, કોલેરા, પ્લેગ વગેરે ફાટી નીકળે ત્યારે દરેક સુધરાઈ તરફથી આ રોગને દાબી દેવામાં અને તેનો પ્રચાર થતો અટકાવવા તાત્કાલિક પગલાંઓ લેવામાં આવે છે. કોલેરા અથવા પ્લેગ મહા-મારીના સ્વરૂપમાં ફાટી નીકળે ત્યારે કોલેરાની અને પ્લેગની રસી સુધરાઈ તરફથી મફત મૂકવામાં આવે છે. કોલેરામાં પીવાના પાણીના પુરવઠાની શુદ્ધિ કરવામાં આવે છે અને તેમાં બ્લીચિંગ પાઉડર કે પોટેશિયમ પરમેન્ગેનેટ નાંખવામાં આવે છે. ખરાબ અને વધુ પકવ ફળફળાદિનો નાશ કરવામાં આવે છે. મીઠાઈ વગેરે વેચવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે. ભયંકર ચેપી રોગથી પીડાતા દર્દીઓની સારવાર ઘેર થઈ શકતી નથી, અને થાય તોપણ તેનો ચેપ સારા માણસોને લાગવા સંભવ રહે છે. માટે આવા દર્દીઓની સારવાર ચેપી રોગની ઇસ્પિતાલમાં થવી જોઈએ. કેટલીક સુધરાઈઓ તરફથી આવી વ્યવસ્થા કરવામાં આવેલી છે, જ્યારે ઘણીખરી સુધરાઈઓમાં આ વ્યવસ્થા

જોવામાં આવતી નથી. વસ્તીના પ્રમાણમાં અમુક બેડની સંખ્યાવાળી ચેપી રોગની ઇસ્પિતાલ દરેક સુધરાઈએ બાંધવી જોઈએ અને તેને નિભાવવી જોઈએ.

ખોરાકમાં થતી ભેળસેળ અટકાવવા માટે મુંબાઈ સરકારે કાયદો કર્યો છે. આ કાયદાને ધી બોમ્બે પ્રિવેન્શન ઑફ્ ઍડલ્ટરેશન ઍક્ટ કહેવામાં આવે છે. આ કાયદો સુધરાઈની સંમતિથી દરેક સુધરાઈની સ્થળસીમા માટે લાગુ પાડવામાં આવે છે. કેટલીક સુધરાઈઓમાં આ કાયદો લાગુ છે, જ્યારે એવી ઘણી સુધરાઈઓ રાજ્યમાં છે કે જ્યાં આ કાયદો લાગુ નથી. ખોરાકમાં થતી ભેળસેળ અટકાવવાની ફરજ સુધરાઈની છે અને તે આધારે ખોરાકના નમૂનાઓ...ખાસ કરીને દૂધ, ઘી વગેરેના લેવામાં આવે છે અને તેને તપાસ માટે પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. જો નમૂનાઓ ભેળસેળવાળા માલમ પડે તો વેચનાર પર ફરિયાદો કરવામાં આવે છે. દૂધમાં ભેળસેળ ઘણી થાય છે, ખાસ કરીને મોટે ભાગે તેમાં પાણી નાંખવામાં આવે છે. ઘીમાં ભેળસેળ દૂધના પ્રમાણમાં ઓછી થાય છે. આ કાયદો લગભગ ૨૭ વર્ષ થયાં અમલમાં છે, છતાં પણ ભેળસેળ મોટે ભાગે ઓછી થયેલી માલૂમ નહિ પડવાથી સરકારે તાજેતરમાં આ કાયદાને વધુ સખત બનાવ્યો છે. દંડ અને કેદની સજા ઘણી વધારી છે. ચારથી પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ અને બે થી ત્રણ વર્ષ સુધીની સખત કેદની જોગવાઈ કાયદામાં કરવામાં આવી છે. સુધરાઈઓ તરફથી યોગ્ય સંખ્યામાં ખોરાકના નમૂનાઓ લેવામાં આવતા નથી. યોગ્ય સંખ્યામાં નમૂનાઓ લેવામાં આવે તો સુધારેલા કાયદાના અસ્તિત્વથી જરૂર ભેળસેળ નાબૂદ કરી શકાય.

વૈદ્યકીય રાહત વત્તાઓછા પ્રમાણમાં દરેક સુધરાઈ તરફથી આપવામાં આવે છે. દવાખાનાંઓ, પ્રસૂતિગૃહો વગેરે ખોલવામાં આવે છે અને તેનો લાભ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો લે છે. બીજા દેશો-યુરોપ અને અમેરિકાની સરખામણીમાં આ રાહત ઘણી મર્યાદિત હોય છે. પાશ્ચાત્ય દેશોમાં બાળક જન્મે ત્યારથી જ્યાં સુધી જીવે ત્યાં સુધીની સંભાળ સુધરાઈનું આરોગ્યખાતું રાખે છે. આ ફરજ અદા કરવા માટે એન્ટી-નેટલ અને ચાઈલ્ડ-વૅલફૅર ક્લિનિકો સુધરાઈઓ તરફથી ચલાવવામાં આવે છે. આ કેન્દ્રોમાં સગર્ભા સ્ત્રીઓની નિયમિત વૈદ્યકીય તપાસ કરવામાં આવે છે, અને પ્રસૂતિમાં કેવો ખોરાક લેવો, શું કામ કરવું વગેરેની સલાહ આપવામાં આવે છે. પ્રસૂતિના સમયમાં બીજા

ખાસ રોગો જેવા કે પાંડુરોગ અથવા મૂત્રાશયના દરદથી સગર્ભા પીડાતી હોય તો તેનો ઉપાય કરવામાં આવે છે. નાનાં બાળકો માટે બાળસંગોપન કેન્દ્રોમાં બાળકોનો ઉછેર કેવી રીતે કરવો તેનું જ્ઞાન માતાઓને આપવામાં આવે છે. બાળકોને નવડાવવામાં આવે છે અને તેમનું વજન લેવામાં આવે છે. આ ઉપરથી બાળકનું વજન વધે છે કે ઓછું થાય છે તે જાણી શકાય છે. બીજા દેશોની સરખામણીમાં આપણા દેશની પ્રસૂતાઓનું મરણનું પ્રમાણ અને બાળમરણનું પ્રમાણ ઘણું વધારે છે. આ પરિસ્થિતિનાં કારણોમાં ઊતરવાની જરૂર નથી, પણ સુધરાઈ તરફથી આ દિશામાં સક્રિય પગલાં લેવાય અને બાળસંગોપન સંસ્થાઓ ચલાવવામાં આવે તો આ મરણપ્રમાણ આપણે ઓછું કરી શકીએ. ક્ષયથી આપણા દેશમાં દર વર્ષે ૫,૦૦,૦૦૦ માણસો મરણ પામે છે. આ રોગની ચિકિત્સા શરૂઆતમાં કરવામાં આવે તો તેને અટકાવી શકાય છે. આ રોગની સામે ઝુંબેશ કરવા માટે ટી. બી. ક્લિનિકસ, હૉસ્પિટલો અને સેનેટોરિયમની જરૂર રહે છે. ગામડાં કરતાં મોટાં શહેરો અને કસ્બાઓમાં આ રોગ વધારે પ્રચલિત છે. માટે સુધરાઈઓએ આ રોગનું પ્રમાણ ઓછું કરવા ટી. બી. ક્લિનિકસ અને હૉસ્પિટલો કાઢવી જોઈએ. સ્પર્શજન્ય રોગો–જેવા કે પરમો, ચાંદી વગેરે મોટા શહેરોમાં ઘણા પ્રમાણમાં જોવામાં આવે છે. કેટલીક સુધરાઈઓ આ કામગીરી કરે છે અને તેને માટે વી. ડી. ક્લિનિકસ કાઢવામાં આવેલી છે. પરંતુ મોટા ભાગની સુધરાઈઓ તરફથી આ પ્રકારની ફરજ અદા કરવામાં આવતી નથી. તમામ વૈદ્યકીય રાહતો પૂરી પાડવી એ સુધરાઈઓને માટે ઘણો ગંભીર પ્રશ્ન છે. હાલની નાણાંકીય સ્થિતિ જોતાં સરકાર પણ કાયદાથી આવી ફરજો સુધરાઈઓ પર લાદી શકતી નથી.

# સુધરાઈનો વીજળીવહીવટ

**પ્રમુખશ્રી, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો,**

આજે આપણે સ્થાનિક સ્વરાજ્ય વ્યાખ્યાનમાળાના 'સુધરાઈનો વીજળી-વહીવટ' એ નામના ત્રીજા વ્યાખ્યાનની શરૂઆત કરીશું. એ પૂર્વે મારે આપને જણાવી દેવું જોઈએ કે હું કાંઈ મોટો સમર્થ વક્તા નથી કે જેની પાસેથી છટાદાર વ્યાખ્યાનની અપેક્ષા રાખી શકાય.

જ્યારે પ્રોફેસર દેસાઈએ એક દિવસે મારી પાસે આવીને આ વ્યાખ્યાન વિષેનું મને સૂચન કર્યું ત્યારે તો એ વિચારમાત્રથી મને ક્ષોભ થયો અને પ્રથમ તો મેં એમને ધસીને ના જ પાડી દીધી. પણ એમણે ખૂબ પ્રશંસનીય ધૈર્યથી મારી સાથે કામ લીધું, બનતી બધી જ મદદ આપવાની તૈયારી બતાવી અને એક કલાકની વાટાઘાટને અંતે એમને માટે તો સુખદ પણ મારે માટે કપરી થઈ પડે તેવી મારી પાસે હા પડાવીને જ એ ઊઠ્યા.

મને સમજાતું નથી કે સ્થાનિક સ્વરાજ્ય વ્યાખ્યાનમાળામાં "વીજળી" જેવા વિષયને કેવી રીતે સ્થાન મળી ગયું? બીજા આરોગ્ય કે નાણાં જેવા વિષયો તો સ્થાનિક સ્વરાજ્ય સાથે નિકટપણે સંકળાયલા છે પણ મુંબાઈ રાજ્યમાં તો વીજળી જેવો વિષય હજી સુધી સુધરાઈથી દૂરનો દૂર જ રહ્યો છે.

આખા હિંદમાં ૪૮૬ જેટલાં વીજળી પૂરી પાડનારાં કારખાનાં છે, જેમાંનાં ૫૦ એટલે કે દસ ટકા જેટલાંનો વહીવટ સુધરાઈઓ દ્વારા થાય છે. આ પચાસમાંથી અડધોઅડધ એકલા મદ્રાસ રાજ્યમાં છે અને બાકીનાં બીજા વિસ્તારોમાં વહેંચાયલાં છે.

મુંબાઈ રાજ્યમાં મુંબાઈ, સાવનુર, વડોદરા, પેટલાદ અને પાટણ–એ પાંચ સ્થળોએ વીજળીવહીવટ સુધરાઈને હસ્તક છે. ઈ. સ. ૧૯૪૬ પહેલાંની પરિસ્થિતિ જોઈએ તો મુંબાઈની ભૌગોલિક સીમામાં માત્ર વડોદરા રાજ્યમાં એકલા પાટણમાં વીજળીનો વહીવટ સુધરાઈના તાબામાં હતો. ઈ. સ. ૧૯૪૬માં વડોદરા રાજ્યમાં "વ્યારા કાનપુરા ઇલેક્ટ્રિક સપ્લાય લિમિટેડ" તરફથી સહકારી ધોરણે વીજળીનું ઉત્પાદન શરૂ થયું અને એમ કહેવામાં આવે છે કે સમસ્ત

હિંદમાં સહકારી પદ્ધતિએ કામ કરનાર આ પહેલી જ સંસ્થા હતી. આ સંજોગોમાં પોતાના વિસ્તારના ગ્રાહકોને વીજળી પૂરી પાડવાની દૃષ્ટિએ સુધરાઈઓ ભવિષ્યમાં વધારે રસ લેશે એ ખ્યાલથી આજનો વિષય આ વ્યાખ્યાનમાળામાં રાખવામાં આવ્યો હશે એમ માનું છું.

વીજળી એટલે કે 'ઇલેક્ટ્રિસિટી' શબ્દની ઉત્પત્તિ 'ઇલેક્ટ્રૉન' (વિદ્યુત્કણ) નામના ગ્રીક શબ્દમાંથી થઈ છે. આ ઇલેક્ટ્રૉન એટલે 'એમ્બર' (Amber) અર્થાત્ જેને કેરબો અથવા તૃણમણિ કહે છે તેમાં વીજળીની અસર સૌથી પ્રથમ જોવામાં આવી હતી. કુદરતમાં વિદ્યુત આકાશમાં થતી વીજળીસ્વરૂપે દેખાય છે. વપરાશની એક વસ્તુ તરીકે તે વિદ્યુત્પ્રવાહ ઉત્પન્ન કરનારાં યંત્રોદ્વારા મેળવવામાં આવે છે. આ યંત્રોનું સંચાલન સ્ટીમ ટરબાઇન્સ (Steam turbines), પાણીચક્કીઓ તથા ડીઝલ એંજિનો (Diesel engines) વગેરે દ્વારા થાય છે. આ વિદ્યુત્પ્રવાહ જમીન પરના થાંભલા પરનાં તારનાં દોરડાં દ્વારા અથવા ભૂગર્ભમાં નાખેલાં તારનાં દોરડાં દ્વારા બહાર અપાય છે અને ત્યાંથી ગ્રાહકોને વૉલ્ટેજ (Voltage) ઓછો કરનારાં ટ્રાન્સફૉર્મર્સ (Transformers) દ્વારા વહેંચવામાં આવે છે.

આપણા જીવનમાં વીજળીનો પ્રવેશ થયો એ પૂર્વેનો સમય એટલે તેલ કે ઘાસલેટના દીવાનો જમાનો કે જેમાં ન હતી ટેલિગ્રાફ કે ટેલિફોનની સગવડ કે ન હતું રેડિયો કે સિનેમાનું મનોરંજન અને સંદેશાવ્યવહાર પણ ગાડા જેવો ધીમો હતો. જ્યારે સાર્વજનિક વીજળીપુરવઠો એકાએક બંધ થઈ જાય છે ત્યારે જ આપણને વીજળીની સાચી કિંમત સમજાય છે. આવા પ્રસંગે તેના પ્રકાશમાં કામ કરતાં માણસો નિષ્ક્રિય બની જાય છે, કામ અટકી પડે છે, એટલું જ નહિ પણ દુકાનો, ઘરો, ચલચિત્રગૃહો, કારખાનાં અને પોળોના કે જાહેર રસ્તા પર અંધકાર અને અવ્યવસ્થાનું સામ્રાજ્ય સ્થપાઈ જાય છે.

દીવાબત્તી તથા પંખાથી માંડીને ઔદ્યોગિક તેમ જ ખેતીવાડીનાં કામ માટે, પદાર્થો ઠંડા રાખવા માટે, તેમ જ રેલવે દોડાવવા માટે વીજળીને વિવિધ પ્રકારે ઉપયોગમાં લઈ શકાય છે. વળી માનવીનો શ્રમ બચાવનારાં સાધનો—જેમ કે વાસણો તથા કપડાંની સફાઈ કરનારાં મશીન, ઇલેક્ટ્રિક ચૂલા, પાણીના પંપ વગેરેની સગવડ દ્વારા કેટલી ય સ્ત્રીઓનું રોજનું ઘરકામનું વૈતરું દૂર થાય છે, તેમને આરામ મળે છે, તેમનું સ્વાસ્થ્ય સુધરે છે અને પરિણામે જીવન સમૃદ્ધ અને સુંદર બને છે. વળી બાટલીમાં કે સીલબંધ ડબામાં ભરી રાખેલાં

ખોરાક કે ફળફળાદિને રેફ્રિજરેટર ( Refrigerator ) મશીનમાં ઠંડા કરીને ખાવાની પદ્ધતિને પણ હવે વધારે પ્રમાણમાં મહત્ત્વ મળતું જાય છે.

વીસમી સદીના આરંભમાં વીજળી એક શોખની વસ્તુ ગણાતી હતી પણ હવે તો એ રોજના ઘરવપરાશ તથા ઉદ્યોગના ક્ષેત્રમાં એક જરૂરી વસ્તુ બની ગઈ છે. વળી ઉદ્યોગપ્રધાન દેશનું તો એ જીવનપોષક તત્ત્વ છે, કારણ કે વિપુલ પ્રમાણમાં અવિરતપણે મળતા વિદ્યુત્પ્રવાહ ઉપર પ્રજાનાં સ્વાસ્થ્ય અને તાકાતનો આધાર રહેલો છે. અત્યારના વિદ્યુત્ યુગમાં કોઈ પણ દેશની ઔદ્યોગિક પ્રગતિ અને પ્રજાનું જીવનધોરણ માપવાનું સાચું સાધન દેશનું વીજળી શક્તિનું ઉત્પાદન અને તેનો વ્યય છે. દુનિયામાં છેલ્લાં દસ વર્ષમાં વિદ્યુત્શક્તિના ઉત્પાદન અને વ્યયમાં પચાસ ટકા ઉપરાંતનો વધારો થયો છે, છતાં પણ બીજા દેશોની તુલનામાં હિંદમાં વ્યક્તિ દીઠ વપરાશ ઘણો જ ઓછો છે, જે નીચેના આંકડા પરથી સમજાશે :—

| | | | |
|---|---|---|---|
| ૧ | નોર્વે | ૩,૮૫૮ | યુનિટ્સ |
| ૨ | કેનેડા | ૩,૪૩૪ | ,, |
| ૩ | સ્વીડન | ૨,૦૨૫ | ,, |
| | ... | ... | ... |
| ૯ | ઇંગ્લંડ | ૯૪૦ | ,, |
| | ... | ... | ... |
| ૩૭ | તુર્કસ્તાન | ૩૧·૮ | ,, |
| ૩૮ | હિંદ | ૧૧·૪ | ,, |
| ૩૯ | ચીન | ૩ | ,, |

આથી દુનિયાના વિદ્યુત્વપરાશ કરનારા અગ્રગણ્ય દેશોની હરોળમાં ઊભા રહેવા માટે હિંદે વીજળીવિષયક નિયોજન કરવાની ખાસ જરૂર છે. આવું નિયોજન કરવા માટે કાળજીપૂર્વકનો એ વિષયનો અભ્યાસ, ઊંડો અનુભવ અને વિષયને અનુરૂપ વિશિષ્ટ કાર્યશક્તિ હોવાં આવશ્યક છે. "પાકા પાયાનું ઇજનેરી કામ અને અર્થતંત્રને વશવર્તી રહીને હિંદના દરેક કુટુંબ માટે, દરેક વેપારી અને ઔદ્યોગિક સંસ્થા માટે તેમ જ કૃષિવિષયક જરૂરિયાતો માટે પૂરતી વિદ્યુત્શક્તિ છૂટથી આપી શકાય" એ આવા નિયોજનનું ધ્યેય હોવું જોઈએ.

આવા નિયોજન ઉપરાંત જનતા સમસ્તનું હિત જળવાય એ પણ ખૂબ આવશ્યક છે અને તે અર્થે સરકારે યોગ્ય ધારાધોરણો રચવાં જોઈએ.

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No. 7385
Date 12-11-65

જનતાના ઉપયોગ માટે વીજળીપુરવઠાના શ્રીગણેશ સને ૧૮૯૭માં દાર્જિલિંગ સુધરાઈએ માંડ્યા. એ પછી ઈ. સ. ૧૮૯૯માં કલકત્તામાં અને ૧૯૦૨માં મૈસૂરમાં વીજળીશક્તિનો ઉપયોગ શરૂ થયો. સને ૧૯૧૪ સુધીમાં હિંદનાં બધાં જ મોટાં શહેરોમાં વીજળી પૂરી પાડવામાં આવી. વડોદરાવાસીઓ માટે ખૂબ રસપ્રદ હકીકત એ છે કે કૈ. શ્રીમંત મહારાજા સાહેબ સર સયાજીરાવ ગાયકવાડે મકરપુરા રાજમહેલમાં વીજળીશક્તિનો ઉપયોગ સને ૧૮૮૯માં એટલે કે હિંદમાં જનતાના ઉપયોગ માટે એ શરૂ થઈ તેનાં આઠ વર્ષ પહેલાં શરૂ કર્યો હતો. પરંતુ વડોદરાની જનતા માટે તો વીજળીશક્તિનો ઉપયોગ છેક ઈ. સ. ૧૯૦૮માં શરૂ થયો હતો.

ઇંગ્લંડના સને ૧૮૮૨ના બ્રિટિશ ઇલેક્ટ્રિક લાઇટિંગ ઍક્ટના ધોરણે હિંદમાં સને ૧૮૮૭માં સૌથી પ્રથમ ઇલેક્ટ્રિક ઍક્ટ અથવા વિદ્યુતશક્તિ ધારો અમલમાં આવ્યો. આ કાયદા પ્રમાણે ઇજારાની મુદત ૨૧ વર્ષની હતી જે ખૂબ ટૂંકી હોઈને તે દ્વારા જોઈએ તેટલી મૂડી ભેગી થઈ શકી નહિ. સને ૧૯૦૩માં જે સુધારેલો ધારો પસાર થયો તેમાં આ બાબત સુધારી લેવામાં આવી. તે વખતે એમ તો સમજાયું હતું કે એ ધારો તે સમય પૂરતો જ હતો અને થોડા જ સમય પછી તેમાં ઘટતા સુધારાવધારા કરવાની જરૂર પડશે જ. આ કાયદાના અમલના પૂરતા અનુભવને અંતે સને ૧૯૧૦માં ઇંડિયન ઇલેક્ટ્રિસિટી ઍક્ટ અથવા હિંદી વિદ્યુત્-ધારો પસાર કરવામાં આવ્યો. સને ૧૯૨૧માં એમાં રહેલી ભૂલો સુધારી તે સુધારેલા સ્વરૂપમાં પસાર કરવામાં આવ્યો.

હિંદ સરકારના ઈ. સ. ૧૯૩૫ના ધારા અનુસાર 'વિદ્યુતશક્તિ'ના વિષયનો સમસામયિક (Concurrent) ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવ્યો. ઈ. સ. ૧૯૩૭ના ઇંડિયન ઇલેક્ટ્રિસિટી ઍક્ટ (સુધારેલો) સાથે ઇંડિયન ઇલેક્ટ્રિસિટી ઍક્ટનો વિભાગ ૩૬ અ જોડી દેવામાં આવ્યો, જેમાં મધ્યસ્થ વિદ્યુતશક્તિ સમિતિની રચનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઇંડિયન ઇલેક્ટ્રિસિટી ઍક્ટની કલમ ૩૭ થી મળેલા અધિકાર અનુસાર સરકારે ઈ. સ. ૧૯૨૨ના ઇંડિયન ઇલેક્ટ્રિસિટી નિયમ અમલમાં મૂક્યા. એ નિયમ ઈ. સ. ૧૯૩૭ના ઇંડિયન ઇલેક્ટ્રિસિટી નિયમથી બિનઅમલી થયા. ઈ. સ. ૧૯૪૬માં આ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા અને હવે આ

નિયમો નવેસરથી કરવામાં આવે છે. આ નવા ઘડાતા નિયમોનો કાચો ખરડો ઈ. સ. ૧૯૫૧ના ફેબ્રુઆરી માસની ૧૭મી તારીખના હિંદ સરકારના ગેઝેટમાં પ્રસિદ્ધ થયો છે. વીજળીશક્તિનું ઉત્પાદન તથા સંચારણ (Transmission) અને તેનાં પુરવઠા તથા ઉપયોગનું નિયમન કરવા માટે તથા ઇંડિયન ઇલેક્ટ્રિકલ ઍક્ટના હેતુ અને આશયનું પાલન થવા માટે આ નિયમોની યોજના કરવામાં આવી છે.

વિદ્યુતશક્તિની બાબતમાં રાજ્યની સરકાર રાજ્યના ઇલેક્ટ્રિકલ એંજિનિયરના અભિપ્રાય અનુસાર દોરાય છે. મુંબાઈ રાજ્યમાં ઇલેક્ટ્રિકલ એંજિનિયરના તાબામાં દરેક વિભાગ માટે એક એમ ત્રણ ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર્સ હોય છે. તેમના આ હોદ્દાના કામ ઉપરાંત તેઓ એક્ઝિક્યુટિવ એંજિનિયર તરીકે પણ કામ કરે છે, અને નવાં કામો તથા સરકારી મકાનોમાંનાં વીજળીક જોડાણોના નિભાવનું કામ તેમને હસ્તક રહે છે. મધ્યવર્તી વિભાગના ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર લિફ્ટ ઇન્સ્પેક્ટર તરીકે પણ કામ કરે છે અને બોંબે લિફ્ટસ એક્ટ ઍન્ડ રૂલ્સમાં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર જ્યાં જ્યાં લિફ્ટની વ્યવસ્થા હોય ત્યાં ત્યાં તેનો અમલ થાય છે કે કેમ તે જુએ છે.

ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટરોની ફરજો નીચે પ્રમાણે છે:—

૧ સરકાર વતી તજ્જ્ઞ તરીકે સાક્ષી આપવી.
૨ લાઇસિન્સદાર અને ગ્રાહક વચ્ચેના ઝઘડાઓનો નિકાલ કરવો.
૩ શંકા પડતાં મીટરો અને જોડાણોની ચકાસણી કરવી.
૪ ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીના કામની તપાસણી કરવી.
૫ વીજળીથી થતા અકસ્માતોની તપાસ કરવી.
૬ નિયમની વિરૂદ્ધ વર્તન કરનારાઓ ઉપર કામ ચલાવવું.
૭ મનોરંજનનાં સ્થળોનાં ઇલેક્ટ્રિકલ જોડાણોની તપાસણી કરવી.
૮ જ્યાં ૧૦૦ વૉલ્ટથી વધારે પ્રમાણમાં વિદ્યુતપ્રવાહનું ઉત્પાદન થતું હોય એવાં સર્વ જોડાણોની તપાસણી કરવી.
૯ ૪૦૦ વૉલ્ટ જેટલા મધ્યમ દબાણથી જ્યાં જોડાણો આપવામાં આવ્યાં હોય તે સર્વ સ્થળોની તપાસ કરવી.
૧૦ તપાસણી અને ચકાસણી (Testing) માટેના દર લાગુ કરવા અને વસૂલ કરવા.

૧૧ ઇલેક્ટ્રિક કૉન્ટ્રાક્ટરોનાં રજિસ્ટરોની તપાસણી કરવી તથા જ્યાં જ્યાં પરવાનાવાળા ઇલેક્ટ્રિકના કૉન્ટ્રાક્ટરોએ કામ કર્યું હોય તે સ્થળોની ચકાસણી કરવી.

ઈ. સ. ૧૯૩૭ના ઇંડિયન ઇલેક્ટ્રિકલ રૂલ્સના નિયમ ૪૮ના આધારે સુપરવાઈઝરો અને વાયરમેનોને લાયકાતનાં અને પરવાનગીનાં પ્રમાણપત્રો આપવા વિષે તથા ઇલેક્ટ્રિકના કૉન્ટ્રાક્ટરોને આપવાના પરવાના વિષે તથા બીજી આનુષંગિક બાબતો વિષેના નિયમો તથા શરતો ઠરાવ્યાં છે. આ નિયમોના ઉદ્દેશોનું બરાબર પાલન થાય તે અર્થે એક પરવાનામંડળ (Licensing Board)ની નિમણુક કરવામાં આવી છે. આ નિયમોમાં સુપરવાઈઝર તથા વાયરમેનની પરીક્ષાનો શિક્ષણક્રમ તથા તે પરીક્ષાની ફી ઉપરાંત કૉન્ટ્રાક્ટરોને પરવાના આપવાની શરતો ઠરાવવામાં આવી છે. પરવાનો ધારણ કરનાર અથવા ઇલેક્ટ્રિક કૉન્ટ્રાક્ટર તરીકેનો પરવાનો ધારણ કરનાર જો નિયમની વિરુદ્ધ વર્તન કરતા માલૂમ પડે તો ઇલેક્ટ્રિક ઇન્સ્પેક્ટર તે વિષે પરવાનામંડળને નિવેદન કરે છે જે ઉપરથી મંડળ આગળનાં પગલાં લે છે.

હવે હું વિદ્યુત્-ઉત્પાદન અથવા તેની વહેંચણી માટે પરવાનો મેળવવા માટે ઠરાવવામાં આવેલી પદ્ધતિ તેમ જ પરવાનો ધારણ કરનાર તથા વિદ્યુત્-શક્તિ વાપરનારની જવાબદારીઓ વિષે વિગતવાર માહિતી આપીશ.

પ્રથમ તો આવો પરવાનો મેળવનાર અરજદારે જે સ્થળે પોતે વિદ્યુત્-પુરવઠો કરવા માગતો હોય તે સ્થળના નકશાની ત્રણ નકલો સાથે પોતાને જે પ્રકારનો પરવાનો જોઈતો હોય તે પ્રકારના પરવાનાના મજકૂરની કાચા ખરડા-રૂપે તૈયાર કરેલી છાપેલી છ નકલો રૂા. ૫૦૦ની લાગત સાથે રાજ્યની સરકારને રજૂ કરવી જોઈએ. આવી અરજી સરકારમાં રજૂ થાય ત્યારપછીના ચૌદ દિવસની અંદર અરજદારે સ્થાનિક વર્તમાનપત્રમાં એ વિષેની જાહેરાત એક પછી એક એમ અનુક્રમે ત્રણ વાર પ્રસિદ્ધ કરવી જોઈએ. સરકાર પણ આ જાહેરાતને સ્થાનિક ગેઝેટમાં પ્રસિદ્ધ કરે છે. આવી અરજી સામે વાંધો ઉઠાવવા માટે ત્રણ માસની મુદત આપવામાં આવે છે અને જરૂર પડે તો સ્થાનિક તપાસ પણ કરવામાં આવે છે.

એ પછી સરકાર આ પરવાનાનો ખરડો તપાસે છે અને જરૂર હોય ત્યાં તેમાં સુધારાવધારા કરી તેને છેવટનું રૂપ આપે છે. અરજદારે કરવા ધારેલા કામના

અંદાજના વીસ ટકા જેટલી રકમ તેની પાસેથી અનામતરૂપે લેવામાં આવે છે, જે ત્યારબાદ તેણે કરેલી માલની ખરીદીના પ્રમાણમાં અથવા તો તેણે કામ કર્યું હોય તેની કિંમતના પ્રમાણમાં વખતોવખત ઠરાવેલા હપ્તા અનુસાર તેને પાછી આપવામાં આવે છે. આ પછી એ પરવાનાવિષયક જાહેરાત જનતાની જાણ માટે ગેઝેટમાં પ્રસિદ્ધ થાય છે. પરવાનો ધારણ કરનારે પરવાનો શરૂ થયાની તારીખથી ત્રણ વર્ષની મુદતમાં પરવાનામાં જણાવેલાં કામો સરકારને સંતોષકારક માલૂમ પડે એ રીતે પૂરાં કરવાનાં હોય છે. પરવાનો ધારણ કરનાર શરતોનું પાલન કરવામાં ચૂકે તો પરવાનો રદ થવાને પાત્ર થાય છે. કામો જ્યારે પૂરાં થાય ત્યારે ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર તેમની તપાસણી કરે છે અને જો તે સંતોષકારક રીતે થયાં હોય તો વીજળીશક્તિ ચાલુ કરવાની પરવાનગી આપવામાં આવે છે.

જ્યારે કોઈ માણસને વીજળી લેવી હોય ત્યારે તેણે ઠરાવેલા નમૂના પ્રમાણે અરજી કરવાની હોય છે, જેમાં જરૂર પડે તો, પરવાનો ધારણ કરનાર સાથે પોતે બે વર્ષથી ઓછા નહિ તેટલા સમય માટે વીજળી લેવાની કબૂલત કરવી પડે છે તથા પરવાનો ધારણ કરનારને તેણે વેઠેલા ખર્ચનો યોગ્ય બદલો મળે એ પ્રકારની બાંયધરી આપવી પડે છે. પોતાની જગ્યામાં વીજળી લેવી હોય ત્યારે ઇલેક્ટ્રિક વહેંચણી કરનારી મુખ્ય રેષા (Distributor)થી સો ફૂટથી વધારાના અંતરના સર્વિસ લાઇનના પૈસા અરજદારે આપવાના હોય છે. આ અંતર મુખ્ય રેષા પરના થાંભલાથી ગણવામાં આવે છે, કારણ કે સર્વિસ લાઇનનાં જોડાણ થાંભલા નજીક સિવાયના બીજે કોઈ ઠેકાણેથી કરી શકાય નહિ.

અરજદારે પરવાનાવાળા ઇલેક્ટ્રિકલ કૉન્ટ્રાક્ટર દ્વારા વીજળીજોડાણનું કામ કરાવી લેવું પડે છે. આ કામ પૂરું થયા પછી કામ પૂરું થયા બદલ અને તેની ચકાસણી કર્યા બદલ પરવાનાવાળાઓએ ઠરેલા પત્રકમાં ઇલેક્ટ્રિક સપ્લાય કંપની તરફ નિવેદન કરવું પડે છે. ઇંડિયન ઇલે. નિયમની ૪૮મી કલમ અનુસાર વીજળીજોડાણોનું તથા તેમના સમારકામ અંગેનું બધું જ કામકાજ પરવાનો ધારણ કરનાર (લાઇસન્સદાર) ઇલેક્ટ્રિકલ કૉન્ટ્રાક્ટર પાસેથી કાર્યક્ષમતાનો દાખલો જેને મળ્યો છે એવા સુપરવાઇઝરની સીધી દેખરેખ નીચે કરાવવું પડે છે. વીજળી વાપરનાર, માલિક, કૉન્ટ્રાક્ટર અથવા તો જે કોઈ માણસો આ નિયમની વિરુદ્ધ જોડાણનું કામ કરશે અગર કરાવશે તો તે સૌ શિક્ષાપાત્ર ગણાશે.

આથી કામ કરાવનારે જે કંપનીને કામ સોંપવું હોય તેની પાસે ઇલેક્ટ્રિકલ્સ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરવાનો રીતસરનો પરવાનો છે કે નહિ તેની પહેલાં ખાતરી કરી લેવી જોઈએ; એટલું જ નહિ પણ તે પરવાનો તેણે તાજો કરાવી લીધો છે કે નહિ તેની પણ ખાતરી કરી લેવી જોઈએ, કારણ આવા પરવાના દરેક વર્ષે તાજા કરાવી લેવા પડે છે. તમે જો આવા પરવાના વિનાના માણસને કામ સોંપો અને પછી 'મારી એવી સમજ હતી કે એની પાસે પરવાનો હશે' અથવા 'એણે મારા પાડોશીને ઘેર જોડાણકામ કર્યું એટલે તો એની પાસે પરવાનો હશે જ એવી મારી ધારણા હતી' આમ કહી છટકવાનો પ્રયત્ન કરો તો તે નકામો છે. આવો કોઈ બચાવ ચાલી શકે નહિ. કામ કરાવનારે પોતે આ બાબતમાં પાકી ખાતરી કરી જ લેવી જોઈએ.

હવે આપણે આ વિષયમાં આગળ ચાલીએ. ઇલેક્ટ્રિક સપ્લાય કંપની જો તમારૂં જોડાણકામ ઇંડિયન ઇલેક્ટ્રિસિટી નિયમાનુસાર હોય તો વીજળીપ્રવાહ ચાલુ કરી આપે છે. તેનો જેના પર કાબૂ ન હોય તેવા સંજોગોમાં અથવા તો નીચેની શરતોનો ભંગ થાય તે પ્રસંગો સિવાય એક વાર વીજળીપ્રવાહ શરૂ થયા પછી ઇલેક્ટ્રિક સપ્લાય કંપની (લાઇસિન્સદાર) તે ચાલુ રાખવા બંધાયેલી છે. નીચેના સંજોગોમાં ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીને વિદ્યુત્શક્તિ બંધ કરવાનો હક્ક છે:—

૧ જો ગ્રાહક તેને પોતાની હદમાં પ્રવેશ ન કરવા દે તો ચોવીસ કલાકની નોટિસ આપીને વીજળી બંધ કરી શકાય.

૨ જો ગ્રાહક લહેણી પડેલી આકારણીની રકમ ન ભરતા હોય તો, સાત દિવસની નોટિસ આપીને. પણ, જો ઝઘડો ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટરને સોંપવામાં આવ્યો હોય તો, જો ઝઘડાને અંગેની રકમ તથા તે પછી થતા વિદ્યુત્-વપરાશની લહેણી થતી રકમ માગણી કરવા છતાં ગ્રાહક ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર પાસે જમા ન કરે તો જોડાણ કાપી શકે, અન્યથા નહિ.

૩ જોડાણકામ ઉપરાંત વગર પરવાનગીએ વિદ્યુત્-જોડાણનો વિસ્તાર કર્યો હોય તો વગર નોટિસે વીજળી બંધ કરી શકાય.

૪ ગ્રાહક જો પૂરતી જામીનગીરી ન આપે તો સાત દિવસની નોટિસ આપીને વીજળી બંધ કરી શકાય.

૫ જોડાણકામમાંથી વિદ્યુત્પ્રવાહ નુકસાન કરે તેવી રીતે ગળતો માલૂમ પડે તો વગર નોટિસે વિદ્યુત બંધ કરી શકાય.

વીજળીપ્રવાહ પૂરો પાડનાર ઇલેક્ટ્રિક સપ્લાય કંપની કટ-આઉટ્સ (Cut outs) અને મીટરો વગેરેને સીલ કરે છે જે તેના મહેકમના માણસો સિવાય બીજા કોઈને તોડવાનો અધિકાર નથી. આથી ગ્રાહકોએ એ સીલો તૂટે નહિ તેની કાળજી રાખવી જોઈએ. ઇંડિયન ઇલેક્ટ્રિસિટીના નિયમ અનુસાર આવી સીલ તોડનાર રૂપિયા બસો સુધીના દંડને પાત્ર થાય છે. ગ્રાહક જો એમ સાબિત કરે કે સીલ ન તૂટે તે માટે તેણે વ્યાજબી એવી બધી જ સંભાળ રાખી હતી તો તે શિક્ષાપાત્ર ઠરતો નથી, પણ તે સિવાયના આવા સંજોગોમાં તે પણ રૂપિયા પચાસ સુધીના દંડને પાત્ર થાય છે.

ગ્રાહક અને ઇલેક્ટ્રિક સપ્લાય કંપની વચ્ચેનાં વીજળીના તારનાં પુરવઠા-દોરડાં નાખવાનો ખર્ચ, જામીનગીરી અનામતના, જોડાણમાંથી પ્રવાહ ગળતો હોય તેના તથા મીટરના ખરાપણાના ઝઘડા ઇલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર સમક્ષ રજૂ થાય છે અને તેમનો નિર્ણય છેવટનો ગણાય છે.

હવે આપણે હમણાંનો છેક સને ૧૯૪૮માં પસાર થયેલો ઇલેક્ટ્રિક (પુરવઠા) ધારો જોઈએ. ખાનગી મંડળો અને સંસ્થાઓ જેમનો હેતુ નફો કરવાનો હોય છે તેઓ શહેરમાં વિદ્યુત્‌પુરવઠો કરવાની તક ઝડપી લેવા જેટલાં ઉત્સુક હોય છે તેટલાં જ અનુત્સુક તેઓ ગ્રામવિસ્તારોમાં ખેતી અને બીજા ઉપયોગ માટે વિદ્યુત્‌પુરવઠો આપવા માટે હોય છે. આથી યુદ્ધોત્તર સમયમાં પુનર્રચના અને વિકાસની દૃષ્ટિએ પ્રાદેશિક ધોરણે સમસ્ત હિંદમાં એકસરખા વીજળીના ઉત્પાદનના વિકાસનો કાર્યક્રમ એ ખૂબ જરૂરી અને અતિ મહત્ત્વની બાબત છે એમ લાગ્યું. એ હેતુ સાધવા માટે ગ્રીડ-પદ્ધતિ દ્વારા જુદા જુદા નિકટવર્તી વીજળીવિકાસના વિસ્તારોને જોડી એક કેન્દ્રસ્થ તંત્રની હેઠળ લાવવા માટે તે તે પ્રાદેશિક સરકારોને આવશ્યક કાયદેસર સત્તા આપવાનું અને અર્ધવ્યાપારી રાહે ગ્રીડ-પદ્ધતિનો અમલ કરવા માટે ઇલેક્ટ્રિસિટી બોર્ડ્ઝ જેવાં અર્ધ-સરકારી સ્વાયત્ત (Semi-autonomous) મંડળો સ્થાપવાનું પણ આવશ્યક બન્યું. સને ૧૯૪૮ના ઇલેક્ટ્રિક (પુરવઠા) ધારા દ્વારા આ કાર્ય સિદ્ધ થયું. આપણે આ વિષયમાં આગળ વધીએ તે પહેલાં આ 'ગ્રીડ' એટલે શું તે જરા સમજી લઈએ. અમુક અંતરે સમાંતર રાખેલા સળિયાના ચોકઠાને ગ્રીડ કહેવામાં આવે છે. આવાં ગ્રીડ ચોકઠાં ભઠ્ઠીમાં કોલસા બાળવા માટે (જાળી તરીકે) વપરાય છે. ઇલેક્ટ્રિકલ એંજિનિયરિંગમાં એકબીજા સાથે જોડાયલી વિદ્યુત્‌વાહક રેષાની જાળીને 'ગ્રીડ' કહેવામાં આવે છે.

'ગ્રીડ'



સરકારને ઇલેક્ટ્રિક માટે રોકવી પડતી જંગી રકમરૂપી મુખ્ય ગેરલાભનો અભાવ અને રાષ્ટ્રિયકરણના બધા જ લાભોની પ્રાપ્તિ એ બે સને ૧૯૪૮ના ઇલેક્ટ્રિક (પુરવઠા) ધારાની વિશિષ્ટતાઓ છે. આ બોર્ડ (મંડળ) સંપૂર્ણ કાર્યક્ષમ અને અદ્યતન સામગ્રીવાળાં ઇલેક્ટ્રિક સ્ટેશનો અપનાવે છે અને જૂનાં અને કાર્યક્ષમતાની દૃષ્ટિએ નકામાં સ્ટેશનોને બંધ કરે છે. આ ધારા હેઠળ એક મધ્યસ્થ વિદ્યુત્મંડળ (સેંટ્રલ ઇલેક્ટ્રિસિટી ઑથોરિટી) સ્થાપવામાં આવ્યું છે જે નીચેનાં કાર્યો કરશે.

૧ દેશની વીજળીશક્તિવિષયક વિકાસલક્ષી નીતિ ઘડવી.

૨ રાજ્યની સરકારે અથવા ઇલેક્ટ્રિસિટી બોર્ડ્ઝ (વિદ્યુત્મંડળો) અને સપ્લાય કંપની અથવા બીજી કોઈ વ્યક્તિ વચ્ચેના ઝઘડાના સમાધાન અર્થે લવાદ તરીકેનું કામ કરવું.

૩ વીજળીવિષયક હકીકત ભેગી કરવાનું તેમ જ આંકડા રાખવાનું કામ કરવું.

૪ નિવેદનો (Reports) અને સંશોધનો પ્રસિદ્ધ કરવાં.

રાજ્યની સરકારોને રાજ્ય ઇલેક્ટ્રિસિટી બોર્ડો (Electricity Boards—રાજ્ય વીજળીમંડળો)ની રચના કરવાની હોય છે. ઇલેક્ટ્રિક ધારાના હેતુઓ અને ઉદ્દેશો પાર પાડવામાં આ મંડળો મુખ્ય ભાગ ભજવતાં હોવાથી તેમને પડદા પાછળની ખટપટોની અસરોથી મુક્ત રાખવા માટે કાયદામાં કડક નિયમનોની જોગવાઈ કરવામાં આવી છે, જે અન્વયે ધારાસભાના સભ્યો આ બોર્ડના સભ્યો થઈ શકે નહિં તેમજ બોર્ડના સભ્યો કોઈ પણ વીજળીવિષયક વ્યવસાયમાં જોડાઈ શકે નહિ એમ ઠરાવવામાં આવ્યું

છે. આ બોર્ડોને વિશાળ અધિકારો આપવામાં આવ્યા છે. તેઓ પોતાનાં વિદ્યુત્પ્રવાહ ઉત્પાદક કેન્દ્રો સ્થાપી શકે છે તેમ જ બીજાં કેન્દ્રોને તેમના તાબાનાં કેન્દ્રો (Controlled stations) તરીકે ઓળખાવે છે. તેઓ કોઈ પણ વિદ્યુત્ઉત્પાદન કેન્દ્રને બંધ કરી તેને વહેંચણી કેન્દ્રના સ્વરૂપમાં ફેરવી નાખી તેને માત્ર વીજળીશક્તિ પૂરી પાડે છે. તેઓ ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીને તગાવી આપે છે તેમ જ તેમનાં ક્ષેત્રોનો વિકાસ અને વિસ્તાર કરવા સૂચન કરે છે. કોઈપણ ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીની વીજળીપ્રવાહ વહેંચવાની વિદ્યુત-વાહક રેષાની ખરીદી અથવા ઉપયોગ કરી શકે છે.

'ગ્રીડ-પદ્ધતિ'ના ફાયદા નીચે પ્રમાણે છે:—

૧ મૂડીરૂપી ખર્ચનો બચાવ. મોટાં અને આર્થિક દૃષ્ટિએ પોષાય તેવાં યંત્રોના ઉપયોગથી આ શક્ય બને. વળી આમ કરવાથી વધારાના (Spare) યંત્રની જરૂર ઓછી પડે.

૨ ગ્રીડ-પદ્ધતિથી ઉત્પાદક મશીનો પહેલાં કરતાં વધારે લોડ ફેક્ટરથી ચલાવવામાં આવતાં હોવાથી પણ કરકસર થઈ શકે છે.

૩ આંતર સંયોજન પદ્ધતિ (Inter-Connected System) હોવાથી એક સ્થળે કાંઈ બગાડ થાય તો બીજા પુરવઠા-કેન્દ્ર દ્વારા પ્રવાહ આપી શકાય છે.

સુસંયોજિત વિકાસ દ્વારા પુરવઠા અને વોલ્ટેજની પદ્ધતિઓનું એકસરખું ધોરણ નક્કી થઈ શકે. આ બાબતમાં એકસરખાં ધોરણો ન હોવાથી ઘણી અગવડ અને પૈસાનો દુર્વ્યય થાય છે. દાખલા તરીકે એક જણની બદલી નવસારીથી બિલિમોરા થાય તો પોતે જે વિદ્યુત સાધનોનો ઉપયોગ નવસારીમાં કરતો હતો તે બિલિમોરામાં વાપરી શકતો નથી. મુંબઈમાં પણ કાલબાદેવી વિસ્તારમાંથી ગિરગામ વિસ્તારમાં ઘર બદલનારને આ જ અગવડ નડે છે. પરિણામે એ સાધનોનો ઉપયોગ કરવા માટે એને વધારાના ખર્ચના બોજામાં ઊતરવું પડે છે. આમ ધોરણ વગરની પદ્ધતિ શહેરની તથા ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીની પ્રગતિ અને વિકાસમાં અવરોધરૂપ બને છે, કારણ કે ઇલેક્ટ્રિક મોટર કે એવાં બીજાં સાધનોના ધંધામાં પણ વગરધોરણ (Non-standard)ની વસ્તુઓ માટે ઉપયોગી છૂટા ભાગો વગેરેની બનાવટ ખાસ કરવાની હોઈને મોંઘી થઈ પડે છે; જ્યારે ઠરાવેલા ધોરણની વસ્તુઓનું ઉત્પાદન મોટા પાયા પર થતું હોવાથી તે પ્રમાણમાં સોંઘી પડે છે.

નવા ધારા અનુસાર ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીના નફાનું પણ નિયંત્રણ કરવામાં આવે છે અને વાપરનારાઓના હિતનો ખ્યાલ એક નવી જ રીતે કરવામાં આવે છે. 'વાજબી બદલો' (Reasonable Return)ના સ્વરૂપમાં મૂડી ઉપર પાંચ ટકાથી વધારે નહિ એટલો જ નફો ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીને કરવા દેવામાં આવે છે. કોઈ પણ વર્ષમાં આ ઠરાવેલા ધોરણ કરતાં વધારે ચોખ્ખો નફો થયો હોય તો 'વાજબી બદલા'ના ૭½ ટકાથી વધારે ન હોય એવા એ વધારાના નફાનો ત્રીજો ભાગ ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીના હસ્તક રહેશે. બાકી રહેલી રકમમાંથી અડધો ભાગ Tariffs and Dividend Control એટલે કે ભાવ અને નફાનિયમનભંડોળમાં અનામત તરીકે જશે. (આ અનામતમાંથી જે વર્ષમાં ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીને 'વાજબી બદલા' કરતાં જેટલા પ્રમાણમાં ઓછો નફો થયો હશે તેટલા પ્રમાણમાં રકમ મળશે.) બીજી અડધોઅડધ રકમ ગ્રાહકોને વળતર આપવા માટે રાખવામાં આવશે.

આ સમજવા માટે આપણે એક દાખલો લઈએ:

ધારો કે, મૂડીરોકાણ રૂા. ૪૦,૦૦,૦૦૦ હોય અને તેના પર ચોખ્ખો નફો રૂા. ૨,૪૨,૦૦૦ થયો. હવે પાંચ ટકા લેખે વાજબી બદલો રૂા. ૨,૦૦,૦૦૦ થાય. એટલે કે વાજબી રીતના બદલા ઉપરાંતનો ચોખ્ખો નફો રૂા. ૪૨,૦૦૦ થાય. આ રકમનો ⅓ અંશ એટલે કે રૂા. ૧૪,૦૦૦—જે ૨,૦૦,૦૦૦ના ૭½ ટકાથી ઓછી રકમ છે, જે ઇલેક્ટ્રિક સપ્લાય કંપની પાસે રહેવાની છે. બાકીના રૂા. ૧૪,૦૦૦ 'ભાવ અને નફાનિયમનભંડોળ' (Tariff and Dividend Control Reserve)માં અને છેવટના રૂા. ૧૪,૦૦૦ ગ્રાહકોને વળતર આપવા ખાતે રખાય છે.

જો ચોખ્ખા નફાની રકમ રૂા. ૨,૬૦,૦૦૦ હોય (તે ઉપરાંતની રકમ હોય તો ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીએ વિદ્યુતવપરાશ માટે ઠરાવેલા ભાવોમાં ઘટાડો કરવો પડે) તો—

વાજબી મળવાપાત્ર થતી રકમના ઉપરાંતની ચોખ્ખા નફાની રકમ રૂ. ૬૦,૦૦૦ થાય.

આ રકમનો ⅓ ભાગ એટલે રૂ. ૨૦,૦૦૦ વાજબી મળવાપાત્ર રકમના ૭½ ટકાથી વધારે છે.

એટલે ૭½ ટકાના હિસાબે તો ઇલેક્ટ્રિક સપ્લાય કંપની પાસે રૂ. ૧૫,૦૦૦ જ રહેવાના.

બાકીના રૂ. ૪૫,૦૦૦માંથી અડધા એટલે કે રૂ. ૨૨,૫૦૦ 'ભાવ અને નફાનિયમનભંડોળ'માં જશે અને રૂ. ૨૨,૫૦૦ ગ્રાહકોને વળતર આપવામાં વપરાશે.

આથી સ્પષ્ટ થશે કે ઇલેક્ટ્રિક સપ્લાય કંપની પાસે ચોખ્ખા નફાની વધારેમાં વધારે રકમ ૫.૩૭૫ ટકા જેટલી હોઈ શકે.

વળી ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીએ ચોખ્ખા નફાની રકમ વાજબી રીતે મળવાપાત્ર થતી રકમ કરતાં વધે નહિ એ રીતે વિદ્યુતવપરાશના ભાવો ઠરાવવા જોઈએ.

રાજ્યની સરકાર હવે ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીએ ઠરાવેલા ભાવોની તપાસ કરવા માટે ભાવતપાસ સમિતિ ( Rating Committee ) નિયુક્ત કરી શકે છે.

ઇંડિયન ઇલેક્ટ્રિસિટી એક્ટ અનુસાર, ઇલેક્ટ્રિક સપ્લાય કંપની પોતાનું કારખાનું ( Undertaking ) 'વાજબી બજાર કિંમત' લઈને વેચવા બંધાયેલી છે. આ 'વાજબી બજાર કિંમત' વિષે વધુ સ્પષ્ટતા થઈ ન હતી. નવા ધારા પ્રમાણે આ કિંમત એટલે રાજ્ય તરફથી આ કાર્ય માટે નિયુક્ત થયેલા હિસાબ તપાસનીસ તરફથી, જે રકમ ખરેખર કારખાનાની સ્થાપના અને ઇતર આનુષંગિક ખર્ચ પેટે વપરાઈ હોય તેમાંથી ઘસારા અંગેની રકમ બાદ જતાં, જેટલી રકમનો દાખલો આપવામાં આવે તેટલી રકમ સમજવાની છે. આ રકમમાં બોર્ડ ઠરાવે તેટલી રકમ વાજબી વળતરરૂપે ઉમેરી શકાય છે.

હવે આપણે વિદ્યુતવપરાશના સામાન્ય ભાવોનું સ્વરૂપ સમજીએ. રસ્તાના ચાલનાર માણસને એમ લાગે છે કે એક યુનિટ ( એકમ ) વીજળીના ઉત્પાદનનો ખર્ચ તો સરખો જ આવે છે છતાં પણ પ્રકાશ વગેરે માટે વપરાતી વીજળીના દર કારખાનાંમાં વપરાતી વીજળીના દર કરતાં વધારે શા માટે હોવા જોઈએ ?

આ ભાવોનું નિયમન કરતી બે બાબતો છે :—

૧. વૈકલ્પિક પદ્ધતિનું ખર્ચ (Cost of alternative method).

૨. બોજાની બાબત (Load factor).

ઔદ્યોગિક હેતુઓ માટે વીજળીશક્તિની કિંમત ઓછી હોવી જોઈએ, કારણુ જો કિંમત વધારે હોય તો વાપરનાર વ્યક્તિ આવી શક્તિ ઉત્પન્ન કરનારાં બીજાં વૈકલ્પિક સાધનો શોધશે, જેમકે ડીઝલ એંજિનો, સ્ટીમ એંજિનો વગેરે. બીજું કારણુ એ છે કે ઔદ્યોગિક કારખાનાંનો લોડ-ફેક્ટર કારખાનું જેટલા વધારે કલાક ચાલે તેટલા પ્રમાણુમાં વધતો જાય છે, અને કારખાનાએ ખરચેલી મૂડી વધારે પ્રમાણુમાં વપરાતી હોવાથી પરિણામે એકમ દીઠ સરાસરી ખર્ચની રકમ ઓછી થાય છે.

પરંતુ પ્રકાશ માટે આટલી અનુકૂળ અને સ્વચ્છ રીત ગ્રાહકને ઉપલબ્ધ નથી; માટે જ ભાવવધારો આપવા તે રાજી હોય છે. દાખલા તરીકે એક ગ્રાહકના ઘરમાં ૨૫ વૉટની ૨૦ બત્તીઓ છે. તે કદાચ એમાંથી પાંચ કે છનો જ ઉપયોગ કરે છે અને તે પણુ આખા દિવસમાં ત્રણુચાર કલાક માટે જ. હવે ૨૫ વૉટની ૨૦ બત્તીઓના સંયુક્ત બોજાને કારણે ઉત્પાદક કારખાનાંને તો ૦.૫ કિલોવૉટ જેટલો પુરવઠો અનામત રાખવો પડે છે, કારણુ ગ્રાહકને પોતાના ઘરમાં કોઈ વાર એકીસાથે વીસે બત્તીઓ સળગાવવી હોય તો તે તેમ કરી શકે. ઉત્પાદક કારખાનાંને આ ૦.૫ કિલોવૉટના બોજા જેટલી વિદ્યુતશક્તિ ચોવીસે કલાક અનામત રાખવા માટે એટલી મૂડી ખર્ચવી પડે છે—વસ્તુતઃ ઘરાક એમાંથી કેવળ ૦.૧૫ કિલોવૉટ માત્ર ત્રણુચાર કલાક માટે વાપરતો હોય છતાંય. આથી વિદ્યુત-કારખાનાંને પ્રકાશ માટેની વીજળીશક્તિના ઉત્પાદનનો ખર્ચ વધારે જ આવે છે. એક કાલ્પનિક દૃષ્ટાંતથી આ બાબત સ્પષ્ટ થશે. ધારો કે ૨૦૦૦ કિલોવૉટ વિદ્યુતશક્તિ ઉત્પન્ન કરનાર કારખાનાને મૂડીના વ્યાજ, ઘસારાફંડ, મહેકમખર્ચ વગેરેના મળી સ્થાયી ખર્ચના દરેક મહિને રૂ. ૧૫,૦૦૦ ખરચવા પડે છે, ભલે પછી ગ્રાહક ગમે તેટલા કલાક વીજળીશક્તિનો ઉપયોગ કરતો હોય, અને માત્ર એક યુનિટના ઉત્પાદન માટે બળતણુ તરીકે વપરાતા તેલનો તથા સ્નિગ્ધ દ્રવ્ય (Lubricant) તરીકે વપરાતા તેલ વગેરેનો ચાલુ ખર્ચ ગણુતાં એક યુનિટની કિંમત સવા આનો થતી હોય. આ ચાલુ ખર્ચનો હિસાબ દર મહિને દર કિલોવૉટે રૂા. ૭-૮-૦ થાય, એટલે કે રોજના એક કિલોવૉટના ચાર આના થાય.

એક દાખલો લઈએ, જેમાં સંયુક્ત બોજો ૩ કિલોવૉટનો છે અને પ્રકાશ માટે એક કિલોવૉટનો બોજો ઉપયોગમાં લેતાં રોજના ચાર કલાક લેખે ચાર યુનિટનો વપરાશ થાય છે.

તો સ્થાયી ખર્ચ થશે ૩ કિલોવૉટ × ૪ આના = ૧૨ આના.
ચાલુ ખર્ચ થશે ૪ યુનિટ × ૧$\frac{1}{4}$ ,, = ૫ આના.
ચાર યુનીટના ૧૭ આના.
એટલે કે એક યુનિટના = ૪$\frac{1}{4}$ આના.

તે જ પ્રમાણે ધારો કે એક ૩ કિલોવૉટના બોજાવાળી એક ઇલેક્ટ્રિક મોટર જે બે કિલોવૉટના સરાસરી બોજા સાથે આઠ કલાકના ૧૬ યુનિટ વિદ્યુત્‌શક્તિ વાપરે છે.

તો તેનો સ્થાયી ખર્ચ થશે ૩ × ૪ = ૧૨ આના.
ચાલુ ખર્ચ થશે ૧૬ × ૧$\frac{1}{4}$ = ૨૦ આના.
એટલે કે ૧૬ યુનિટ માટે ૩૨ આના.
દર યુનિટે = ૨ આના.

આ ઉપરાંત બીજી કેટલીક બાબતો છે જે સીધી રીતે ઇંડિયન ઇલેક્ટ્રિક એક્ટની મર્યાદામાં આવતી નથી છતાં વીજળીપુરવઠા સાથે બહુ નિકટનો સંબંધ ધરાવે છે. એ સૌનો નિર્દેશ આ ભાષણમાં ન કરવામાં આવે તો એ અધૂરું ગણાય.

આ બાબતો છે :—

૧ સરકારી ઇલેક્ટ્રિસિટી વેરા અંગેનો મુંબઈનો નાણાંધારો.
૨ જાહેર મનોરંજન સ્થળો માટેના નિયમો.
૩ ઇલેક્ટ્રિસિટી ભાવવધારા ( Surcharge ) ધારો.
૪ ઇલેક્ટ્રિસિટી આકસ્મિક અધિકાર ( Emergency powers ) ધારો.

## સરકારી વિદ્યુતવેરો

સને ૧૯૩૨ના મુંબાઇ નાણાંધારા અનુસાર સરકારે તાત્કાલિક સ્વરૂપનો વીજળીવેરો ( Duty ) શરૂ કર્યો પરંતુ દુર્ભાગ્યે પછી તો એ પ્રતિવર્ષ ચાલુ રહ્યો છે એટલું જ નહિ પણ એમાં વધારો પણ થયો છે. દાખલા તરીકે મુંબાઈની બાબતમાં આ વેરો શરૂઆતમાં ૧૨$\frac{1}{2}$ ટકા હતો પણ હવે તે વધીને ૬૨$\frac{1}{2}$ ટકા જેટલો થયો છે. દેશના ઉદ્યોગીકરણમાં વીજળી-ઉત્પાદન મહત્ત્વનું હોઈ તેને વેરામુક્ત રાખવું જોઈએ, કારણ કે નહિ તો ઔદ્યોગિક પ્રગતિમાં તે અવરોધરૂપ બને છે. મધ્યસ્થ સરકારની જાહેર થયેલી નીતિ તો જેમ બને તેમ વીજળી

ઓછા દરે મળે તેમ કરવાની છે, પરંતુ જો રાજ્યો તેના પર વેરો નાખે તો એ સોંઘી ન મળે એ સ્પષ્ટ છે. મક્કમ નીતિ તો એ હોવી ઘટે છે કે આવો વેરો જ્યાં લાગુ પડેલો હોય ત્યાંથી કાઢી નખાય. આપણે ત્યાંનો વિદ્યુત્‌વેરો બિલકુલ અપૂર્વ છે, કારણ દુનિયાના કોઈ પણ દેશમાં આવો વેરો છે જ નહિ. જો આ વેરો ન કઢાય અથવા જો હાલ ન કાઢી શકાય તો સ્થાનિક મંડળોને એ ઉપજનો અમુક હિસ્સો તેમના ઉપયોગ માટે મળવો જોઈએ.

## થિયેટરો માટેના નિયમો

ડિસ્ટ્રિક્ટ પોલીસધારા અન્વયે મુંબઈ સરકારે જાહેર મનોરંજનનાં સ્થળોને પરવાના આપવા માટેના નિયમો ઘડ્યા છે. આ નિયમો અનુસાર પરિશિષ્ટ 'સી'માં થિયેટરોમાં ઇલેક્ટ્રિક જોડાણ કેવી રીતે કરવું જોઈએ અને તે પ્રમાણે જળવાવું જોઈએ એ વિષે નિર્દેશ કરવામાં આવ્યો છે. વળી લોકોની સલામતી માટે તેમાં સાવચેતીનાં પણ સંખ્યાબંધ સૂચનો કરવામાં આવ્યાં છે.

ઇલેક્ટ્રિક ઇન્સ્પેક્ટર અથવા તેનો મદદનીશ આવાં સ્થળોની વરસમાં એક વાર તપાસણી કરે છે અને જાહેર મનોરંજનના કોઈ પણ સ્થળ માટે વીજળીની પરવાનગી માટે આ અમલદારોનો દાખલો મેળવી લેવાનું આવશ્યક છે.

## વિદ્યુત દરવધારા ધારો

લડાઈ દરમ્યાન ડીઝલ તેલ અને બીજાં વિદ્યુત્-ઉત્પાદન અને વહેંચણીને અંગે વપરાતાં સાધનોની કિંમત ઘણી વધી ગઈ હતી અને ઇલેક્ટ્રિક સપ્લાય કંપની ગ્રાહકો પાસેથી તેમના પરવાનામાં ઠરાવી આપેલા વધારેમાં વધારે દર પ્રમાણે પૈસા લેતા હોવાથી તે વખતના કાયદા અનુસાર ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીની દરવધારા માટેની પરવાનગીની માગણી ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હતું. આથી મુંબઈ સરકારે સને ૧૯૪૬માં વિદ્યુત (દરવધારા) ધારો પસાર કર્યો, જે દ્વારા લાઈસન્સદારોને તેમના દરના ૩૩$\frac{1}{3}$ ટકા જેટલો ભાવવધારો લેવાની પરવાનગી આપવામાં આવી. આ કાયદો ત્રણ વર્ષ પૂરતો હતો અને સને ૧૯૪૬-માં એ મુદત પૂરી થઈ. આ મુદત પછી ભાવવધારો લઈ શકાય તેમ ન હોવાથી ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીઓએ સને ૧૯૪૮ના વિદ્યુત (પુરવઠા) ધારાનો આશ્રય લીધો. આ ધારા અનુસાર તેમને પાંચ ટકાનો વાજબી બદલો રહે એ પ્રમાણે

બંધબેસતો ભાવવધારો કરવાની તેમને પરવાનગી હતી. જેમની બાબતમાં ભાવો ખૂબ વધારે હતા, એવા કેટલાકે આ સામે વિરોધ જાહેર કર્યો. આથી સરકારે ઠરાવ્યું કે લાઇસન્સદારોએ સને ૧૯૪૬ના વિદ્યુત (દરવધારા) ધારાની મુદ્દત પૂરી થયા પહેલાંના દરો (વધારા સાથે) ચાલુ રાખવા અને આ ભાવોને છેવટનું સ્વરૂપ આપવા માટે ભાવનિયમન સમિતિની નિમણૂક કરવામાં આવશે એમ ઠરાવ્યું.

## વિદ્યુત (આકસ્મિક અધિકાર) ધારો

સને ૧૯૪૬માં મુંબઈ સરકારે એક બીજો વિદ્યુત (આકસ્મિક અધિકાર—Emergency Powers) ધારો પસાર કર્યો. આ ધારા અનુસાર સરકાર કોઈ પણ ગ્રાહકને પોતાનો વીજળી વપરાશ ઘટાડવાનો હુકમ કરી શકતી અને જો તે એથી વિરુદ્ધ પ્રકારનું વર્તન કરે તો ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીને તે ગ્રાહકનો વીજળીપુરવઠો ઓછો કરવાની અથવા તો સમૂળગો બંધ કરવાની સત્તા આપી શકતી હતી. આ ધારા અનુસાર સરકારે ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીઓનું નિયમન કર્યું, એટલું જ નહિ પણ ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીઓને પણ ગ્રાહકોને જોડાણો આપતા પહેલાં સરકારની પરવાનગી લેવાની ફરજ પાડી.

વિલાયતમાં તો લાંબા સમયથી એ પ્રથા જ છે કે સ્થાનિક વીજળી-પુરવઠા કેન્દ્રોની વ્યવસ્થા જે તે સ્થાનિક સંસ્થા જ સંભાળે. વળી અનુભવથી એ પણ સમજાયું છે કે સામાન્યતઃ સ્થાનિક સત્તા દ્વારા સંચાલિત વીજળીકેન્દ્રો એવા જ પ્રકારનાં બીજાં વીજળીકેન્દ્રો જે ભાવે વીજળીશક્તિ આપે તેના કરતાં ઓછા ભાવે આપી શકે. પણ બીજે પક્ષે એ પણ સમજાયું છે કે તેમના વહીવટી તંત્રનું સ્વરૂપ જોતાં એમાં પ્રગતિશીલ વિકાસની નીતિને સ્થાન નથી. ખાતાના ઉપરીને ઘણા જ મર્યાદિત પ્રમાણમાં સત્તાઓ આપવામાં આવે છે અને નાની નાની બાબતોમાં તેને સમિતિની અથવા સમગ્ર સભાની પરવાનગી લેવી પડે છે, જેના પરિણામે કેન્દ્રનો વિકાસ અટકે છે. વિદ્યુત સમિતિ સામાન્યતઃ વિદ્યુતના અર્થતંત્રનો અને તેના વિકાસનો જેમને કશો ખ્યાલ ન હોય એવા સભ્યોની બનેલી હોય છે. આ સભ્યો માત્ર ખરચાયેલી મૂડી અને તેમાંથી થનારા તાત્કાલિક મળતરમાં જ વધુ રસ લે છે. આવા સંજોગોમાં ખાતાના મુખ્ય અધિકારીને ઘણી વાર પોતાની ભલામણોને અભરાઈએ ચઢાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. ઇલેક્ટ્રિકલ એંજિનિયરે

રજૂ કરેલા નવા ખરચની ભલામણોને યોગ્યતાની દૃષ્ટિએ તપાસી સમિતિ તેનું સાચું મૂલ્યાંકન ન કરી શકે ત્યારે ઘણી વાર કેન્દ્રને તેના વિકાસ માટે પૂરતું ધ્યાન મળતું નથી. સમિતિનું ધ્યાન એવી નાની વિગતોમાં કેન્દ્રિત થયેલું હોય છે કે જેનો ખ્યાલ ખરી રીતે તો ઇલેક્ટ્રિકલ એંજિનિયર અને તેમના વહીવટી અમલદારોએ રાખવો ઘટે છે. લોકશાહી પદ્ધતિએ રચાયલી બધી જ સંસ્થાઓને આ મુશ્કેલી નડે છે.

હવે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના આ વિષય ઉપરના અગ્રલેખમાંથી એક અવતરણ તમારી સમક્ષ રજૂ કરું છું :—

કલકત્તા મ્યુનિસિપલ કૉરપોરેશનની પુનર્વ્યવસ્થાને અંગે કારોબારી (Executive) અને ધારાધોરણવિષયક (Legislative) કાર્યોને જુદાં પાડવા આગ્રહભર્યું સૂચન કરનાર તપાસપંચને એ વિધાન કરવાની ફરજ પડી કે જેટલો સમય લોકપ્રતિનિધિઓ તરફથી દરમિયાનગીરીરૂપી કાર્યાવરોધ ન હતો તેટલો સમય સંસ્થા (કૉરપોરેશન) ખૂબ પ્રગતિશીલ રહી હતી. આ વિધાનનું સત્ય એ પછીના વિકાસમાં સ્પષ્ટ રીતે પ્રતીત થાય છે, કારણ વહીવટી અમલદાર (Administrative officer)ના હાથ તળે કલકત્તાની નાગરિક બાબતોમાં ચોખ્ખો સુધારો માલૂમ પડ્યો હતો. કારોબારી અને ધારાવિષયક કાર્યવ્યવસ્થા જુદી પાડવાથી મુંબઈનો સ્થાનિક વહીવટ પણ સામાન્યત: સંતોષજનક રીતે ચાલે છે. કારોબારીનાં સમય અને ધ્યાન રોકતી સંખ્યાબંધ સમિતિઓ બંધ થવાથી એથી પણ વધારે સુધારણાની સંભાવના રહે છે. આવું જ બીજું દૃષ્ટાંત પૂનાનું છે. બે વર્ષ પૂર્વે ત્યાંની સુધરાઈનો કારભાર સુધરાઈ કામદાર (Municipal Commissioner)ના તાબા હસ્તક ગયો ત્યારથી પૂનાએ નોંધપાત્ર નાગરિક પ્રગતિ કરી છે. સુધરાઈ કામદાર શ્રી. એસ. જી. બર્વે શહેરીઓના તેમ જ સલાહકાર મંડળના પ્રશંસાપાત્ર બન્યા છે. સુધરાઈનું સને ૧૯૪૯-૫૦નું વાર્ષિક નિવેદન જોતાં સાચે જ એ અમલદારની ધગશ અને સાહસિકતાના ગુણોની પ્રતીતિ થાય છે.

કાયદાથી સભ્યોને કારોબારીના કામકાજમાં દરમ્યાનગીરી કરતાં અટકાવવામાં આવ્યા ન હોત તો તેમના સર્વ પ્રયત્નો નકામા ગયા હોત એમ ચોક્કસપણે લાગ્યા વિના રહેતું નથી. પહેલાંની સુધરાઈનો કારભાર ખૂબ જ અસ્તવ્યસ્ત હતો. સુધરાઈ કામદાર જણાવે છે : "ભૂતપૂર્વ મુખ્ય અમલદારે

(Chief officer) મારી પાસે એકરાર કર્યો છે કે પોતાની આજુબાજુ શત્રુઓ જમા કર્યા સિવાય એક કારકુન કે પટાવાળાની બદલી કરવાનો પ્રસ્તાવ પણ તે મૂકી શકતો ન હતો." આ વિધાન ઘણીખરી સંસ્થાઓની બાબતમાં કેટલું બંધબેસતું છે !

આથી જો સ્થાનિક સત્તાવાળાઓને ધંધાદારી રાહે ઇલેક્ટ્રિક પુરવઠાકેન્દ્રો ચલાવવાં હોય તો કારોબારીને તેમણે વિશાળ અધિકારો આપવા જ જોઈએ. હું માનું છું કે સરકારે આવી મહત્ત્વની બાબત માટે એક સમિતિ નિયુક્ત કરવી જોઈએ અને સુધરાઈના ધારામાં જરૂરી સુધારા દાખલ કરવા જોઈએ. અત્યારના સુધરાઈના ધારા, જે સમયમાં વીજળીપુરવઠાનું કામકાજ સુધરાઈઓને હસ્તક ન હતું ત્યારે ઘડાયા છે, અને હવે જ્યારે સુધરાઈઓએ વીજળી-પુરવઠાની જવાબદારી માથે લીધી છે ત્યારે ધારામાં ઇલેક્ટ્રિક એંજિનિયર માટેના કોઈ વિશિષ્ટ અધિકારોના નિર્દેશના અભાવે, તેમ જ (સુધરાઈ) પોતે થઈને તેમને ઉચ્ચ અધિકારો આપવા તૈયાર ન હોવાથી મુખ્ય અમલદારના અધિકારો ઇલેક્ટ્રિકલ એંજિનિયરને આપવામાં આવ્યા છે, જે ધંધાદારી રીતે વીજળીકેન્દ્ર ચલાવવા માટે બિલકુલ અપૂરતા છે. વળી આવા અધિકારોના અભાવે ખાતાનો વડો અધિકારી જે એક વિદ્યુત્-નિષ્ણાત છે તેને ફરજિયાત રીતે ઘણી લખાવટ કરવી પડે છે, જેથી પોતાની ફરજ બજાવવા માટે જ તેની પાસે અપૂરતો સમય છે તેમાં આ વધારાની કામગીરી એને એક મુખ્ય કારકુન જેવો બનાવી મૂકે છે ! સુધરાઈનો ભય એ છે કે આવા અધિકારો આપવામાં આવે તો તેમનો દુરુપયોગ થશે. પણ આવો ભય રાખવાની જરૂર જ શી છે ? જો સરકારી માલિકીની, કંપનીસંચાલિત વીજળીની સંસ્થા ખાતાના વડાને વિશાળ અધિકારો આપી કાર્યક્ષમ રીતે ચલાવી શકાતી હોય તો સુધરાઈની માલિકીની વીજળીની સંસ્થા પણ તે રીતે કેમ ન ચાલી શકે? અને સલામતીના એક પગલા તરીકે રાજ્યોની સરકારો પાસેથી કામના અનુભવી, કાર્યક્ષમ અને વિશ્વાસુ નિષ્ણાતોની ઉછીની નોકરી લઈ શકાય. વળી અધિકારોનો દુરુપયોગ થાય તેને માટેના પણ ઉપાયો છે. અત્યારની પરિસ્થિતિ તો બાળક ખુરસી પરથી પડી જશે એ બીકે તેને ખુરસી સાથે બાંધી મૂકવા જેવી છે. જો તમે એ બાળકને ચાલવા કે દોડવા નહિ દો તો એનો વિકાસ કેવી રીતે થશે ? ચાલવાની ક્રિયામાં એ પડે પણ ખરું, પણ તેટલા ખાતર કાંઈ તેના સમસ્ત વિકાસની ક્રિયાને અટકાવી ન શકાય.

## પોળોની પ્રકાશવ્યવસ્થા

સુધરાઈએ રસ્તાની દીવાબત્તી એટલા પ્રમાણમાં યોજવી જોઈએ કે જેથી કોઈ પણ ઠેકાણે અંધારું રહેવા ન પામે. રસ્તા પરની બધી દુકાનો બંધ હોય છતાં મોટર ચલાવનાર તે રસ્તા પર માત્ર પોતાની મોટરની પાર્કિંગ લાઈટ્સના પ્રકાશમાં પણ રસ્તાની દીવાબત્તીઓના આધારે મોટર ચલાવી શકે એવા પ્રકારની પ્રકાશયોજના હોવી જોઈએ. સુધરાઈઓ જો યોગ્ય ઉપાયો લે તો અપૂરતા પ્રકાશને કારણે થતા પ્રાણહારક અકસ્માતોની સંખ્યામાં ઘણો મોટો ઘટાડો થાય. આ કાર્ય અનુભવી અને પોતાના કામમાં ખૂબ પાવરધા એવા પ્રકાશયોજનાના નિષ્ણાત એંજિનિયરને સોંપવું જોઈએ, અને કયે ઠેકાણે કેટલી બત્તીઓ કેટલા તેજવાળી જોઈશે વગેરે સૌ વિગતો કોઈપણ પ્રકારની બહારની નડતર સિવાય તેની વિવેકશક્તિ પર છોડી દેવી જોઈએ. આવી પ્રકાશવ્યવસ્થાથી અકસ્માતો તો ઓછા થશે, એટલું જ નહિ પણ સંખ્યાબંધ ગરીબો કે જેઓ પોતાનાં ઘરોમાં વીજળી લઈ શકતા નથી તેમને પણ તેનાથી મોટો લાભ થશે. જો તેમનાં ઘર સુપ્રકાશિત પોળોમાં હશે તો તેનો થોડો પ્રકાશ તેમના ઘરમાં પણ આવશે. વળી આવી સુપ્રકાશિત દીવાબત્તીથી રાત્રે થતા ગુનાનું પ્રમાણ પણ ઓછું થશે.

ઇલેક્ટ્રિક સપ્લાય કંપનીઓ જો મોટા નફા કરશે તો તેમને ફરજિયાત રીતે ભાવઘટાડો કરવો પડશે. હવે દીવાબત્તી માટે એક યુનિટે એક પૈસાના ભાવઘટાડાની વાપરનાર પર શી અસર થશે તે જોઈએ. હિંદમાં વીજળીની દીવાબત્તીઓ વાપરનારાઓમાં ધનિકો તથા મધ્યમ વર્ગ અને નીચલો મધ્યમ વર્ગ—આટલાનો સમાવેશ થાય છે. એક કુટુંબનું વીજળી બળતણખર્ચ માસિક સરાસરી ૧૬ યુનિટથી વધારે ન થાય. આથી મહિને ૧૬ પૈસા, એટલે કે ચાર આનાનો બચાવ થાય, જે અત્યારનું ખર્ચાળ જીવનધોરણ જોતાં કેવળ નજીવો ગણાય. પણ વડોદરા જેવા શહેરમાં તો સરવાળે વરસે દિવસે આ રકમ રૂા. ૪૦,૦૦૦ જેટલી થાય. આટલી રકમ ખાતાની કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે તેમજ સુપ્રકાશિત રસ્તાની દીવાબત્તીઓની વ્યવસ્થા માટે બહુ જ સારી જેવી ગણી શકાય. મુંબઈની સુધરાઈએ આ દિશામાં જે આગેવાની લઈ દિશાસૂચન કર્યું છે તે બીજી સુધરાઈઓ માટે પણ અનુકરણીય છે.

## સંદર્ભગ્રંથો.

J. W. Meares—The Law relating to electrical energy in India and Burma.

Karam Narain Kapur—The Electricity (Supply) Act (LIV of 1948).

F. Hamlyn Dennis—Electricity—Public or Private monopoly ?

M. V. Pant Vaidya—Simple Economics of Electric Supply Industry.

# સુધરાઈનું અર્થવિધાન

**મે. પ્રમુખસાહેબ, ભાઈઓ અને બહેનો,**

ભારતવર્ષમાં જુદા જુદા કાળમાં જુદી જુદી જાતની રાજ્યવ્યવસ્થા જોવામાં આવે છે. પ્રજાસત્તાક ગણુરાજ્યો, રાજસત્તાક રાજ્યો વગેરે જુદાં જુદાં ઘટકો આપણા ઇતિહાસમાં આપણે જુદા જુદા સમયે જોઈએ છીએ; છતાં પણ આ ઇતિહાસ તરફ નજર નાંખતાં એક વસ્તુ આપણને સ્પષ્ટ જણાઈ આવે છે કે, રાજ્યનો કારભાર ગમે તે સત્તાને હસ્તક હોય છતાં જનસમૂહનો તેમાં અવાજ હતો અને જનસમૂહનાં જુદાં જુદાં ઘટકો પોતાના દરરોજના વ્યવહારમાં રાજ્યથી સ્વતંત્ર રીતે પોતાનો કારભાર ચલાવતાં હતાં. આ કારભાર વ્યવસ્થિત મહાજનો, પંચો દ્વારા ચાલતો હતો અને તે રાજ્યમાન્ય હતો. એટલે ભૂતકાળમાં આપણે આપણો વ્યવહાર લોકશાસનની દૃષ્ટિએ ચલાવતા. તે માટે દરેક ગામે પંચાયતોની સ્થાપનાઓ થઈ હતી અને આ પંચાયતો પોતાના ગામ પૂરતો, પોતાના જીવનવ્યવહારની હરહંમેશની જરૂરિયાતો—જેવી કે સ્વચ્છતા, શિક્ષણ, રસ્તાઓ, કૂવા, તળાવો, ધર્મશાળાઓ, દવાખાનાંઓ, ગૌચરો વગેરેનો વ્યવહાર પોતે લોકશાસનની રીતે ચલાવી લેતી હતી; એટલું જ નહિ, પરંતુ આ સંસ્થાઓ કેટલેક અંશે પોલીસ અને ન્યાયના વિભાગોનું કામકાજ સંભાળી લઈ સમાજરચનામાં મહત્ત્વનો ભાગ પણ ભજવતી હતી.

૨. મહાજનો અને પંચાયત જેવી સંસ્થા જે મહત્ત્વનું કામ કરતી હતી તે સંસ્થાઓને પોતાનો કારભાર ચલાવવા નાણાંની પણ જરૂર પડતી અને તે માટે પણ કેટલીક વ્યવસ્થા થયેલી હતી. પંચાયતના કામકાજ માટે જોઈતાં નાણાં જે તે ગામનાં કેટલાંક ઉત્પન્નમાંથી મળી રહેતાં તથા કેટલીક રકમો તેઓ સૌ સૌની આર્થિક સ્થિતિ અનુસાર ફાળાઓ દ્વારા પણ ઉઘરાવતા. જે તે કામની જરૂરિયાત પૂરતાં નાણાં ગામમાંથી ઘર દીઠ અંગમજૂરી, માલસામાન અગર રોકડ ફાળાના રૂપમાં ઉઘરાવી જે તે સ્થાનિક જરૂરિયાત પૂરી કરી લેવામાં આવતી હતી. આ છે આપણા પુરાણા કાળની પંચાયતોની નાણાંકીય વ્યવસ્થા. આ વ્યવસ્થા ઘણી જ સુંદર અને સપ્રમાણ હોવાથી ગામનો દરેક ઇસમ પોતપોતાની શક્તિ પ્રમાણે ગામના સામુદાયિક કામ માટે રાજીખુશીથી અને પોતાની અનુકૂળતા પ્રમાણે ફાળો આપતો હતો. આ વ્યવસ્થાના ગુણદોષ અગર તેની બારીક ચર્ચાને આજના વિષયમાં સ્થાન નથી. પરંતુ આ પ્રમાણે

આપણા દેશમાં જૂના વખતમાં લોકોએ રાજીખુશીથી અપનાવેલી સંસ્થા અને તેની નાણાંકીય વ્યવસ્થા હતી. આટલી પ્રાથમિક નોંધ લઈ આપણે આપણા આજના વિષય તરફ આવીશું.

૩. ભારતવર્ષનાં ઘટકો, આજની દુનિયામાં જોવામાં આવે છે તેવાં મોટાં શહેરો નહિ પરંતુ નાનાં નાનાં અનુકૂળ ગામો હતાં. એટલે ભારતવર્ષના જૂના ઇતિહાસ તરફ નજર નાંખતાં આપણને હાલનાં મોટાં શહેરોમાં સ્થપાયેલી કૉર્પોરેશન, ખરો અગર ડિસ્ટ્રિક્ટ સુધરાઈની વ્યવસ્થા જેવી વ્યવસ્થા જોવા મળશે નહિ, પરંતુ જૂની પંચાયતો અને હાલની સુધરાઈઓમાં ફક્ત તેના કદ સિવાય તેના કર્તવ્યક્ષેત્રમાં કાંઈ પણ મહત્ત્વનો તફાવત જણાશે નહિ. બલકે આપણી જૂની પંચાયતો રાજ્યની અગર જુદી જુદી રાજકીય સંસ્થાઓની ખટપટરહિત, સ્થાનિક જનસમુદાયના હિતાર્થે કામ કરનારી સંસ્થા હોવાના આપણને અનેક ઇતિહાસસિદ્ધ દાખલાઓ મળી શકે છે; અને તેની નાણાંકીય પરિસ્થિતિમાં ભરતી અગર ઓટના કાંઈ પણ દાખલા જાણવામાં આવતા નથી. આવી કોઈ પંચાયત નાણાંકીય અગવડતાને કારણે જનહિતાર્થે કરવાનું કામ નહિ થવાનો પણ દાખલો આપણા જાણવામાં નથી. આપણી જૂની સુધરાઈની નાણાંકીય વ્યવસ્થા વિષે પૂર્ણ વિગતમાં અત્રે ન ઊતરતાં તે સંસ્થાની નાણાંકીય પરિસ્થિતિ કેવી હતી તે આપણે સહજ જાણી શકીએ છીએ.

૪. ભારતવર્ષ ઉપરના પરદેશી આક્રમણના પરિણામે આપણી સ્થાનિક વિકાસ પામેલી પંચાયતની પ્રથા દિવસે દિવસે નબળી પડતી ગઈ અને અંગ્રેજોના રાજ્યઅમલ દરમ્યાન આ સંસ્થા મૃતપ્રાય થઈ. સને ૧૮૮૬માં લોર્ડ રિપને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની રચના કરવા માટે સક્રિય પગલાં લીધાં અને તેમાં વખતોવખત સુધારાવધારા થઈ હાલની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની રચના થઈ છે. આ સંસ્થાઓ અંગ્રેજોના અમલ દરમ્યાન થયેલી હોવાથી તે પાશ્ચાત્ય પદ્ધતિએ કામ કરે છે અને તેની સ્થાપના તથા તેના વિકાસમાં પશ્ચિમના દેશોની સંસ્થાનું અનુકરણ કરવામાં આવે છે. આ અનુકરણમાં પણ અંગ્રેજોના અમલ દરમ્યાન આ સંસ્થાઓ રાજ્ય સાથે હરીફાઈ ન કરે અને રાજ્યસંચાલિત અને રક્ષિત સંસ્થાઓ તરીકે રહે તેવો પ્રબંધ ખાસ કાળજીપૂર્વક રાખવામાં આવેલો છે, અને તે જ કારણે તેની નાણાં-વિષયક સ્થિતિ સદ્ધર અને સંગીન ન હોય એ સાહજિક છે. અંગ્રેજી રાજ્ય-અમલ દરમ્યાન આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રવૃત્તિઓ તેની આર્થિક સંકડામણોને કારણે હંમેશાં મર્યાદિત રહેલી છે. એને પરિણામે આ સંસ્થા પૂરતો વિકાસ પામી શકી નથી.

૫. આ વિષયમાં હાલની સુધરાઈઓની આર્થિક સ્થિતિનો વિગતવાર વિચાર કરવો ઠીક થશે. આપણે વડોદરા રાજ્યની સુધરાઇઓનાં બંધારણ અને મુંબાઈ રાજ્યની સુધરાઈઓનાં બંધારણ—બંનેનો આ સંસ્થાઓની આર્થિક પરિસ્થિતિની દૃષ્ટિએ સાથે સાથે વિચાર કરીએ તો ઠીક થશે. વડોદરા રાજ્યના અમલ દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના, મુખ્યત્વે પંચાયતો અને સુધરાઈઓ એવા બે વિભાગો પાડી શકાય. પંચાયતો અને સુધરાઈઓના પણ બે પેટાવિભાગ પાડી શકાય તેમ છે, જ્યારે મુંબાઈ રાજ્યની અને ભારતના બીજા પ્રદેશોની સુધરાઈના ત્રણ વિભાગ પડી શકે તેમ છે. વડોદરા રાજ્યના બંધારણ મુજબ પંચાયતોમાં (૧) પ્રાન્તપંચાયત અને (૨) ગ્રામ-પંચાયત એવા બે વિભાગ પડેલા હતા અને મુંબાઈ રાજ્યમાં પણ ડિસ્ટ્રિકટ લોકલ બોર્ડ અને ગ્રામપંચાયત તેવા બે વિભાગ હાલ છે. સુધરાઈઓમાં વડોદરા રાજ્યમાં અ વર્ગ સુધરાઈ નિબંધ અને બ વર્ગ સુધરાઈ નિબંધ એવા બે જુદા જુદા કાયદાઓ કરેલા હતા, જ્યારે મુંબાઈ રાજ્યમાં બરો મ્યુનિસિપલ ઍક્ટ અને ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટ એવા બે જુદા જુદા કાયદાઓ કરેલા છે. વડોદરા રાજ્યનો અ વર્ગ સુધરાઈ નિબંધ મુંબાઈના ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટના ધોરણે રચાયેલો હોઈ, બ વર્ગ સુધરાઈ નિબંધમાં કેટલાક અધિકારો સંકુચિત કરી નાની સુધરાઈઓની સ્થાપના કરવા વ્યવસ્થા કરેલી હતી. મુંબાઈના બરો મ્યુનિસિપલ ઍક્ટ મુજબ સ્થપાયેલી સંસ્થાને વડોદરા રાજ્યના બન્ને કાયદાઓ કરતાં વધુ સત્તા અને અધિકારો આપેલા છે. વડોદરા રાજ્યનો અ વર્ગ સુધરાઈ નિબંધના પ્રકરણ ૧૩ થી શહેર સુધરાઈની સ્થાપના કરવા સગવડ રાખેલી હતી. અને તેવી જ સગવડ મુંબાઈ રાજ્યના ડિસ્ટ્રિક્ટ મ્યુનિસિપલ ઍક્ટમાં કરવામાં આવેલી છે.

૬. વડોદરા રાજ્યના કાયદા મુજબ તથા મુંબાઈ રાજ્યના કાયદા મુજબ સુધરાઈઓનાં ઉત્પન્નનાં સાધનોનો હવે આપણે વિગતવાર વિચાર કરીએ. સુધરાઈઓના કાયદા મુજબ જે તે સુધરાઈઓને સંપ્રાપ્ત થયેલી સઘળી મિલકતોનું ઉત્પન્ન, અને ફંડો તેમ જ જે તે વખતે અમલમાં હોય તેવા કોઈપણ નિબંધનિયમ અગર પેટાનિયમથી મળતા સઘળા કર, દર, લાગત વગેરેનાં ઉત્પન્ન સુધરાઈને મળી શકે છે. આ ઉપરાંત સુધરાઈએ સ્વીકારેલી બક્ષિસો અને તેના દ્વારા થતા વ્યાજનું ઉત્પન્ન પણ સુધરાઈઓનું એક ઉત્પન્નનું સાધન છે. સુધરાઈઓનાં ઉત્પન્નનાં સાધનો નીચે મુજબ છે.

૧. સુધરાઈની સ્થળસીમાની અંદરની ઇમારતો અથવા જમીનો ઉપર અથવા એ બન્ને ઉપરનો કર ( A tax on property ),

૨. સુધરાઈની સ્થળસીમામાં વાપરવા સારુ રાખેલાં સઘળાં અથવા કોઈપણ વાહન, હોડી અથવા બેસવા સારુ કે ભાર લઈ જવા સારુ વપરાતાં જાનવર ઉપરનો કર,

૩. જાનવર અને વાહન ઉપરની રસ્તાદસ્તૂરી,

૪. સુધરાઈની હદમાં વપરાશ માટે આવતા માલસામાન અગર જાનવર ઉપરની જકાત ( Octroi ) અગર અંતિમકર ( Terminal Tax ),

૫. આરોગ્યરક્ષણનો સામાન્ય વેરો,

૬. આરોગ્યરક્ષણનો વિશેષ કર—જેવો કે જાજરૂ વેરો,

૭. સામાન્ય પાણીવેરો,

૮. સુધરાઈએ બજાવેલી સેવા બદલનો કર ( Service Tax ), દા. ત. સુધરાઈએ કનેકશન દ્વારા ખાનગી મિલકત ઉપર પહોંચાડેલા પાણીની લાગત, ગટરનો કૂંડીવેરો વગેરે,

૯. દીવાબત્તીનો કર,

૧૦. શિક્ષણનો કર,

૧૧. થીએટર ટૅક્સ,

૧૨. સુધરાઈ નિબંધ મુજબ આપવાના પરવાનાની લાગત,

૧૩. હંગામી ઇમલો બાંધવા સારુ અથવા ઝૂલતાં ઉપાંગ કરવા સારુ અથવા સુધરાઈને પ્રાપ્ત થયેલા કોઈપણ સાર્વજનિક રસ્તાનો અથવા જમીનનો થોડા વખત માટે ભોગવટો કરવા પરવાનગી આપવામાં આવે તેનું ઉત્પન્ન,

૧૪. સુધરાઈની મિલકતની જગાઓ વાપરવા માટે કરેલા પેટાનિયમ મુજબની લાગત અથવા ભાડું,

૧૫. સરકારમાંથી કોઈપણ વિશેષ રકમ માટે અગર સુધરાઈની સામાન્ય કામગીરી માટે મળનારી દેણગી ;

ઉપર પ્રમાણેનાં સાધનો દ્વારા સુધરાઈને ઉત્પન્ન મળે છે.

૭. સુધરાઈનાં ઉત્પન્નનાં સાધનોને કર, દર અને લાગત એવા ત્રણ વિભાગમાં વહેંચી શકાય. આ સાધનોને વળી પરોક્ષ અને અપરોક્ષ કર એવા પણ બે વિભાગમાં વહેંચી શકાય. મુંબાઈ રાજ્ય અને ભારતનાં બીજાં રાજ્યો તથા વડોદરા અને તેવાં જ બીજાં દેશી રાજ્યોની સુધરાઈઓના ઉત્પન્નના

સાધનમાં એક બીજો પણ તફાવત છે. મુંબાઈ રાજ્ય એ ભારત પ્રજાસત્તાક રાજ્યનું એક અંગ હોઈ ભારતીય સંઘના બંધારણની રૂએ મધ્યસ્થ સરકાર અને રાજ્યની સરકારોના ઉત્પન્નના વિભાગો અલગ પડેલા છે. તેમાં પણ સુધરાઈ જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તો જેમાંથી રાજ્ય ઉત્પન્ન સાધતું ન હોય તેવાં સાધનોમાંથી ઉત્પન્ન સાધી શકે છે. એટલે દેશી રાજ્યોનું વિલીનીકરણ થતાં પહેલાં દેશી રાજ્યોમાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને ખાસ કરીને સુધરાઈઓને ઉત્પન્નનાં જે સાધનો હતાં તેમાંથી કેટલાંક સાધનો હાલમાં દેશી રાજ્યોના વિલીનીકરણના કારણે ઝૂંટવાઈ ગયાં છે: દાખલા તરીકે, વડોદરા રાજ્યના अ અને ब વર્ગ સુધરાઈ નિબંધ મુજબ મનોરંજન કર એ સુધરાઈ સંસ્થાઓના ઉત્પન્નનું સાધન હતું, પરંતુ મુંબાઈ રાજ્યમાં તે, રાજ્યનું ઉત્પન્નનું સાધન હોઈ વડોદરા રાજ્યની સુધરાઈઓના ઉત્પન્નમાં, વડોદરા રાજ્યના વિલીનીકરણ પછી મોટું નુકસાન થયું છે.

૮. આગળ આપણે ઉત્પન્નના સાધનના કર, દર અને લાગત એવા ત્રણ પ્રકાર પાડ્યા છે. તે દરેક પ્રકાર વચ્ચેનો તફાવત ટૂંકામાં જાણવા જેવો છે. કર એ દરેકને ફરજિયાત હોય છે. તેમાંથી આપણે છૂટવા માગીએ તોપણ છૂટી શકતા નથી: દાખલા તરીકે, મિલકતવેરો, સામાન્ય પાણીવેરો અને સામાન્ય આરોગ્યરક્ષણનો કર, અંતિમકર વગેરે. આ ઉપરાંત દીવાબત્તીનો વેરો અને શિક્ષણવેરાનો પણ આ જ પ્રકારમાં સમાવેશ થઈ શકે. આપણા સદ્‌ભાગ્યે હજુ વડોદરા શહેરમાં મિલકતવેરો એટલે કે સામાન્ય રીતે જેને ઘરવેરો કહે છે તે સિવાય સામાન્ય પાણીવેરો, સામાન્ય આરોગ્યરક્ષણનો કર, દીવાબત્તીનો વેરો અને શિક્ષણવેરો એવા વેરા લાગુ થયા નથી. ઉત્પન્નનો બીજો પ્રકાર દર છે. આપણે વડોદરા શહેરમાં હાલ જાજરૂ-પટ્ટી, ફૂંડીવેરો, વાહનવેરો અને પાણીવેરો વગેરે ભરવા પડે છે. પરંતુ આ વેરાઓ દરના પ્રકારના હોઈ, સુધરાઈ તરફથી બજાવવામાં આવતી સેવાઓનો લાભ આપણે જે પ્રમાણમાં ઉઠાવીએ તે પ્રમાણમાં આપણે ભરવા પડે છે; અગર તો સુધરાઈની હદમાં વપરાશ માટે જે પ્રમાણમાં આપણે માલસામાન અગર જાનવર લાવીએ તેના પ્રમાણમાં ઠરેલી દરવારીના ધોરણે અંતિમકર આપવો પડે છે. જો સુધરાઈની સેવાઓ અગર સવલતનો આપણે લાભ ન ઉઠાવીએ તો આ પ્રકારનો વેરો આપણે ભરવો પડતો નથી. સુધરાઈનાં ઉત્પન્નનાં સાધનોનો ત્રીજો વિભાગ 'લાગત' છે. સુધરાઈની હદમાં આવેલી કોઈપણ જગ્યા અગર ઇમારતમાં કેટલાક ધંધાઓ અને રોજગારો કે જેનું નિયમન કરવામાં ન આવે તો તેનાથી સુધરાઈની હદમાં રહેતા લોકોનું

આરોગ્ય જોખમાવાનો પ્રસંગ આવે તેવા ધંધાઓ અને કૃત્યો માટે તથા બજારો, કસાઈખાનાં, ચોક્કસ વેપાર બદલના પરવાના, ઢોરોના તબેલા અને વાડાઓ, ગોરસશાળાઓ, દૂધ અને તેની બનાવટના ધંધાઓ વગેરે માટે પરવાના આપી લાગત લેવા અધિકાર છે. તે લાગતોનું ઉત્પન્ન પણ સારા જેવું મળે છે. જાનવરનું નકામું માંસ, લોહી, હાડકાં ઉકાળવાં અને ભરી મૂકવાં, માછલાં આથવાં અને સૂકવવાં તેમ જ ભરી મૂકવાં, ચામડાં, શીંગડાં ભરી મૂકવાં, ચામડાં રંગવાં, ચરબી અને ગંધક ગાળવાં, ઊન અને તેના વાળ ધોવા, ચૂનાની ભઠ્ઠીઓ કરવી, તેલ ઉકાળવું, સાબુ બનાવવો, દારૂ ગાળવાની ભઠ્ઠીઓ કરવી, ઘાસ, પરાળ, ચારો, લાકડાં વગેરે શીઘ્ર જ્વાલાગ્રાહી પદાર્થો ભરી મૂકવા તથા જેમાંથી ત્રાસદાયક કે અપકારક ગંધ આવતી હોય અને જેના લીધે આગ લાગવાની ધાસ્તી ઊભી થતી હોય તેવા સામાન્ય જનતાની સુખાકારી અને મિલકતને નુકસાન કરે તેવા ધંધાઓનું નિયમન કરવા લાગત લેવા સુધરાઈને અધિકાર છે. આ ઉપરાંત, ચા, હોટેલ, વીશીઓ, ઠંડા પીણાઓ, મીઠાઈની દુકાનો વગેરે બનાવવા અને વેચવાના ધંધાઓમાં જો સ્વચ્છતા જાળવવામાં ન આવે તો જનસુખાકારી ઉપર માઠી અસર થવા સંભવ છે. એટલે તેવા ધંધાઓ ઉપર નિયમન રાખવા સુધરાઈને અધિકાર છે અને તેવા ધંધાઓ કરનાર શખ્સો પાસેથી લાગત લેવાનો અધિકાર છે. એટલે સુધરાઈનું ઉત્પન્નનું આ પણ એક મહત્ત્વનું સાધન છે.

૯. સુધરાઈનાં ઉત્પન્નનાં સાધનો માટેના કર, દર અને લાગતના પરોક્ષ અને અપરોક્ષ એવા પણ બે વિભાગ કરી શકાય. જકાત અગર અંતિમકર એ અપરોક્ષ દર છે. જે માણસ સુધરાઈની હદમાં વાપરવા માટે માલ લાવે તે માણસે તે દર આપવો પડે છે અને તે દર જે તે માલની કિંમત ઉપર ચઢી જાય છે. પરિણામે આ પ્રકારના કરનું ભારણ લોકોને સીધી રીતે જણાતું નથી. અપરોક્ષ કર અગર દર જે તે સ્થળના ઉદ્યોગધંધા અને વસ્તીના આર્થિક ઉત્કર્ષ ઉપર મહત્ત્વની અસર ઉપજાવે છે.

૧૦. સુધરાઈનાં ઉત્પન્નનાં આ સાધનો ઉપરાંત સ્થાનિક વીજળીશક્તિ પૂરી પાડવાનું કામ, સ્થાનિક વિસ્તારમાં વાહનવ્યવહારની સગવડો પૂરી પાડી તેમાંથી ઉત્પન્ન અને ફાયદાઓ સુધરાઈ મેળવી શકે છે. મુંબાઈ અને અમદાવાદ સુધરાઈ બસ-સર્વિસ ચલાવે છે. મુંબાઈ અને વડોદરા સુધરાઈ વીજળીશક્તિ પૂરી પાડી તેમાંથી પણ ઉત્પન્ન મેળવે છે. પાશ્ચાત્ય દેશોમાં સ્થાનિક સ્થળસીમામાં સુધરાઈઓ પોતાની રેલવેઓ પણ દોડાવે છે. આ પણ સુધરાઈના ઉત્પન્નનાં સાધનો છે. આ ઉપરાંત જે સ્થળે મોટા મેળાઓ ભરાતા

હોય અગર યાત્રાળુઓની સારા પ્રમાણમાં અવરજવર હોય તેવા સ્થળોમાં યાત્રાળુઓ ઉપર પણ કર દાખલ કરી શકાય છે. સુધરાઈના કાયદાઓ, નિયમો અને પેટાનિયમો મુજબ ઠરાવેલા ઉત્પન્ન ઉપરાંત સુધરાઈઓના કાયદાકાનૂનો વિરુદ્ધ કરેલા ગુનાઓની ફરિયાદોમાં થતા દંડનું ઉત્પન્ન પણ ખર્ચ કાપી સરકાર સુધરાઈઓને આપે છે.

૧૧. આગળ જણાવેલાં સુધરાઈઓનાં ઉત્પન્નનાં સાધનોથી, જે તે સ્થળની લોકસ્થિતિને અનુસરી કાયદાકાનૂનો ઘડી તે મુજબ સુધરાઈઓ પોતાનું ઉત્પન્ન મેળવે છે; છતાં પણ મુંબાઈ રાજ્યની સુધરાઈઓની આર્થિક સ્થિતિ સંતોષકારક નથી. સુધરાઈઓની આર્થિક સ્થિતિ સંતોષકારક નહિ હોવાના કારણે સુધરાઈઓ પોતાનાં અગત્યનાં જનહિતનાં કામો અને કાર્યક્રમો પૂરાં કરી શકતી નથી એમ નામદાર મુંબાઈ સરકારને જણાયાથી છેલ્લા ચાર વર્ષથી સરકાર તરફથી સુધરાઈઓને મોંઘવારી મુશાહિરામાં થતા ખર્ચની એક ચતુર્થાંશ અગર નીમે રકમ, સ્થાનિક સંસ્થાની સ્થળસીમામાં આવેલી ખેતીની જમીનના મહેસૂલના ૧૫ ટકા અને ખેતીની જમીનના બિન-ખેતીવિષયક ઉપયોગ બદલ લેવાના વિશેષ કરના ૧૫ ટકા પ્રમાણે ફાળો આપે છે. પરંતુ તે સાથે સુધરાઈઓને પોતાનું ઉત્પન્ન વધારવા ફરજ પાડે છે અને તેમાં ખાસ કરીને પાણી, ડ્રેનેજ અને જાજરૂસફાઈની સેવાઓ બદલ થતો ખર્ચ, જે તે પ્રકારના વેરાઓ વધારી પૂરો કરી લેવા ખાસ દબાણ કરે છે.

૧૨. સુધરાઈઓની આર્થિક સ્થિતિ સંતોષકારક નથી તે વાત મુંબાઈ રાજ્ય સિવાય સારાએ ભારતવર્ષનાં બીજાં રાજ્યોની આર્થિક સ્થિતિનું અવલોકન કરતાં નામદાર હિન્દી સરકારના ધ્યાન પર આવેલી છે અને તે માટે હિન્દના નિવૃત્ત એકાઉન્ટન્ટ જનરલ શ્રી. પી. કે. વાટલ (Wattal)ના અધ્યક્ષપણા નીચે એક સમિતિની નિમણુક ૧૯૫૦માં કરવામાં આવી હતી. આ સમિતિએ પોતાનું નિવેદન રજૂ કરેલું છે અને તે મધ્યસ્થ સરકારની વિચારણા હેઠળ છે. આ સમિતિએ સ્થાનિક સંસ્થાઓની આર્થિક સ્થિતિ સુધારવા કેટલાંક સૂચનો કર્યાં છે. આ સમિતિ પાસે મધ્યસ્થ સરકાર તેમ જ પ્રાંતિક સરકારોનાં ઉત્પન્નનાં સાધનોમાંથી કેટલાક ઉત્પન્નમાં સુધરાઈઓને ફાળો આપવા સૂચનો કરવામાં આવ્યાં છે—જેવાં કે, જમીનમહેસૂલના ઉત્પન્નમાં ફાળો, મનોરંજન કરમાં ફાળો, સ્ટામ્પના ઉત્પન્નમાં ફાળો વગેરે. આ સમિતિ પાસે પડેલી જુબાનીઓ તથા તેમની તપાસ ઉપરથી, સુધરાઈઓ-ની નાણાંકીય સ્થિતિ તેમની ફરજો અદા કરવા પૂરતી નથી એવું જણાઈ આવ્યું છે, તેમ જ હાલનાં સાધનોથી પણ સુધરાઈઓએ પોતાનું ઉત્પન્ન

પૂરતા પ્રમાણમાં વધારી લેવા પૂરતો પ્રયત્ન કર્યો નથી તેવું પણ જણાઈ આવ્યું છે. આ ઉપરાંત સુધરાઈઓને બીજાં પણ ઉત્પન્નનાં સાધનો અને તેમાં પણ ખાસ કરીને વેપાર-ઉદ્યોગનાં કાર્યક્ષેત્રો (Industrial Undertakings) વધારી આપવાની જરૂર જણાઈ છે.

૧૩. ઉપર જણાવેલાં સાધનોનો બરાબર ઉપયોગ થાય તો સુધરાઈઓના ચાલુ ખર્ચની જોગવાઈ થઈ શકે, પરંતુ સુધરાઈઓને લોકકલ્યાણ માટે મોટી મોટી અને ખર્ચાળ યોજનાઓ પણ કરવી પડે છે— જેમ કે, પાણી પુરવઠાની યોજના, મેલાં પાણીના નિકાલની યોજના, રસ્તા બનાવવાની યોજના, વરસાદના પાણીના નિકાલની યોજના, રહેઠાણ માટે ઘરો બાંધવાની યોજના વગેરે. આવી યોજનાઓ ઘણી જ ખર્ચાળ હોય છે અને તેના પ્રાથમિક ખર્ચ માટે લાખો રૂપિયાની સવડ કરવી પડે છે.

આટલાં નાણાં સુધરાઈ પોતાના રોજબરોજના ઉત્પન્નમાંથી ઊભાં કરી શકે નહિ. તેને માટે કાં તો સુધરાઈએ બજારમાંથી વ્યાજે નાણાં મેળવવાં જોઈએ અગર તો સરકારે નાણાંની મદદ કરવી જોઈએ. હાલનાં પ્રચલિત ધોરણ પ્રમાણે સરકાર આવી યોજનાઓના પ્રાથમિક ખર્ચના ડિસ્ટ્રિક્ટ સુધરાઈ માટે ૫૦ ટકા અને બરો સુધરાઈ માટે ૩૩$\frac{૧}{૩}$ ટકા નાણાં આપે છે. બાકીનાં નાણાં સુધરાઈએ બજારમાંથી લોન કાઢી પૂરાં કરવાનાં હોય છે. વડોદરા રાજ્યમાં $\frac{૧}{૩}$ થી $\frac{૧}{૨}$ ભાગ સરકાર મદદ તરીકે આપવામાં આવતો હતો અને બાકીનાં નાણાં સરકાર જ સુધરાઈને વ્યાજે ધીરતી હતી. મુંબાઈ રાજ્યમાં સરકાર તરફથી સુધરાઈને વ્યાજે નાણાં ધીરવાનું ધોરણ નથી. સુધરાઈએ આવાં નાણાં લોન કાઢી જનતા પાસેથી ઊભાં કરવાં પડે છે. કેટલીક સુધરાઈઓએ આ પ્રમાણે નાણાં ઉછીનાં મેળવવા પ્રયત્ન કર્યો છે, પરંતુ તેમને નાણાંબજારમાંથી જોઈતું પ્રોત્સાહન મળી શકેલું નથી. આ પરિસ્થિતિ આપણી સુધરાઈઓના કામકાજ અને તેની આર્થિક સંગીનતા પ્રત્યે લોકોને પૂરતો વિશ્વાસ નથી એમ બતાવી આપે છે.

૧૪. સુધરાઈ સંસ્થાઓનાં ઉત્પન્નનાં સાધનો સાથે તેને માટે ખર્ચની બાબતો પણ નક્કી કરેલી છે. સ્વાભાવિક રીતે નાગરિકો દિવસે દિવસે સુધરાઈ સંસ્થાઓ પાસેથી વધારે ને વધારે સવલતો મેળવવાની ઇચ્છા રાખે છે અમારા પ્રમુખ ડૉ. વેણીલાલના શબ્દોમાં કહું તો વહેલી સવારે નાગરિક ઊઠે ત્યારથી મોડી રાતે સૂએ ત્યાં સુધી ડગલે ને પગલે સુધરાઈના કાર્યક્ષેત્ર સાથે તેનો સંબંધ રહે છે. વહેલી સવારે ઊઠે એટલે પાણી આવ્યું કે નહિ, જાજરૂ સાફ છે કે નહિ,

ચા પીવાનો વખત થાય એટલે ચોખ્ખું દૂધ મળે છે કે નહિ, સ્નાન કરવા જાય એટલે ગટરો કામ કરે છે કે નહિ, શાક લેવા જાય એટલે શાકમાર્કેટની વ્યવસ્થા બરાબર છે કે કેમ, ઑફિસમાં અગર કારખાનામાં જાય ત્યારે રસ્તા બરાબર છે કે કેમ, વાહનની વ્યવસ્થા છે કે નહિ, સાંજે પાછો આવે એટલે ફરવા માટે સ્વચ્છ, વિશાળ રસ્તો અગર સુંદર બાગબગીચા છે કે કેમ, અંધારું થાય એટલે લાઈટ ચાલે છે કે નહિ, વગેરે વગેરે. આ ઉપરથી સહેજે જણાશે કે સુધરાઈનું કાર્યક્ષેત્ર અત્યંત વિશાળ છે, જ્યારે તેને નાણાં મળવાનાં સાધન ઘણાં મર્યાદિત છે.

આ જ કારણે ઘણે અંશે સુધરાઈઓની કાર્યક્ષમતાથી આપણને જોઈએ તેટલો સંતોષ થતો નથી. સુધરાઈની ફરજોના અવશ્ય કરવાની અને મરજિયાત કરવાની એવા બે પ્રકાર ઠરાવેલા છે. અવશ્ય કરવાનાં કામોમાં સાર્વજનિક રસ્તાઓ અને જગાઓમાં દીવા કરવા, પાણીનો છંટકાવ કરવો, રસ્તાઓ, જગાઓ, ગટરો અને લોકોના ઉપયોગ માટેની તમામ જમીનની સાફસૂફ કરવી, આગ હોલવવી, આગમાં જિંદગીનો તથા મિલકતનો બચાવ કરવો, ત્રાસદાયક અને ભયભરેલા ધંધા અથવા રીતરિવાજોનું નિયમન અને શમન કરવું, ભયભરેલી ઇમારતો અથવા જગાનો ભય ટાળવા વ્યવસ્થા કરવી, મડદાંની વ્યવસ્થા કરવા સારુ જગા સંપાદન કરવી, તે ટકાવી રાખવી, સાર્વજનિક રસ્તાઓ, ગરનાળાં, કસાઈખાનાં, જાજરૂ, પેશાબખાનાં, મોરીઓ, ગટરો, પાણીનો નિકાલ કરવાનાં કામ, ગટરકામ, નાહવાની જગા, ધોવાની જગા, પાણી પીવાનાં સાધનો—તળાવો, કૂવા, વાવ વગેરે બાંધવાં, તેમાં ફેરફાર કરવો અને તેનો નિભાવ કરવો, સ્વચ્છ અને પૂરતું પીવા તથા વાપરવાનું પાણી પૂરું પાડવું, રસ્તાઓનાં નામો આપવાં, ઘરોના અંકો આપવા, જન્મમરણની નોંધ કરવી, શીતળા કાઢવા, ઇસ્પિતાલો તથા દવાખાનાંઓ સ્થાપવાં અને તે નિભાવવાં, ખોરાકના પદાર્થોમાં ભેળસેળ થતી અટકાવવી, પ્રાથમિક કેળવણીની શાળાઓ સ્થાપવી અને નિભાવવી વગેરે કામગીરી કરવા ઠરેલું છે. આ ઉપરાંત ભયંકર રોગ ફાટી નીકળે તે વખતે માંદા માણસોને સહાય કરવી, દુષ્કાળ અને મોંઘવારીના વખતે નિરાધાર અને નિરુપયોગી લોકો માટે મદદનાં કામો સ્થાપવાં, મોટી આગ, અતિવૃષ્ટિ, રેલ વગેરેના પ્રસંગે યોગ્ય તે રાહત આપવી, નિર્વાસિત લોકોની વ્યવસ્થા કરવી વગેરે કામો કરવાનાં છે. આ કામો યોગ્ય રીતે કરવા માટે સુધરાઈને નાણાંની જરૂર હોય તે સ્વાભાવિક છે અને તે જરૂરિયાત હાલનાં સાધનોથી પૂરી પડી શકે તેમ નથી. એટલે સુધરાઈને ફરજો પૂરી પાડવા તેની આર્થિક સ્થિતિ સુધારવાની ખાસ આવશ્યકતા છે.

૧૫. સુધરાઈઓનાં ઉત્પન્ન તથા ખર્ચ જે તે સંસ્થાના ઠરેલા ધોરણને અનુસરીને થાય છે કે કેમ તે બદ્દલ તપાસ કરવાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. જે તે સંસ્થા પોતાના હિસાબી તપાસણી-અમલદાર રાખે છે, તદુપરાંત નામદાર મુંબાઈ સરકારના સ્થાનિક સંસ્થાના હિસાબી તપાસણી-અધિકારી તરફથી પણ તપાસણી કરવામાં આવે છે અને આ તપાસણીના વાંધાઓને ઘણું જ મહત્ત્વ આપવામાં આવે છે.

૧૬. ટૂંકામાં સુધરાઈઓની નાણાંવિષયક બાબતમાં ઘણી જ કાળજી રાખવામાં આવે છે. આ સ્થળે વધુ વિગતમાં ન ઊતરતાં આપણી આજુ-બાજુની સુધરાઈઓની કેટલીક નાણાંવિષયક માહિતી આપની જાણ માટે આપીશ.

**વડોદરા બરો સુધરાઈના છેલ્લા ત્રણ વર્ષના જમા તથા ખર્ચના આંકડા દર્શાવનારું પત્રક.**

**જમા**

| ૧૯૪૮–૪૯ | ૧૯૪૯–૫૦ (આઠ માસ) | ૧૯૫૦–૫૧ |
|---|---|---|
| રૂ. ૩૨,૫૫,૮૩૭–૦–૦ | રૂ. ૧૯,૭૭,૨૪૨–૦–૦ | રૂ. ૩૨,૧૯,૩૭૩–૦–૦ |

**ખર્ચ**

| ૧૯૪૮–૪૯ | ૧૯૪૯–૫૦ (આઠ માસ) | ૧૯૫૦–૫૧ |
|---|---|---|
| રૂ. ૩૧,૧૮,૦૦૯–૦–૦ | રૂ. ૨૬,૫૦,૩૮૦–૦–૦ | રૂ. ૩૨,૬૮,૧૨૦–૦–૦ |

**વડોદરા બરો સુધરાઈમાં આવેલા ઉત્પન્નની ફાળવારી બતાવનારું પત્રક—સને ૧૯૫૦–૫૧નું**

**આવકનાં સાધનો**

૧ સુધરાઈના દર તથા વેરા

| | રૂ. આ. પા. |
|---|---|
| ૧. જકાત | ૯,૭૯,૬૭૬– ૨– ૫ |
| ૨. ટોલ | ૩,૦૪૦–૧૫– ૦ |
| ૩. જાજરૂપટ્ટી | ૬૬,૫૨૪–૧૫– ૦ |
| ૪. વેપાર ઉપરનો કર | ૩૭,૫૬૫– ૯– ૦ |

| | |
|---|---|
| ૫. ઘરપટ્ટી | ૪,૪૧,૩૩૨– ૫– ૬ |
| ૬. પાણીનો કર | ૩,૧૬,૩૦૬–૧૪– ૬ |
| ૭. ડ્રેનેજનો કર | ૧,૫૮,૫૧૫– ૧– ૦ |
| ૮. જાનવર ઉપરનો કર | ૩૫,૫૨૫–૧૩– ૦ |
| ૯. થિયેટરનો વેરો | ૪૩,૫૧૪ –૦– ૦ |
| કુલઃ—રૂ. | ૨૦,૮૨,૦૦૧–૧૧–૧૧ |

૨ વિશેષ કાયદા અન્વયે આવનારી ઊપજ

| | રૂ. આ. પા. |
|---|---|
| ૧. ડબ્બાનું ઉત્પન્ન | ૬,૪૦૮–૧૨–૦ |

૩ સિવાય જમા

| | |
|---|---|
| ૧. જમીન તથા ઇમારતનું ભાડું | ૧,૯૭,૪૧૯– ૫– ૯ |
| ૨. જમીનવેચાણનું ઉત્પન્ન | ૩,૯૨૫– ૧– ૯ |
| ૩. મારકેટ તથા કસાઇખાનાનું ઉત્પન્ન | ૫૬,૨૯૨–૧૪– ૦ |
| ૪. ઇમારત બાંધવા તથા દુરસ્તી બદલ આપવાની પરવાનગીની લાગત | ૧૪,૬૯૨– ૪– ૦ |
| ૫. દંડ (ગુનાસંબંધી) | ૩,૮૨૮– ૦– ૦ |
| ૬. ઝાડોનું ઉત્પન્ન | ૨૮,૮૭૬–૧૨– ૦ |
| ૭. મેલાંનું ઉત્પન્ન | ૧૮,૮૪૫–૧૧– ૬ |
| ૮. સરકાર મદદ | ૫,૮૩,૨૪૭– ૯–૧૧ |
| ૯. ફિરકોળ | ૨,૨૩,૮૩૪–૧૧– ૭ |
| કુલઃ—રૂ. | ૧૧,૩૦,૯૬૨– ૬– ૬ |
| એકંદર કુલઃ—રૂ. | ૩૨,૧૯,૩૭૨–૧૪– ૫ |

**વડોદરા બરો સુધરાઈમાં થયેલા ખર્ચની ફાળવારી બતાવનારું પત્રક—સને ૧૯૫૦–૫૧ નું.**

ખર્ચના સદરો

| | રૂ આ. પા. |
|---|---|
| ૧ **મહેકમ** | ૧,૮૭,૫૩૯– ૦– ૩ |

## ૨ સાર્વજનિક સંરક્ષણ

| | |
|---|---|
| (૧) રોશનાઈ | ૮૯,૬૮૩-૧૪- ૭ |
| (૨) અગ્નિશાંતિ | ૨૫,૨૦૩- ૪- ૬ |
| કુલ:—રૂ. | ૧,૧૪,૮૮૭- ૩- ૧ |

## ૩ સાર્વજનિક આરોગ્ય અને સગવડ

| | રૂ. આ. પા. |
|---|---|
| (૧) લોકોને પાણી પૂરું પાડવા બાબત | ૪,૬૫,૮૦૩-૧૧- ૦ |
| (૨) ડ્રેનેજ | ૩,૩૨,૪૨૦-૧૪- ૩ |
| (૩) છંટકાવ | ૩,૮૭૪- ૨- ૦ |
| (૪) દવા તથા શીતળા ખાતે | ૯,૦૯૮-૧૩- ૪ |
| (૫) જાજરૂસફાઈ | ૩,૪૫,૮૦૯-૧૧- ૨ |
| (૬) મારકેટ અને કસાઈખાનાં | ૧૧,૯૯૪- ૯- ૫ |
| (૭) સાર્વજનિક બાગબગીચા | ૧,૨૪,૬૯૩-૧ -૧૦ |
| કુલ:—રૂ. | ૧૨,૯૩,૬૯૪-૧૫- ૦ |

## ૪ સાર્વજનિક કામો

| | રૂ. આ. પા. |
|---|---|
| (૧) રસ્તા | ૩,૪૩,૮૭૩-૧૨- ૩ |
| (૨) ઇમારતો | ૬૫,૫૯૧- ૬- ૦ |
| (૩) કૂવા અને તળાવ | ૬,૧૧૬- ૨- ૬ |
| (૪) ઇતર | ૪૪,૮૬૬-૧૧- ૨ |
| (૫) મહેકમ-ખર્ચ | ૯૦,૮૧૭- ૪-૧૦ |
| (૬) કોઠાર | ૪,૩૩૩- ૮- ૬ |
| કુલ:—રૂ. | ૫,૫૫,૫૯૮-૧૩- ૩ |

## ૫ ઇતર ખાતાઓ

| | રૂ. આ. પા. |
|---|---|
| (૧) અંતિમકર | ૯૧,૮૮૦- ૧- ૬ |

| | |
|---|---|
| (૨) ડબ્બા | ૨,૦૭૫–૧૩– ૦ |
| (૩) અણધાર્યો ખર્ચ, (જેમાં ચેપી રોગનો સમાવેશ થાય છે) | ૧,૮૨,૩૩૬– ૭– ૦ |
| (૪) પેન્શન કૉન્ટ્રીબ્યુશન | ૧૩,૩૮૬– ૫– ૦ |
| (૫) ઑડિટ ખર્ચ | ૦– ૦– ૦ |
| (૬) વૃક્ષારોપણ | ૦– ૦– ૦ |
| (૭) વળતર | ૧૧,૮૫૩– ૮– ૫ |
| (૮) અતિથિગૃહની નિભાવણી | ૩,૨૮૬–૧૫– ૫ |
| (૯) જન્મમરણનોંધ | ૦– ૦– ૦ |
| (૧૦) લોનનું વ્યાજ | ૦– ૦– ૦ |
| (૧૧) વાહનતપાસણી ખર્ચ | ૫,૩૦૧– ૭– ૧ |
| (૧૨) ઇમ્પ્રૂવમેન્ટ ટ્રસ્ટ ને કૉન્ટ્રીબ્યુશન | ૦– ૦– ૦ |
| (૧૩) કૂતરા મારવાનો ખર્ચ | ૨,૦૦૭– ૪– ૦ |
| (૧૪) ઇતર | ૫૮,૮૧૪–૧૫–૧૦ |
| (૧૫) મોઘવારી ભથ્થુ | ૭,૪૪,૯૮૪– ૭– ૬ |
| (૧૬) ઘરભાડું | ૪૬૮– ૦– ૦ |

કુલ :—રૂા. ૧૧,૧૬,૩૯૫– ૪– ૯

કુલ એકંદર :—રૂા. ૩૨,૬૮,૧૨૦– ૪– ૪

**ગુજરાતની મુખ્ય સુધરાઈઓના સને ૧૯૪૫-૪૬થી સને ૧૯૪૯-૫૦ સુધીના આવક તથા ખર્ચના આંકડા તેમ જ વેરાની માથાવારી અને વસ્તી દર્શાવનારું પત્રક**

| આઈટમ | વડોદરા | ભરૂચ | સુરત | નડિયાદ | અમદાવાદ | ગોધરા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | રૂા. | રૂા. | રૂા. | રૂા. | રૂા. | રૂા. |
| **આવક** | | | | | | |
| ૧૯૪૫-૪૬ | (अ) ૧૫,૩૯,૪૯૩ | ૩,૮૧,૬૮૭ | ૧૮,૩૦,૬૯૩ | ૩,૪૮,૯૧૩ | ... | ૧,૩૪,૮૦૯ |
| ૧૯૪૬-૪૭ | (ब) ૧૮,૫૨,૨૩૫ | ૪,૯૩,૭૧૧ | ૨૨,૯૮,૪૧૫ | ૪,૬૭,૫૫૬ | ... | ૨,૨૯,૪૨૫ |
| ૧૯૪૭-૪૮ | (क) ૨૧,૫૧,૦૭૬ | ૬,૨૧,૦૫૭ | ૨૯,૩૧,૦૬૩ | ૫,૨૧,૪૮૬ | ૧,૧૩,૭૪,૭૯૦ | ૨,૫૪,૦૭૧ |
| ૧૯૪૮-૪૯ | (ड) ૩૨,૫૫,૮૩૭ | ૮,૫૯,૯૫૬ | ૩૪,૮૧,૬૪૨ | ૬,૮૮,૯૭૬ | ૧,૨૯,૦૬,૬૩૭ | ૭,૪૮,૭૯૪<br>લોન (૪૦૦૦૦૦) |
| ૧૯૪૯-૫૦ | (ढ) ૧૯,૭૭,૨૪૩<br>(આઠ માસની) | ૯,૮૯,૬૧૦ | ૩૭,૫૪,૦૧૪ | ૮,૦૫,૭૧૫ | ૧,૪૧,૯૯,૧૫૭ | ૩,૭૬,૨૮૫ |
| **ખર્ચ** | | | | | | |
| ૧૯૪૫-૪૬ | (अ) ૧૫,૬૦,૧૫૭ | ૪,૧૦,૩૬૬ | ૧૬,૬૬,૯૭૧ | ... | ... | ૧,૬૮,૦૫૬ |
| ૧૯૪૬-૪૭ | (ब) ૧૯,૯૦,૦૫૭ | ૫,૦૭,૧૮૫ | ૨૧,૮૯,૩૫૮ | ... | ... | ૧,૬૨,૮૬૨ |
| ૧૯૪૭-૪૮ | (क) ૨૯,૩૬,૦૭૧ | ૫,૭૫,૭૪૦ | ૨૬,૩૪,૬૫૯ | ૪,૮૧,૩૬૬ | ૯૮,૨૬,૭૭૯ | ૨,૭૪,૧૧૯ |
| ૧૯૪૮-૪૯ | (ड) ૩૧,૧૮,૦૦૯ | ૭,૪૬,૫૦૪ | ૩૨,૧૦,૮૦૩ | ૫,૪૮,૬૬૫ | ૧,૧૬,૫૩,૨૫૨ | ૬,૩૮,૦૯૧ |
| ૧૯૪૯-૫૦ | (ढ) ૨૬,૫૦,૩૭૯ | ૧૦,૯૮,૭૬૧ | ૩૫,૬૨,૭૫૯ | ૬,૬૭,૭૫૨ | ૧,૨૫,૨૩,૨૦૪ | ૪,૦૮,૪૧૦ |
| **માથા દીઠ વેરાની રકમ** | રૂા. ૧૨-૧૦-૧૦ | ... | રૂા. ૧૬-૧-૧ | રૂા. ૧૧-૧-૫ | રૂા. ૧૭-૧૩-૧૧ | ... |
| **વસ્તી** | ૧,૮૩,૭૦૫ | ... | ૨,૮૨,૧૩૭ | ૫૫,૦૦૦ | ૮,૫૪,૦૦૦ | ... |

# ગ્રામપંચાયત

**મે. પ્રમુખસાહેબ, ભાઈઓ અને બહેનો,**

ગ્રામપંચાયતો વિષે વ્યાખ્યાન કરવું એટલે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ-રૂપી મહાન ઇમારતના પાયાની વાતો કરવી. આ પાયાની રચના કેવી છે, તેનું બંધારણ કેવું છે, તેની ઉપયોગિતા કેટલી, ઇમારતના ટકાઉપણામાં તેનો ફાળો કેટલો એ વિષેની વાતો કરવી. તેના પ્રાચીન અને અર્વાચીન સ્વરૂપનું અવલોકન કરવું.

તો હવે "સ્થાનિક સ્વરાજ્ય" એટલે શું તે વિચારીએ. "સ્વરાજ્ય" એટલે "લોકોનું પોતાનું રાજ્ય" અને "સ્થાનિક" એટલે "અમુક સ્થાનનું." રાજ્યે પોતાની સત્તાઓ પૈકી અમુક ચોક્કસ વિષયો પરત્વેની સત્તાઓનું વિકેન્દ્રીકરણ કરી અમુક હદ પૂરતો વહીવટ કરવાનો અધિકાર જે તે સ્થાનની હદની પ્રજાને સોંપેલો હોય છે. અત્યારે સ્થાનિક સ્વરાજ્યસંસ્થામાં નીચેની સંસ્થાઓનો સમાવેશ થાય છે.

૧. નગરનિગમો ( Corporations ).

૨. શહેરસુધરાઈઓ ( Borough Municipalities ).

૩. કસ્બા-સુધરાઈઓ ( District Municipalities ).

૪. જિલ્લા-પંચાયતો ( Local Boards ).

૫. ગ્રામપંચાયતો ( Village Panchayats ).

આજે આપની સમક્ષ છેલ્લા પ્રકારની સંસ્થાઓના સંબંધમાં મારે કંઈક કહેવાનું છે.

હાલમાં ગ્રામપંચાયતો જે સ્વરૂપમાં આપણને અર્પિત થએલી છે તેનું અસ્તિત્વ એક યા બીજી રીતે ઘણા જૂના વખતથી જ છે એમ અભ્યાસીઓ આપણને કહે છે. ગ્રામપંચાયતોના અસ્તિત્વમાં જ પ્રજાનો રાજ્યકારોભારમાં હક્ક છે એ વિધાનનો સ્વીકાર સ્પષ્ટ જણાય છે. ભારતવર્ષમાં પૂર્વકાળથી જ રાજાઓએ પ્રજાને રાજ્યકારોભારમાં સાથે જ રાખેલી હોવાનું જણાય છે.

ભારતવર્ષનું અને કહો કે જગતનું જૂનામાં જૂનું સાહિત્ય એટલે "વેદ". કેટલાક તેને અપૌરુષેયઃ વેદઃ કહી તેનો કાળનિર્ણય કરતા નથી. પરંતુ એ સાહિત્ય જગતમાં ઘણું જ જૂનું છે એ નિર્વિવાદ છે. આ ઋગ્વેદ અને અથર્વવેદમાં રાજાની ચૂંટણીનો ઉલ્લેખ છે. પ્રજાના પ્રતિનિધિઓની સભા અને સમિતિનાં વર્ણન છે. રામાયણકાળમાં પણ "પૌરજાનપદ"—શહેર અને ગામડાંઓના પ્રતિનિધિઓની સમિતિનો ઉલ્લેખ આવે છે. મૌર્યો અને ગુપ્તોની રાજ્યવ્યવસ્થા પ્રજાતંત્રના સિદ્ધાંતો પર ચાલતી હોવાના ઉલ્લેખો મળી આવે છે. પુરાણોમાં પણ વેન અને નહુષ રાજાના દાખલાઓ જોતાં પ્રજાને પીડનાર રાજાનો નાશ કરવાનો પ્રજા હક્ક ધરાવતી હોવાનું સ્પષ્ટ જણાય છે. આ પ્રાચીન દૃષ્ટાંતો રજૂ કરવાનો હેતુ માત્ર એટલો જ છે કે ઘણા જૂના વખતથી ભારતવર્ષમાં રાજાઓ પ્રજાની સલાહસંમતિ મેળવી રાજ્ય કરતા હતા. પ્રજાનું સુખ રાજાના હૈયે સદા વસેલું રહેતું હતું અને પ્રજાનાં સુખસવડનાં સાર્વજનિક કામો કરવા રાજા સદા તત્પર રહેતો હતો. પ્રજા પૈકીના સાધનસંપન્ન લોકો પણ સાર્વજનિક કામો કરવામાં ધર્મ અને સ્વર્ગની પ્રાપ્તિનાં દ્વાર જોતા હતા. "ઇષ્ટાપૂર્ત" એટલે યજ્ઞ કરવો, કૂવા, વાવ ખોદાવવાં વગેરે એનું જ સૂચન કરે છે.

'સાર્વજનિક' શબ્દનો અર્થ પણ રહસ્યમય છે. આ જગતમાં પ્રાણીમાત્ર પોતાના સુખની જ શોધમાં રહે છે. 'સ્વ'ને જ સુખ અને સગવડ મળે તેવા પ્રયત્નો આદરે છે, અર્થાત્ તેનો પ્રેમ 'સ્વ' ઉપર વિશેષ રહે છે. પરંતુ આ પ્રેમનું સ્વરૂપ જેમ જેમ વિશાળતા ધારણ કરતું જાય છે તેમ તેમ તે પોતાનું 'સ્વત્વ' આત્મીય જનોમાં નિહાળે છે, અર્થાત્ 'સ્વજન'ની સુખાકારી ઇચ્છે છે અને તેમ કરતાં પોતાને સહેજ અગવડ પડે તો તે પણ સહન કરી લે છે. આથી જ માતા પોતાના બાળકના સુખ આગળ પોતાના દુઃખની ગણના કરતી નથી. પિતા પુત્રના સુખની આકાંક્ષા રાખે છે. આ પ્રેમ જેમ જેમ ઉન્નત થતો જાય, જેમ જેમ દિવ્યતા ધારણ કરતો જાય તેમ તેમ તેને "સર્વ"-માં "સ્વ"નાં દર્શન થાય છે, અને સર્વનાં સુખસગવડ અર્થે પોતાનાથી બનતી સેવા કરી છૂટે છે. આમ "સ્વજન" ઉપરથી "સર્વજન" ઉપર પ્રેમ પ્રગટે છે અને તેમના અર્થે થએલાં કામો એટલે "સાર્વજનિક" કામો આગળ "વ્યક્તિગત" કે "વૈયક્તિક" કામો કંઈ વિસાતમાં ગણુતો નથી. આ છે "સાર્વજનિક" કામોની ભાવનાનો વિકાસક્રમ અને તેથી જ સરકાર પણ સાર્વજનિક હિત આગળ વ્યક્તિગત હિત જોતી નથી.

પરંતુ જ્યારથી ભારત પર પરદેશીઓના હુમલાઓ થયા ત્યારથી આ ગ્રામપંચાયતોરૂપી રાજ્યશાસનનાં સ્વતંત્ર ઘટકો પર પ્રહારો થયા. પરદેશીઓનું

વ્યવસ્થિત શાસન ન હોવાથી પ્રજાનો અવાજ રૂંધાવા લાગ્યો, સાર્વજનિક કામો તરફ શાસનકર્તાઓ તદ્દન બેદરકાર રહેવા લાગ્યા. મુસલમાની અમલ દરમ્યાન એક બે અપવાદ સિવાય લગભગ આમ જ બન્યું અને આ પાયાની સંસ્થાઓના પાયા લગભગ ખોદાઈ જવા લાગ્યા. એક ફક્ત મોગલવંશના સ્થાપક બાબરના પુત્ર હુમાયુનને હરાવી દિલ્હીની ગાદીએ બેસી સૂરવંશની (અફઘાન) સ્થાપના કરનાર શેરશાહ (ઈ. સ. ૧૫૪૦) પોતાના રાજ્યમાં અગત્યના સુધારા કરનાર રાજા તરીકે ઇતિહાસમાં ખૂબ ઝળકયો છે. તેણે રાજ્યકારોબારમાં અનેકવિધ સુધારા કર્યા, તેની સાથે સાથે જાહેર બાંધકામો બંધાવી નામના મેળવી. રાજ્યમાં અગત્યનાં શહેરોને તેણે પાકા રસ્તાઓ વડે જોડી દીધાં હતાં અને આ રસ્તાઓની બન્ને બાજુએ ઝાડો રોપાવ્યાં હતાં તેમ જ કૂવા અને વાવો બંધાવ્યાં હતાં.

અંગ્રેજી રાજ્યઅમલ દરમ્યાન તો ગ્રામપંચાયતો મૃતપ્રાય બની ગઈ. 'રાજ્યકારોબાર'માં તમામ વિષયોનું કેન્દ્રીકરણ થવાથી પંચાયતોનો વહીવટ પડી ભાગ્યો. ગામડાંની પ્રજાને નાનાં નાનાં કામો માટે પણ તાલુકાનાં ગામોમાં આવવાનું થયું. પ્રજાને જોઈતાં તમામ સુખસગવડ, ન્યાય, રક્ષણ વગેરે જે ગ્રામપંચાયતો દ્વારા મળતાં હતાં તે હવે બંધ થયાં. પંચાયતોના અધિકારોનો લોપ થયો અને રાજ્યનો કારોબાર પ્રજા મારફત થવાને બદલે રાજ્યના અમલદારો અને નોકરો મારફત થવા લાગ્યો. આવા પ્રકારના અમલથી પ્રજાને કેવા પ્રકારનું સુખ મળે તેની આપ કલ્પના કરી શકો તેમ છો. આમ લગભગ ૧૯મી સદીના અર્ધ ભાગ સુધી ચાલ્યું, પરંતુ સદ્‌ભાગ્યે આ પ્રકારના કારોબારમાં રહેલી ક્ષતિઓ રાજ્યકર્તાઓના ધ્યાન પર આવી અને પ્રજાને રાજ્યકારોબારમાં કંઈક અંશે સાથે લેવાના ઉદ્દેશથી સને ૧૮૮૨માં લૉર્ડ રિપનના વખતમાં સ્થાનિક સ્વરાજ્ય સંબંધમાં એક ઠરાવ કરવામાં આવ્યો, અને ત્યારથી આ દિશામાં મંદ ગતિએ પ્રગતિ શરૂ થઈ.

આ બધું થવા છતાં રાજ્યકારોબારના એકમ તરીકે ગામડાંનું અસ્તિત્વ ચાલુ ન રહ્યું. વળી, લાંબા અનુભવ અંતે સરકારને જણાયું કે સત્તાના કેન્દ્રીકરણથી કારોબાર કથળતો જાય છે, એટલું જ નહિ પરંતુ તે રીતિ ખર્ચાળ પણ છે અને તેથી આ બાબતમાં યોગ્ય ભલામણો સાદર કરવા માટે સરકારે સને ૧૯૦૭માં Royal Commission on Decentralization ની નિમણુક કરી, જેણે સને ૧૯૦૯માં પોતાની ભલામણો સાદર કરતાં ગ્રામપંચાયતોની પુનઃસ્થાપના કરવા માટે ભારપૂર્વક જણાવ્યું. સને ૧૯૧૫માં નામદાર હિંદ સરકારે એક ઠરાવ દ્વારા ગ્રામપંચાયતોની સ્થાપના કરવા પ્રાંતિક

સરકારોને ભલામણ કરી હતી. પરંતુ ઈ. સ. ૧૯૨૦ સુધી આ દિશામાં કોઈ પ્રાંત તરફથી નોંધપાત્ર પ્રગતિ થઈ ન હતી. સને ૧૯૨૦ અને ત્યારપછી મુંબાઈ, મદ્રાસ, બંગાળ, મધ્યપ્રાંત, પંજાબ અને સંયુક્ત પ્રાંતોએ આ બાબતમાં કાયદાઓ પસાર કર્યા. મુંબાઈ સરકારનો હાલનો ધી બૉમ્બે વીલેજ પંચાયત ઍક્ટ સને ૧૯૩૩માં અમલમાં આવ્યો હતો.

અત્રે ખાસ લક્ષમાં રાખવા જેવી વસ્તુ એ છે કે જ્યારે અંગ્રેજી મુલકમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની સ્થાપના થયેલી ન હતી તે પહેલાં જ આપણા પુણ્યશ્લોક કૈ. શ્રીમંત સયાજીરાવ ત્રીજાએ સને ૧૯૦૩ જેટલા વહેલા સમયથી જ "ગ્રામપંચાયત નિબંધ" અમલમાં મૂક્યો હતો. અને સને ૧૯૦૪ની સાલથી સ્થાનિક પંચાયત નિબંધ મંજૂર કરી વડોદરા શહેર સિવાય આખા રાજ્યને લાગુ કર્યો હતો. આમ ભૂતપૂર્વ વડોદરા રાજ્યમાં તો ગ્રામપંચાયતોની સ્થાપના કેટલાંય વર્ષોથી થયેલી હોઈ પ્રત્યેક ગામે અથવા વસ્તી ટૂંકી હોય તો તેનું જૂથ કરી તે જૂથના ગામોમાં ગ્રામપંચાયતો સ્થપાયેલી હતી. આ કારણે વડોદરા રાજ્યના ૨૯૭૦ ગામોમાં ૨૧૦૩ ગ્રામપંચાયતો હતી. જ્યારે ભારત સ્વતંત્ર થયું અને પલટાયેલી પરિસ્થિતિને લીધે સ્થાનિક સંસ્થાઓના નિબંધોમાં ફેરફાર કરવો જરૂરી જણાયો ત્યારે શ્રીમંત સરકારે એક સમિતિ નીમી અને તે સમિતિની ભલામણો અનુસાર સને ૧૯૪૯ના ફેબ્રુઆરી માસમાં "ગ્રામપંચાયત નિબંધ," "પ્રાંતપંચાયત નિબંધ," "अ" વર્ગ સુધરાઈ નિબંધ તેમ જ 'ब' વર્ગ સુધરાઈ નિબંધ નવીન મંજૂર કરવામાં આવ્યા. નવીન "ગ્રામ પંચાયત નિબંધ"થી પ્રત્યેક ગ્રામપંચાયતને ગામના જમીન મહેસૂલમાંથી દસ ટકાનું ઉત્પન્ન આપવાનું ઠરાવ્યું હતું અને જે ગ્રામ-પંચાયત કર નાખીને ઉત્પન્ન કરે તેને તો તે વધારે આવનાર ઉત્પન્નના પ્રમાણમાં દસ ટકા ઉપરાંત પાંચ ટકા સુધી વધારે રકમ જમીનમહેસૂલમાંથી આપવાનું ધોરણ હતું.

ગ્રામપંચાયતો સ્થાનિક સ્વરાજ્યમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રજાને પોતાનો વહીવટ પોતે જ કરવાનું શિક્ષણ આ સંસ્થામાં જ મળે છે. ગ્રામ-પંચાયતો ધારાસભારૂપી કૉલેજમાં જવા માટેની પ્રાથમિક શાળાઓ છે. પ્રજા-સત્તાક રાજ્યતંત્રમાં તો ગ્રામપંચાયતો રાજ્યનું એકમ ( Unit ) ગણાય છે. અહીં લોકોને રાજ્યશાસનની જે કેળવણી મળે છે તે તેમને જિલ્લાની પંચાયતોમાં, સુધરાઈઓમાં કે ધારાસભાઓ જેવી સંસ્થાઓમાં ઉપયોગી થાય છે.

મુંબાઈ રાજ્યમાં ગ્રામપંચાયતો બાબતમાં કેવાં ધોરણો ઠરેલાં છે તેનું અત્રે ટૂંકમાં નિરૂપણ કરીશું.

## રચના અને બંધારણ

મુંબાઈ રાજ્યમાં ગ્રામપંચાયતો બાબતનો કાયદો સને ૧૯૩૩ની સાલથી અમલમાં આવ્યો છે. જે ગામની વસ્તી ૨,૦૦૦ કે તેથી વધારે હોય તેવાં પ્રત્યેક ગામે ગ્રામપંચાયતની સ્થાપના કરવા ફરજિયાત ધોરણ ઠરેલું છે અને જે ગામ કે ગામોના સમૂહની વસ્તી ૨,૦૦૦ કરતાં ઓછી હોય ત્યાં ગ્રામ-પંચાયતની સ્થાપના કરી શકાય છે. પરંતુ હાલ તુરત ૧,૦૦૦થી ઓછી વસ્તીવાળા ગામોમાં પંચાયતો સ્થાપન નહિ કરવા સરકારે ધોરણ સ્વીકાર્યું છે. ગ્રામપંચાયતોમાં સભ્યોની સંખ્યા નીચેના ધોરણે નક્કી કરવામાં આવે છે:—

સંખ્યા.

૧. ૧,૦૦૦ અથવા તે કરતાં ઓછી વસ્તીવાળા વિસ્તાર માટે...૭

૨. ૧,૦૦૦ અને ૨,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા વિસ્તાર માટે...૯

૩. ૨,૦૦૦ અને ૩,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા વિસ્તાર માટે...૧૧

૪. ૩,૦૦૦ અને ૪,૦૦૦ વચ્ચેની વસ્તીવાળા વિસ્તાર માટે...૧૩

૫. ૪,૦૦૦ ઉપરની વસ્તીવાળા વિસ્તાર માટે...............૧૫

સ્ત્રી, વર્ગીકૃત જ્ઞાતિઓ (Scheduled Castes) અને વર્ગીકૃત જાતિઓ (Scheduled Tribes) માટે જગાઓ અનામત રાખવાની હોય છે.

ગ્રામપંચાયતના સભ્યોની મુદત ૩ વર્ષ માટેની ઠરેલી હોય છે. અને જરૂરી કારણોસર કલેક્ટર તેમાં બે વર્ષ સુધીનો વધારો કરી શકે છે. આ મુદત પૂરી થતા અગાઉ કલેક્ટર તરફથી નવીન સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે.

ગ્રામપંચાયતના સભ્યોની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર ગામના રહીશ હોય એવા પુખ્ત વયના તમામ શખસોને છે. તે ઉપરાંત જેઓ ગામમાં રહેતા ન હોય પરંતુ ઘરવેરો કે જમીનવેરો ભરતા હોય એવા ઘર કે જમીનના માલિકો હોય તે પણ મતદાર ગણાય છે. બીજી રીતે નાલાયક ન હોય તો સામાન્યતઃ ગામમાં રહેતો હોય એવો ૨૧ વર્ષની ઉંમરનો કોઈ પણ શખસ ગ્રામપંચાયતના સભ્ય થવા માટે ઉમેદવારી કરી શકે છે.

ઠરેલા ધોરણે ચૂંટણીઓ થઈને ચૂંટાયેલા સભાસદોનાં નામો કલેક્ટર તરફથી પ્રસિદ્ધ થાય એટલે ચાર અઠવાડિયાની અંદર જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરફથી નક્કી કરવામાં આવે તે દિવસે નવીન ચૂંટાયેલા સભ્યોની

પડેલી સભા ભરવામાં આવે છે, અને તે સભામાં જૂની પંચાયતના સરપંચના અધ્યક્ષસ્થાને નવીન સરપંચની ચૂંટણી કરવામાં આવે છે. જો પહેલી વખત જ ગ્રામપંચાયતની સ્થાપના થયેલી હોય તો જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ-સાહેબ અથવા તેમના તરફથી નીમવામાં આવે તે શખસના અધ્યક્ષપણા નીચે સરપંચની ચૂંટણી થાય છે. આમ સરપંચની ચૂંટણી થયા બાદ તેમના અધ્યક્ષપણા નીચે ડેપ્યુટી સરપંચની ચૂંટણી કરવામાં આવે છે.

## કાર્યવાહકો

ગ્રામપંચાયતના કાર્યવાહકોમાં સરપંચ, ડેપ્યુટી સરપંચ અને સેક્રેટરીનો સમાવેશ થાય છે. દરેક ગ્રામપંચાયતની કાર્યક્ષમતાનો આધાર તેમની કામ કરવાની ધગશ ઉપર રહે છે.

સરપંચ કારોબારી વહીવટ ચલાવનાર મુખ્ય વ્યક્તિ છે. ગ્રામપંચાયત ઍક્ટ તથા ગ્રામપંચાયતે કરેલા ઠરાવોનો અમલ તે કરાવે છે. દરેક મહિનામાં નિદાન એક વખત પંચાયતની સાધારણ સભા અને જરૂર પડે વિશેષ સભા બોલાવે છે. જિલ્લા લોકલ બોર્ડ તરફથી ઘડવામાં આવેલા પેટાનિયમો પ્રમાણે ગામની સ્વચ્છતા સાચવે છે, ચાલતાં બાંધકામો ઉપર દેખરેખ રાખે છે અને સુપ્રત કરવામાં આવેલી મિલકતોની સાચવણી કરે છે. સરપંચની ગેરહાજરી-માં તેમના અધિકારો અને ફરજો ડેપ્યુટી સરપંચ બજાવે છે.

અને સેક્રેટરી તો ગ્રામપંચાયતનું મહત્ત્વનું અંગ છે. તે સ્થાનિક સ્વરાજ્ય-ની ઇમારતના ગ્રામપંચાયતરૂપી પાયાની સભ્યોરૂપી ઈંટોને એકબીજા સાથે મજબૂત રીતે ચોંટાડી રાખનાર સારી જાતનો સિમેંટ છે. ગ્રામપંચાયતને કાયદાની અને વખતોવખત ઠરેલાં ધોરણોની સરપંચને અને ગ્રામપંચાયતને માહિતી આપવી અને પોતાને સોંપાયેલું કામ સારી રીતે પાર પાડી સંસ્થાને ઉન્નત કરવી તે તેની ખાસ ફરજ છે; અને તેથી જ સેક્રેટરીએ નિઃસ્વાર્થપણે ગામની પક્ષાપક્ષીથી અલિપ્ત રહી તન અને મનથી જનતારૂપી જનાર્દનની સેવા કરવી જોઈએ. નામદાર મુંબાઈ સરકારે સને ૧૯૪૮માં ગ્રામપંચાયતોના સેક્રેટરીઓની નોકરીની શરતો બાબતના નિયમો કરેલા છે. તેમાં ઉત્પન્નના ધોરણે ગ્રામપંચાયતોના ત્રણ વર્ગ પાડી દરેક વર્ગના સેક્રેટરીની જગાની પાયરી, પગાર અને લાયકી નક્કી કરેલાં છે. તે ધોરણે સેક્રેટરીઓની નિમણૂકો ગ્રામપંચાયતો તરફથી થાય છે.

## પંચાયતનાં કર્તવ્યો

પ્રત્યેક ગ્રામપંચાયતનાં નીચે પ્રમાણેનાં ફરજિયાત તથા મરજિયાત કામો ઠરાવેલાં છે.

### (અ) ફરજિયાત કામો

૧. પીવા તથા વાપરવાનું પાણી પૂરું પાડવું.

૨. સાર્વજનિક રસ્તાઓ, મોરી, બંધારા, નહેર માટે વપરાતા ન હોય તેવા કૂવા અને તળાવો તથા ઇતર સાર્વજનિક સ્થળો અને કામોની સ્વચ્છતા રાખવી.

૩. સાર્વજનિક રસ્તાઓ, મોરી, બંધારા અને પુલો બાંધવા, તેની નિભાવણી કરવી તથા તે દુરસ્ત રાખવા.

૪. ગામની સ્વચ્છતા તથા આરોગ્યરક્ષણ સંબંધીનું કામ કરવું તથા અપાયકારક કૃત્યો અટકાવવાં.

૫. સાર્વજનિક આરોગ્યની જાળવણી તથા સુધારણા કરવી.

૬. પંચાયતની માલિકીનાં અથવા તેની સુપરતનાં સાર્વજનિક મકાનો, ગૌચર અને જંગલની જમીનો અને જાહેર માટે વપરાતાં ન હોય તેવાં તળાવો અને કૂવાઓની નિભાવણી અથવા નિયમન કરવું.

૭. ગામમાં દીવાબત્તીની વ્યવસ્થા કરવી.

૮. મેળા, બજાર, કતલખાનાં અને ગાડાંઓના અડ્ડાઓનું નિયમન કરવું.

૯. સ્મશાન અને કબ્રસ્તાન માટેની જગાઓ નક્કી કરવી, તેની નિભાવણી કરવી તથા નિયમન કરવું.

### (બ) મરજિયાત કામો

મરજિયાત કામો પૈકી મુખ્ય મુખ્ય નીચે પ્રમાણે ગણાવી શકાય :—

૧. પાકના અખતરાઓ કરવા.

૨. અસહાય અને માંદા માણસોને રાહત આપવી.

૩. ખેતીની સુધારણા કરવી.

૪. સહકારી ધોરણે ખેતી કરાવવા તજવીજ કરવી.

૫. અન્નભંડારો સ્થાપવાં.

૬. ગ્રામપુસ્તકાલયો અને વાંચનાલયો ચલાવવાં.

૭. રસ્તાની બાજુએ અને સગવડ પ્રમાણે અન્યત્ર ઝાડ રોપવાં.
૮. કુદરતી આફતમાં આવી પડેલા ગામના લોકોને મદદ કરવી.
૯. ભંગી નોકરો માટે મકાનો બાંધવાં તથા તેની નિભાવણી કરવી.
૧૦. આ સિવાય ગામના રહેવાસીઓનું આરોગ્ય, સહીસલામતી, કેળવણી, સુખસગવડ અથવા સામાજિક કે આર્થિક આબાદી વધે એવું ગામનું કોઈપણ પ્રકારનું કામ કરવું.

## પંચાયતની મિલકત

દરેક ગ્રામપંચાયત એક સંસ્થાપિત સંસ્થા ગણાય છે. તેને સ્થાવર કે જંગમ મિલકત મેળવવાનો અને ધારણ કરવાનો તથા કબજાની કે તેને સંપ્રાપ્ત થયેલી સ્થાવર કે જંગમ મિલકત ભાડે આપવાનો, વેચવાનો કે બીજી રીતે સ્વત્વાર્પણ કરવાનો તેમ જ કરાર કરવાનો અધિકાર હોય છે; પરંતુ આ મિલકતો ત્રણ વર્ષ કરતાં વધારે મુદત માટે પટે આપવાની હોય અથવા તેનું વેચાણ કે સ્વત્વાર્પણ કરવાનું હોય તો કલેકટરની અગાઉથી પરવાનગી મેળવવી પડે છે. તદુપરાંત કેટલીક શરતોને પાત્ર રહીને પંચાયતની હદમાં આવેલા સરકારી કૂવા અને ગામાત તળાવો પણ ગ્રામપંચાયતને સુપરત કરેલાં છે અને હાલમાં જ ૧. ગામઠાણની જમીનમાં રસ્તાઓ ઉપરની ખુલ્લી જમીન, ૨ ગામઠાણની હદ બહાર રમતગમતનાં મેદાન, ખલવાડ, કબરસ્તાન, સ્મશાન, વગેરે માટે મુકરર થયેલી જમીન, ૩. ગામની બહાર ગૌચર માટે મુકરર કરેલી જમીન, ૪. ગામના સાર્વજનિક રસ્તાઓ અને શેરીઓ, ૫. સાર્વજનિક રસ્તાઓ અને શેરીઓનાં ઝાડ, કેટલીક શરતોને પાત્ર રહીને, જે તે ગ્રામપંચાયતને સુપરત કરવામાં આવ્યાં છે.

## પંચાયતનું ભંડોળ

ગ્રામપંચાયતનું મુખ્ય ઉત્પન્ન તેણે નાખેલા કર અને ફીનું છે. તે ઉપરાંત થોડુંઘણું ઉત્પન્ન ન્યાયપંચાયતે કરેલા દંડની રકમનું, કચરાપૂંજાના વેચાણનું, પોતાની મિલકતની આવકનું અને એવું બીજું આવે છે. ગ્રામપંચાયત ૧. મકાનો અને જમીનો ઉપરનો કર, ૨. યાત્રાળુ ઉપરનો કર, ૩. મેળા, ઉત્સવ અને મનોરંજન ઉપરનો કર, ૪. માલના વેચાણ ઉપરનો કર, ૫. જકાત, ૬. લગ્ન, દત્તવિધાન અને જમણવાર ઉપરનો કર, ૭. દુકાન અને હોટલ ઉપરનો કર તથા ૮. મિલ અને કારખાનાં ઉપરનો કર નાંખી શકે છે, તેમ જ ૧. બજાર અને ગુજરી ( અઠવાડિક બજાર ) ઉપરની લાગત, ૨. ગાડાંના અડ્ડાઓ ઉપરની લાગત અને ૩. પાણીની લાગત લઈ શકે છે. આ સિવાય બીજી કંઈ લાગત

કે કર બેસાડવો હોય તો જિલ્લા લોકલ બોર્ડની અનુમતિ અને સરકારની મંજૂરી મેળવવી પડે છે. ગ્રામપંચાયતને મુખ્ય ઉત્પન્ન જમીનમહેસૂલના ૧૫ ટકા મળે છે. પરંતુ તે મેળવવા માટે સરકારે એક શરત એ રાખી છે કે ગ્રામપંચાયતે ઘર અને જમીનો ઉપરનો કર તથા બીજા કર કે લાગતો પૈકી એક બીજો કર કે લાગત નાખવી જોઈએ. આ પ્રશ્ન ગંભીર વિચારણા માગી લે છે.

રાજા પ્રજા પાસેથી જે કર લે છે તેમાંથી કેટલોક અંશ પ્રજાને જ એક યા બીજા સ્વરૂપે રાજા પાછો આપે છે. તે રકમ રોકડ રકમના સ્વરૂપની હોતી નથી પરંતુ રાજા તેમાંથી પ્રજાની સુખસગવડનાં જાહેર બાંધકામો કરાવે છે. સ્મૃતિઓના આ સિદ્ધાંતોનો કાળબળે લોપ થયો. પરદેશી અમલ દરમ્યાન પ્રજા પાસેથી એક યા બીજા સ્વરૂપની તેમના ઉત્પન્નની મોટી રકમ લેવાવા લાગી અને ફરજમાં લગભગ કંઈ જ ન રહ્યું. રાજ્યની આ પ્રમાણે આવેલી ઊપજનો મોટો ભાગ પ્રજાની સુખસગવડના કામોને બદલે લશ્કરના ખર્ચમાં કે એવી જ કોઈ બીજી રીતે વપરાવા લાગ્યો. અંગ્રેજી અમલ દરમ્યાન જ્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો જન્મ થયો અને તેમની મારફત સાર્વજનિક કામો કરાવવાની પદ્ધતિનો સ્વીકાર થયો ત્યારે તે કામને માટે જોઈતાં નાણાં રાજ્યે પોતાની તિજોરીમાંથી ન આપ્યાં; પરંતુ તેને માટે ખેડૂતો પાસેથી જમીનમહેસૂલ ઉપરાંત સ્થાનિક વેરો (Local Cess) લેવાની પ્રથા દાખલ થઈ અને તે રકમમાંથી જ આવાં સાર્વજનિક કામો કરાવવાનું ઠરાવ્યું. ઘણાં વર્ષો સુધી આ પ્રમાણે વહીવટ ચાલ્યો, પરંતુ ઉત્તરોત્તર પ્રજામાં સ્વતંત્રતાની ભાવના વધવા લાગી અને નેતાઓ જેમ જેમ વિચારતા ગયા કે જમીનમહેસૂલની રકમ ઉપર ગામડાંના ખેડૂતોનો અગ્ર હક્ક છે ને રકમ તેમના જ લાભાર્થે ખર્ચાવી જોઈએ તેમ તેમ કાયદાઓમાં સુધારા થવા લાગ્યા; અને મુંબાઈ સરકારે ગ્રામપંચાયતોને, જો તેઓ કર નાખે તો, જમીનમહેસૂલમાંથી ૧૫ ટકા રકમ આપવાનું ધોરણ સ્વીકાર્યું. પરંતુ આ શરતી સ્વીકાર પણ બરાબર નથી. જમીનમહેસૂલ ગામડાંની પ્રજા આપે છે અને તેમની જ રકમ તેમના જ કામો માટે તેમને જ આપવાની તેમાં આવી શરત રાખવી તે તેમના હક્ક બાબતમાં સંકોચ રાખવા સમાન છે. ભૂતપૂર્વ વડોદરા રાજ્યની પ્રજાકીય સરકારે આ જ કારણે બિનશરતી જમીનમહેસૂલના દસ ટકા જે તે ગ્રામપંચાયતને આપવા ઠરાવ્યું હતું (સને ૧૯૪૯). આ ઉપરાંત જો કર નાખે તો તેના ઉત્પન્નના પ્રમાણમાં પાંચ ટકા સુધીનું વધારાનું ઉત્પન્ન આપવાનું ઠરાવ્યું હતું. મધ્યસ્થ સરકારે સને ૧૯૪૯ની સાલમાં ધી લોકલ ફાયનેન્સ ઇન્ક્વાયરી કમિટિ (The Local Finance Enquiry Committee) નીમી હતી.

આ સમિતિએ પોતાનો રિપોર્ટ ગયા એપ્રીલ માસમાં પ્રસિદ્ધ કર્યો છે. તેમાં પણ જમીનમહેસૂલના ૧૫ ટકા કોઈ પણ શરત સિવાય જે તે ગ્રામપંચાયતને આપવા ભલામણ કરી છે. આ સમિતિમાં મુંબાઈના લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ ઇન્સ્ટિટયુટના ડાયરેક્ટર શ્રી. ચુનીલાલ ડી. બરફીવાળા પણ હતા. તેઓશ્રીએ પોતાની વિરુદ્ધ મતની નોંધ ( Minutes of Dissent )માં જણાવ્યું છે કે, ગ્રામપંચાયતોને જમીનમહેસૂલમાંથી ૨૫ ટકાથી ઓછો નહિ એટલો સારો હિસ્સો આપવો જોઈએ અને પ્રતિવર્ષ તેમાં ૫ ટકાનો વધારો કરી છેવટમાં છેવટ ૫૦ ટકા જેટલી રકમ આપવી જોઈએ. સમિતિએ નીચે પ્રમાણેની બીજી ભલામણો પણ કરેલી છે :—

૧. દરેક ગ્રામપંચાયતે ( ૧ ) ઘરવેરો અથવા ચૂલાવેરો કે પ્રસંગે પ્રાપ્ત થતી રકમ અને મિલકત પરનો વેરો તથા ( ૨ ) સામાન્ય આરોગ્ય-રક્ષણની લાગત ફરજિયાત નાખવાં જોઈએ.

૨. જંગમ મિલકતના સ્વત્વાર્પણ ઉપર વિશેષ કર.

૩. ગ્રામપંચાયતના નોકરોના પગાર અને મુશાહિરાનો ½ ભાગ તેમ જ જો સરકાર હુકમ અન્વયે રખેવાળી કરવાનું ગ્રામપંચાયતે ઠરાવ્યું હોય તો તેના મહેકમ ખર્ચની પૂરેપૂરી રકમ સરકારે આપવી જોઈએ.

૪. સરકારી જમીનોનો ગ્રામપંચાયતને મફત ઉપયોગ કરવા દેવો જોઈએ, તથા અમુક ટકા મહેનતાણું લઈને સરકારનું જમીન-મહેસૂલ ઉઘરાવી આપવા માટે તેમ જ નફાનાં કામો કરવા માટે પંચાયતોને પૂરતું પ્રોત્સાહન આપવું જોઈએ.

આશા છે કે આપણી સરકાર આ ભલામણોને મૂર્ત સ્વરૂપ આપશે અને ગ્રામપંચાયતને પગભર થવા અને પ્રજાની જરૂરિયાતો પૂરી પાડવા માટે પૂરતાં નાણાં મળે તદર્થે જમીનમહેસૂલમાંથી સારો અંશ બિનશરતી આપશે.

હાલમાં મુંબાઈ સરકાર ગ્રામપંચાયતને સેક્રેટરીના પગાર અને મુશાહિરાની રકમની ¾ રકમ તેમ જ ઇતર નોકરોને અપાતા મોંઘવારી મુશાહિરાની ½ રકમ મદદ તરીકે આપે છે.

## પંચાયતના અધિકાર અને ફરજો

સામાન્યતઃ ગ્રામપંચાયતના અધિકાર અને ફરજો નીચે જણાવ્યા પ્રમાણેના છે :—

૧. મંત્રીની નિમણુક કરવી.
૨. આગામી વર્ષ માટે અંદાજપત્રક ( Budget ) તૈયાર કરી જિલ્લા લોકલ બોર્ડ સમક્ષ રજૂ કરવું.
૩. ગામના બધા પુખ્ત વયના રહેવાસીઓની એક સભા બોલાવી તેમાં વાર્ષિક હિસાબ અને નવી સાલનું બજેટ રજૂ કરવું.
૪. ન્યાય પંચાયતની ચૂંટણી કરવી, ઇત્યાદિ

## નિર્બંધ

ગ્રામપંચાયતો જેવી સંસ્થાઓ ઉપર નિયમન રહેવું જરૂરી છે. આ નિયમનથી કેટલેક પ્રસંગે નિરંકુશ વહીવટ અટકી જાય છે અને જોઈતી સલાહ તથા દોરવણી મળતી રહે છે. આ સંસ્થાઓ ઉપર કલેકટર અને જિલ્લા લોકલ બોર્ડ એમ દ્વિવિધ નિયમન રહે છે. કોઈ સભ્ય અથવા સરપંચ કે નાયબ સરપંચ બેદરકાર રહે અથવા તેમના તરફથી કંઈ ગેરવર્તણુક થાય તો કલેકટરની અગાઉથી મંજૂરી મેળવીને જિલ્લા લોકલ બોર્ડ તેને હોદ્દા ઉપરથી દૂર કરી શકે છે. કોઈ ઠરાવનો અમલ કરવાથી લોકોને નુકસાન થાય એમ છે અથવા જાહેર પ્રજાની શાંતિનો ભંગ થવા સંભવ છે એમ લાગે તો ઠરાવની અમલબજાવણી બંધ રાખવાનો હુકમ કલેકટર કરી શકે છે. તેમ જ કોઈ અત્યંત જરૂરી કામ કરાવવાની જરૂર હોય તો કલેકટર તેવું કામ કરાવી તેનો ખર્ચ ગ્રામપંચાયત પાસેથી લઈ શકે છે. વળી જો કોઈ ગ્રામપંચાયત પોતાની સત્તા બહાર જતી હોય, અધિકારોનો દુરુપયોગ કરતી હોય, અથવા અમલદારોના હુકમોની વારંવાર અવગણના કરતી હોય, ઠરેલા ધોરણે કર કે લાગત નાખતી ન હોય તો તેવી પંચાયતને સરકાર જિલ્લા લોકલ બોર્ડનો અભિપ્રાય મેળવી બરખાસ્ત કરી શકે છે અથવા અમુક મુદત માટે મોકૂફ રાખી શકે છે.

## ન્યાયપંચાયત

નાની નાની બાબતોમાં ન્યાય મેળવવા ગામડાંની પ્રજાને તાલુકાના સ્થળ સુધી જવું ન પડે અને ગામમાં જ તેનો સલૂકાઈથી નિવેડો આણી શકાય તે દૃષ્ટિએ ન્યાયપંચાયતોની રચના કરવાનું ઠરાવવામાં આવ્યું છે. દરેક પંચાયત પોતાની પહેલી સભામાં પોતાના સભ્યોમાંથી પાંચ શખસોને ન્યાયપંચાયતની રચના માટે ચૂંટી કાઢે છે અને તે સભ્યો પોતાનામાંથી એક અધ્યક્ષની ( ચેરમેનની ) ચૂંટણી કરે છે. ગ્રામપંચાયત જ્યાં બેસતી હોય ત્યાં જ ન્યાયપંચાયત ભરાય છે અને પંચાયતનો સેક્રેટરી ન્યાયપ્રકરણી કારકુન તરીકે કામ કરે છે. ન્યાયપંચાયત સમક્ષ રૂા. ૨૫ સુધીની રકમના નાના સ્વરૂપના

દીવાની દાવા અને અમુક ઠરાવેલી બાબતોની ફોજદારી ફરિયાદો દાખલ થઈ શકે છે. જો બન્ને પક્ષકારો સંમત હોય તો રૂા. ૧૦૦ સુધીની કિંમતના દાવા પણ ન્યાયપંચાયત લઈ શકે છે. દાવાની બાબતમાં રૂા. ૦-૮-૦ થી રૂા. ૨-૮-૦ સુધીની ફી લેવામાં આવે છે. ફરિયાદમાં આ ફી ફક્ત રૂા. ૦-૮-૦ ઠરાવેલી છે.

ન્યાયપંચાયત જે હુકમનામું કરે તેની પતાવટ થાય નહિ તો કલેકટર તરફથી જમીનમહેસૂલ રાહે રકમ વસૂલ કરી આપવાની સરકારે સવડ કરી આપી છે. દંડની રકમ ન્યાયપંચાયત પોતે કસુરદારની જંગમ મિલકત જપ્ત કરીને તથા વેચીને વસૂલ કરી શકે છે, અને તેમ કરતાં રકમ વસૂલ ન થાય તો કલેકટર તે રકમ વસૂલ કરી આપે છે.

## નિયમો અને પેટાનિયમો

ગ્રામપંચાયતનો કારોબાર સર્વ ઠેકાણે એક સરખો ચાલે તે માટે સરકાર તરફથી નિયમો કરવામાં આવે છે. અને એ જ ઉદ્દેશથી જિલ્લા લોકલ બોર્ડ તરફથી પેટાનિયમો કરવામાં આવે છે.

ગ્રામપંચાયતના વાર્ષિક હિસાબની તપાસણી જિલ્લા લોકલ બોર્ડ તરફથી ખાસ ઑડીટરો રાખીને કરાવવામાં આવે છે. તથા ગ્રામપંચાયતને તેના કારોબારમાં યોગ્ય સલાહ અને દોરવણી આપવા ખાસ અમલદારો પણ નીમવામાં આવ્યા છે. હાલમાં જ સરકાર તરફથી પણ ગ્રામપંચાયતોને માર્ગ-દર્શન કરવા અને તેમની પ્રગતિ સાધવા "સ્પેશિયલ અમલદારો"ની નિમણૂકો કરવામાં આવી છે. આ અમલદારો ગ્રામપંચાયતના કામકાજ ઉપર દેખરેખ રાખે છે, નાણાંનો યોગ્ય વ્યય થાય છે કે કેમ તેની તપાસ રાખે છે, નવીન પંચાયતોની સ્થાપના કરવા કલેકટરને ભલામણ કરે છે, વગેરે.

આ છે આપણા મુંબાઈ રાજ્યનાં ગ્રામપંચાયતનાં ધોરણો. ચાર વર્ષ પહેલાં ૧૪૫૦ ગ્રામપંચાયત હતી તે હવે ૩૩૫૦થી પણ વધારે થઈ છે.

આ એકંદર નિરૂપણ ઉપરથી આપ જોઈ શકશો કે સ્થાનિક સ્વરાજ્યના પાયા જેવી ગણાતી ગ્રામપંચાયતોના અધિકારો વધારી તેમનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરવામાં આવ્યું છે. આમ કરવામાં આપણી હાલની સરકારે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને લોકલ ફાઈનેન્સ ઇન્કવાયરી કમિટીની ભલામણો જો સ્વીકારવામાં આવશે તો ગ્રામપંચાયતો વધુ સત્તાવાળી થઈ તેમના ઉત્પન્નમાં પણ સારો વધારો થશે. તો આવી સંસ્થાઓનો કારોબાર ચલાવવા માટે તેના

કાર્યવાહકો ચારિત્ર્યવાન, નિઃસ્વાર્થી અને સેવાધર્મનો સ્વીકાર કરેલો હોય એવા હોવા જોઈએ. પ્રત્યેક ગ્રામપંચાયતના સભ્યોએ પોતાની ગ્રામપંચાયતને આદર્શ પંચાયત બનાવવા પ્રયત્ન કરવા જોઈએ. ગામના મતદાર ભાઈઓએ પણ લક્ષમાં રાખવું જોઈએ કે ગ્રામપંચાયતમાં ગમે તેવા માણસોને ન મોકલતાં જેઓ શુદ્ધ અંતઃકરણના હોઈ, નિઃસ્વાર્થપણે ન્યાયી દૃષ્ટિથી કામ કરી શકે તેમ હોય તેવા જ કાર્યકર્તાઓને મોકલી આપે.

ગામના રહેવાસીઓએ અને ગ્રામપંચાયતના કાર્યવાહકોએ લક્ષમાં રાખવું જોઈએ કે ગ્રામપંચાયત એટલે ગમે તેવા સભ્યોનો શંભુમેળો નહિ, પરંતુ ગ્રામપંચાયત એટલે ગામના દૈવી અને આસુરી ભાવોના સંઘર્ષણમાંથી નિષ્પન્ન થતા હળાહળ વિષનું ગામકલ્યાણ અર્થે પાન કરનાર ભગવાન શંકરોનો સમૂહ. ગ્રામપંચાયત એટલે કોમ અને જ્ઞાતિથી પર રહી સમગ્ર ગામની એકતા અર્થે આમરણાંત ઝઝૂમનાર પૂજ્ય ગાંધીજી જેવા મહાત્માઓનું મંડળ. ગ્રામ-પંચાયત એટલે સર્વસ્વનું બલિદાન દઈ ગામની કેવળ ઉન્નતિ અર્થે કાર્યરત રહેનાર સદૈવ જુવાન જવાહર જેવા જુવાનિયાઓનું જૂથ. ગ્રામપંચાયત એટલે પ્રસંગોચિત કુશાગ્ર બુદ્ધિથી ગામના વિભિન્ન તત્ત્વોનું વિલીનીકરણ કરી અખંડ ગામનું સર્જન કરનાર પૂજ્ય સરદાર વલ્લભભાઈ જેવા વીરોનું વૃંદ. આ છે આદર્શ ગ્રામપંચાયતની ભાવના. આવા પંચો હોય ત્યાં જ "પંચ ત્યાં પરમેશ્વર"ની કહેવત સાર્થવતી નીવડે, અને ગ્રામપંચાયતનો સેક્રેટરી એટલે પોતાના વ્યક્તિત્વને વિસરી જઈ યશ અને કીર્તિનો મોહ છોડી કેવળ પોતાના સ્વામીના કૃપાકટાક્ષનો જ સદૈવ અભિલાષી સ્વ. મહાદેવ દેસાઈ.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓનો મહામંત્ર હોવો જોઈએ—સર્વનું સર્વ રીતે સુખ કરવાની ભાવના. આપણા આર્ય ઋષિઓનો આદર્શ પણ આ હતો :

"सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चिद्दुःखभाग् भवेत् ॥

# જિલ્લા લોકલ બોર્ડ

**મે. પ્રમુખસાહેબ, ભાઈઓ અને બહેનો,**

જેમ નગરો અને મોટાં શહેરોની સ્થાનિક સ્વરાજ્યની બાબતોનો વહીવટ કરવા માટે સુધરાઈઓની સ્થાપના કરવામાં આવી છે તેમ ગ્રામ વિસ્તારમાં આરોગ્યરક્ષણ, વાહનવ્યવહાર અને શિક્ષણ જેવી સ્થાનિક સ્વરાજ્યની બાબતોનો વહીવટ કરવા જિલ્લા બોર્ડો અને ગ્રામપંચાયતોની સ્થાપના વહેલી થયેલી છે. આ એસોસિયેશનના આશ્રય તળે પહેલા સત્રમાં જે વ્યાખ્યાનમાળા ગોઠવાયેલી હતી તેમાં 'ગ્રામપંચાયતો' વિષેનું વ્યાખ્યાન આપની સમક્ષ થઈ ગયેલું છે, એટલે તત્સંબંધી હું આપને વિશેષ ન કહેતાં આજે જિલ્લા બોર્ડો સંબંધમાં જ કહીશ.

આપ સૌ સારી રીતે જાણો છો કે સ્થાનિક સ્વરાજ્યનો મંત્ર ભારતવર્ષ માટે નવીન નથી. પરંતુ અમુક કાળે અનેકવિધ કારણોવશાત્ તે સંસ્થાઓનો લોપ થયો હતો.

અંગ્રેજોના અમલ દરમ્યાન લગભગ ઈ. સ. ૧૮૭૦ પહેલાં અંગ્રેજ સત્તાધારીઓમાં હિંદને સ્વશાસનનો પાઠ શીખવવા પરત્વે ભિન્ન ભિન્ન મતો પ્રવર્તતા હતા. પરંતુ ઈ. સ. ૧૮૭૦માં ગવર્નર જનરલ લૉર્ડ મેયોએ (ઈ. સ. ૧૮૬૯-૧૮૭૨) સ્થાનિક સ્વરાજ્યની દિશામાં શરૂઆત કરી, જો કે આ ઠરાવનો મૂળ ઉદ્દેશ તો મધ્યસ્થ સરકારને કેટલીક સ્થાનિક જવાબદારીઓમાંથી મુક્ત કરી તે જવાબદારીઓ પ્રાંતિક સરકારો પર નાખવાનો હતો, તોપણ સાથે સાથે કેટલાંક સ્થળોએ સુધરાઇઓની સ્થાપના કરી સ્થાનિક રાજ્યકારોબારમાં દેશના વતનીઓનો સહકાર સાધવાની ખાસ સૂચનાઓ હતી. આ ઠરાવ અનુસાર સ્થાનિક કર અને વેરાનું ઉત્પન્ન આવવા લાગ્યું અને કેટલાક પ્રાંતોમાં તેનો વહીવટ પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા થવા લાગ્યો. કેટલીક વધારે સુધરાઈઓ સ્થાપવામાં આવી અને કેટલાંક સ્થળોએ જિલ્લા બોર્ડ (District Boards)ની પણ સ્થાપના થઈ. આ બધું થયા છતાં આ દિશામાં જોઈએ તેવી પ્રગતિ થઈ નહિ.

સ્થાનિક સ્વરાજ્યનો ખરો પાયો નાખી તેને સુદૃઢ બનાવવાનો અંતઃકરણપૂર્વક પ્રયત્ન કર્યાનો ખરો યશ તો લોર્ડ રિપનને ફાળે જાય છે. હિંદના સ્થાનિક સ્વરાજ્યના ઇતિહાસમાં યાદગાર એવા તા. ૧૮–૫–૧૮૮૨ના ઠરાવથી આ દિશામાં ખરેખર પ્રગતિ કરવામાં આવી. આ ઠરાવમાં ૧. શક્ય ત્યાં દરેક સ્થળે સુધરાઈઓની સ્થાપના કરવી, ૨. પ્રત્યેક જિલ્લામાં જિલ્લા બોર્ડ સ્થાપવી, ૩. દરેક તાલુકામાં તાલુકા બોર્ડ રચવી,...એવી ભલામણો કરવામાં આવી હતી. સાથે સાથે આવી સંસ્થાઓમાં લોકોની બહુમતી રહે તદર્થે ⅓ કરતાં વધારે સંખ્યામાં સરકારી અમલદારો પૈકીના ઇસમોને ન નીમવા, તેમ જ પ્રજા સ્થાનિક સ્વરાજ્યની બાબતમાં રસ લઈ કામ કરે તેવા તમામ પ્રયત્નો સરકારી અમલદારોએ કરવા જોઈએ એવો નિર્દેશ કર્યો હતો. ટૂંકમાં લૉર્ડ રિપન હિંદવાસીઓને સ્વશાસનની કેળવણી આપવા ઘણા જ ઉત્સુક હતા, અને તેમની નીતિને અનુસરીને હિંદના જુદા જુદા પ્રાંતોમાં આ બાબતમાં જુદા જુદા કાયદાઓ ઘડાયા.

પરંતુ હિંદના ખગોળમાં સ્થાનિક સ્વરાજ્યનો ગ્રહ માર્ગી હતો તે લૉર્ડ કર્ઝનના વખતમાં વક્રી થયો. તેઓ કાર્યક્ષમતાના દૃઢ અનુરાગી હતા અને તે પણ એક પ્રકારના પૂર્વગ્રહથી. સ્થાનિક સ્વરાજ્યનો કારોબાર ચલાવવાની હિંદવાસીઓમાં જોઈએ એવી શક્તિ નથી એ માન્યતાએ તેમનામાં ઘર કર્યું હતું. સત્તાઓનું કેન્દ્રીકરણ એ એમનો મહામંત્ર હતો. પોતાના આ પૂર્વગ્રહો અને માન્યતાઓ મુજબ કારોબાર ચલાવવા જતાં કેટલાંક સ્થળોએ મોટો ઊહાપોહ થયો. પ્રજા અને અમલદારી વર્ગ વચ્ચે અંતર વધતું ચાલ્યું, અને વાત એટલી હદે વધતી ચાલી કે તે વખતના સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇન્ડીઆ વાઈકાઉન્ટ મોર્લી( ઈ. સ. ૧૯૦૫-૧૦ )એ પોતાની ખાસ લાગવગ વાપરીને મધ્યસ્થ સરકારના અધિકારો પૈકી કયા અધિકારો સ્થાનિક સંસ્થાઓને સુપરત કરી શકાય તે બદલ ભલામણ કરવા સને ૧૯૦૭ના ડિસેમ્બરમાં એક શાહી કમિશન ( Royal Commission on Decentralization ) ની નિમણુક કરાવી. આ કમિશને સને ૧૯૦૯માં મુખ્યત્વે નીચે મુજબની ભલામણો સાદર કરી :—

૧. ગામને લગતી બાબતોનો વહીવટ કરવા માટે ગ્રામપંચાયતોની સ્થાપના કરવી.

૨. દરેક તાલુકા માટે તાલુકા બોર્ડ ( Sub-District Boards ) રચવી. તેમને ઉત્પન્નનાં અમુક સાધનો આપી તાલુકા પૂરતાં કામો

કરવાની ફરજ ઠરાવવી. જિલ્લા બોર્ડ એક તાલુકા કરતાં વધારે તાલુકાને લગતાં જિલ્લાનાં મોટા સ્વરૂપનાં કામો કરે, વગેરે.

પરંતુ જુદી જુદી પ્રાંતિક સરકારોના અભિપ્રાય મેળવવાની લાંબી વિધિમાં સાત વર્ષો આ ભલામણોને મૂર્તસ્વરૂપ આપવામાં વીતી ગયાં. છેવટ સને ૧૯૧૫માં આ બાબતનો ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો, પણ તેમાં અમલદારી ચૂડ ચાલુ રાખવામાં આવી હતી. જિલ્લા બોર્ડ અને તાલુકા બોર્ડના ચેરમેન સરકારી અમલદારો જ રહ્યા. આ ઠરાવમાં કમિશનની ભલામણો પ્રમાણે અધિકારો અને હક્કો બક્ષવામાં આવ્યા ન હતા. તેમ છતાં સને ૧૯૧૭માં (તા. ૨૦–૮–૧૯૧૭) હિંદમાંની ભવિષ્યની બ્રિટિશ નીતિ વિષેનો જે ઐતિહાસિક ઢંઢેરો પ્રસિદ્ધ થયો તેમાં મોટા ભાગે આ ભલામણોને મૂર્તસ્વરૂપ આપવામાં આવ્યું, અને સ્થાનિક સંસ્થાઓને વિશેષ અધિકારો આપવાના ઠરાવી પ્રજા પોતાનો કારોબાર પોતે જ ચલાવી શકે તેવી રીતે તૈયાર કરવાની નીતિને અપનાવવામાં આવી. આ ધ્યેયને દૃષ્ટિ સમક્ષ રાખીને તા. ૧૪–૫–૧૯૧૮નો ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો, જેમાં સામાન્ય ધોરણો નીચે પ્રમાણેનાં હતાં :—

૧. સ્થાનિક સંસ્થાઓમાં ચૂંટાયેલા સભ્યોની બહુમતી.

૨. લઘુમતી વર્ગને પ્રતિનિધિત્વ મળે અને સરકારી અમલદારોના જ્ઞાનનો સંસ્થાને ફાયદો મળે તદર્થે નિમણૂકો કરવાનું ધોરણ ચાલુ રાખવું, પરંતુ સરકારી અમલદારો મત આપી શકે નહિ.

૩. શક્ય હોય ત્યાં જિલ્લા બોર્ડોને અને તમામ સુધરાઈઓને પ્રમુખની ચૂંટણી કરવાનો અધિકાર.

૪. કરવેરા નાખવાનો અધિકાર, વગેરે.

ત્યારબાદ સને ૧૯૧૯માં મોન્ટેગ્યુ-ચેમ્સફર્ડના સુધારાઓ પ્રસિદ્ધ થયા. એ અનુસાર અંશતઃ પ્રાંતિક સ્વરાજ્ય આપવામાં આવ્યું અને સ્થાનિક સંસ્થાઓના કારોબારમાં કંઈક પ્રગતિ થઈ.

મધ્યસ્થ સરકારના ઉપર્યુક્ત ઠરાવો તેમ જ સુધારાઓને અનુલક્ષીને પ્રાંતિક સરકારોએ સ્થાનિક સંસ્થાઓને લગતા કાયદાઓ કર્યા. મુંબાઈ સરકારે લોકલ બોર્ડોને લગતો કાયદો સને ૧૯૨૩માં ઘડ્યો, તેમાં વખતોવખત થયેલા સુધારાઓ અનુસાર હાલ મુંબાઈ રાજ્યમાં જિલ્લા લોકલ બોર્ડોનો કારોબાર ચાલે છે.

અત્રે હું એક વસ્તુ આપ સર્વના ધ્યાન પર લાવવા માગું છું અને તે એ કે, પુણ્યશ્લોક કૈ. શ્રીમંત મહારાજા સયાજીરાવ ત્રીજાએ પોતાની પ્રજાને રાજ્ય-કારોબાર ચલાવવાનું યોગ્ય શિક્ષણ મળે તદર્થે સને ૧૯૦૩ જેટલા વહેલા સમયથી વડોદરા રાજ્યમાં ગ્રામપંચાયતોની સ્થાપના કરી હતી, અને સને ૧૯૦૪માં પ્રાંતપંચાયતો શરૂ કરવામાં આવી હતી. એટલે ભૂતપૂર્વ વડોદરા રાજ્યની પ્રજાને આ દિશામાં ઘણા જ લાંબા સમયથી આ બાબતનું શિક્ષણ મળતું આવ્યું છે અને તેથી જ વિલીનીકરણ બાદ મુંબાઈ રાજ્યમાં આ રાજ્યની પ્રજાનું સ્થાન અદ્વિતીય રહ્યું છે. છેવટમાં ભારતને સંપૂર્ણ સ્વરાજ્ય મળ્યા બાદ જે જે પરિવર્તનો થયાં તેને અનુલક્ષીને સ્થાનિક સ્વરાજ્યના તે વખતના કાયદાઓમાં જરૂરી ફેરફાર કરવા શ્રીમંત સરકારે એક સમિતિ નીમી હતી, જેની ભલામણોને અનુરુપ સને ૧૯૪૯ના ફેબ્રુઆરીમાં "પ્રાંતપંચાયત નિબંધ" નવીન અમલમાં આવ્યો હતો. ત્યારબાદ તા. ૧-૮-૪૯થી વડોદરા રાજ્યનું મુંબાઈ રાજ્ય સાથે સંપૂર્ણ વિલીનીકરણ થયાથી મુંબાઈનો સને ૧૯૨૩નો લોકલ બોર્ડ ઍક્ટ અમલમાં આવ્યો છે અને તે ધોરણે વડોદરા જિલ્લા લોકલ બોર્ડનો કારોબાર ચાલે છે.

## બંધારણ અને રચના

સામાન્યતઃ મુંબાઈ રાજ્યના દરેક જિલ્લામાં જિલ્લા લોકલ બોર્ડની સ્થાપના થયેલી હોઈ એકંદર આ રાજ્યમાં ૨૮ લોકલ બોર્ડો છે. દરેક જિલ્લા લોકલ બોર્ડ ચૂંટાયેલા પંચોની બનેલી હોય છે. સુધરાઈઓની હદ બાદ કરતાં બાકીનો જિલ્લાનો પ્રદેશ લોકલ બોર્ડનો વિસ્તાર ગણાય છે. આવા વિસ્તારમાંથી દર ૨૦,૦૦૦ માણસોની વસ્તીએ એક સભાસદ એ પ્રમાણે સભાસદોની સંખ્યા નક્કી કરવામાં આવે છે, પરંતુ કોઈ લોકલ બોર્ડમાં ૩૦ કરતાં કમી નહિ અને ૬૦ કરતાં વધારે નહિ એટલા સભાસદો રાખવાના હોય છે. તે પૈકી સ્ત્રીઓ, વર્ગીકૃત જ્ઞાતિ ( Scheduled Castes ) અને વર્ગીકૃત જાતિ ( Scheduled Tribes ) માટે જગાઓ અનામત રાખવાનું ધોરણ ઠરેલું છે. બાકીની જગાઓ સામાન્ય બેઠકો તરીકે ગણાય છે.

આ ધોરણે વડોદરા જિલ્લાની વસ્તી ( સુધરાઈનો પ્રદેશ બાદ કરતાં ) ૮,૯૫,૧૫૮ માણસોની હોઈ, એકંદર ૪૫ સભાસદો આવી શકે છે. આ પૈકી ૨ જગાઓ સ્ત્રીઓ માટે, ૩ જગાઓ વર્ગીકૃત જ્ઞાતિ માટે અને ૧૦ જગાઓ વર્ગીકૃત જાતિ માટે અનામત રહેતી હોઈ, ૩૦ જગાઓ સામાન્ય બેઠકો તરીકે રહે છે. વિલીનીકરણ થયા પછી વડોદરા જિલ્લા લોકલ બોર્ડ બરખાસ્ત

કરવામાં આવી. મુંબઇના ધોરણે નવીન રચના થતા સુધીની મુદત માટે મધ્યંતરી બોર્ડની સ્થાપના થયેલી છે અને તેમાં ૪૪ સભાસદો નીમાઈ આવ્યા છે. નવીન ધોરણે હવે આ બોર્ડ ઉપર પ્રમાણે ૪૫ સભાસદોનું બનશે. સુધરાઈ પ્રદેશ બાદ કરતાં જિલ્લાનો વિસ્તાર ૨૮,૨૬,૦૦૭ ચોરસ માઈલ છે.

જિલ્લા લોકલ બોર્ડની હદનો જે રહીશ હોય અથવા લોકલ બોર્ડને કર ભરતો હોય એવા ૨૧ વર્ષ કરતાં ઓછી ઉંમરના ન હોય તેવા પ્રત્યેક શખસને લોકલ બોર્ડના પંચની ચૂંટણીમાં મત આપવાનો અધિકાર છે. મતાધિકારીની યાદીમાં જેનું નામ હોય એવો જે તે જથ્થાનો ઇસમ ચૂંટણી માટે ઉમેદવારી કરી શકે છે. નવીન ધોરણે આ જિલ્લામાં ૧૫ જથ્થાઓ (Constituencies) રાખવા ભલામણ કરી છે. એકંદર મતાધિકારીઓની સંખ્યા ૪,૧૪,૧૫૦ની છે.

નવીન ચૂંટાઈ આવેલા પંચોમાંથી જ જિલ્લાના કલેકટર કે તે આ બાબત માટે જે અમલદારની નિમણુક કરે તેમના અધ્યક્ષપણા નીચે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવામાં આવે છે. બોર્ડની મુદત સામાન્યતઃ ત્રણ વર્ષની હોય છે, પરંતુ તેમાં યોગ્ય કારણોસર ડાયરેકટર ઑફ લોકલ ઑથોરિટીઝ એક વર્ષનો વધારો કરી શકે છે.

## કાર્યવાહકો

લોકલ બોર્ડને સુપરત થયેલી બાબતોના સંપૂર્ણ અધિકારો, અમુક નિયંત્રણોને પાત્ર રહીને બોર્ડમાં જ નિવિષ્ટ થયેલા છે. તેમ છતાં રોજનો કારોબારી વહીવટ ચલાવવા માટે પ્રમુખ, સ્થાયી સમિતિ કે અન્ય સમિતિઓ વગેરેને અધિકાર આપવામાં આવે છે.

પ્રમુખ જિલ્લા લોકલ બોર્ડના કારોબારી વડા અમલદાર ગણાય છે અને બોર્ડ, સ્થાયી સમિતિએ અથવા બોર્ડ તરફથી નીમવામાં આવે એવી બીજી કોઈ પણ સમિતિએ કરેલા ઠરાવોની અમલબજાવણી કરવાની તથા બોર્ડ કે સમિતિ સમક્ષ રજૂ કરવા જેવા કાગળો રજૂ કરવાની જવાબદારી તેમની હોય છે. બોર્ડની સભામાં તેઓ અધ્યક્ષસ્થાને બેસે છે, હિસાબી અને કારોબારી કામકાજ ઉપર દેખરેખ રાખે છે, તમામ નોકરોના કામકાજ ઉપર નિર્બંધ રાખે છે, અને રૂ. ૨૦૦ સુધીના નોકરોની નિમણૂક કરી શકે છે.

પ્રમુખની ગેરહાજરીમાં ઉપપ્રમુખ સભામાં અધ્યક્ષસ્થાને બેસે છે તથા પ્રમુખ તરફથી જે અધિકાર અને ફરજો બજાવવાનું સોંપવામાં આવે તે અધિકારો અને ફરજો બજાવી શકે છે.

જિલ્લા લોકલ બોર્ડ દર વર્ષની પહેલી સાધારણ સમગ્ર સભામાં અગર જો બોર્ડની નવેસર રચના થયેલી હોય તો તેની પહેલી સભામાં ઠરેલા ધોરણે એક સ્થાયી સમિતિ ( Standing Committee )ની નિમણૂક કરે છે. બોર્ડના પ્રમુખ હોદ્દાની રૂએ તેના સભાસદ અને ચેરમેન ગણાય છે. બોર્ડે જે અધિકારો અને ફરજો કોઈ સમિતિને કે પ્રમુખને સોંપેલા હોય, જે અધિકારો બોર્ડ પોતે જ ચલાવી શકે છે એમ ઠરેલું હોય તે સિવાયના તમામ અધિકારો સ્થાયી સમિતિ વાપરી શકે છે. કામોનાં અંદાજપત્રકો મંજૂર કરવાં, ચીફ ઓફિસર, એંજિનિયર, સુપરવાઈઝર અને એકાઉન્ટન્ટની નિમણૂક કરવી, તેમને શિક્ષા કરવી કે બરતરફ કરવા, સંસ્થાના અમલદારો અથવા નોકરો ઉપર ફોજદારી કામ ચલાવવા ઠરાવવું—આ બાબતના અધિકારો બોર્ડ પોતે જ વાપરી શકે છે.

બોર્ડના તમામ અમલદારો અને નોકરો ઉપર સામાન્ય દેખરેખ રાખવાનો અધિકાર ચીફ ઓફિસરનો હોય છે. તેઓ બોર્ડને, સમિતિને અને પ્રમુખને કચેરીની અંતર્વ્યવસ્થા તથા સામાન્ય કારોબાર સંબંધમાં સલાહ આપે છે તથા ધોરણની વિરુદ્ધ થતા હુકમો તેમના ધ્યાન પર લાવે છે અને બોર્ડ તથા સમિતિઓની તમામ સભાઓમાં તેમણે હાજરી આપવી પડે છે.

તે જ રીતે બાંધકામખાતાના વડા અમલદાર એંજિનિયર ગણાય છે. તે ખાતાના નોકરો અને મજૂરો તેમના સીધા તાબા હેઠળ હોય છે. બાંધકામ સંબંધીનાં કામોને લગતા તમામ પ્રશ્નોમાં બોર્ડને, સમિતિને તથા પ્રમુખને તેઓ સલાહ આપે છે.

## લોકલ બોર્ડની મિલકત

દરેક લોકલ બોર્ડ એક સંસ્થાપિત મંડળી ગણાય છે. તેને અગર તેના ઉપર તેના નામથી ફરિયાદ કરવાનો અધિકાર હોય છે. તેને પોતાને સ્વાધીન થયેલી, કિંવા પોતે સંપાદન કરેલી જંગમ તથા સ્થાવર મિલકત પટે આપવાનો, વેચવાનો તથા બીજી રીતે સત્ત્વાર્પણ કરી આપવાનો અધિકાર હોય છે. પરંતુ સ્થાવર મિલકત સાત વર્ષ કરતાં વધારે મુદ્દત માટે પટે આપતા પહેલાં અથવા તે વેચાણ કરતા પહેલાં કે બીજી રીતે સત્ત્વાર્પણ કરતા પહેલાં ડાયરેક્ટર ઑફ લોકલ ઑથોરીટીઝની અગાઉથી મંજૂરી મેળવવી પડે છે. બોર્ડ જે રસ્તા, ઇમારત અથવા બીજું કામ બાંધે તે તેને સ્વાધીન રહે છે.

## લોકલ બોર્ડનાં કર્ત્તવ્યો

પ્રત્યેક જિલ્લા લોકલ બોર્ડનાં મુખ્યત્વે કરીને નીચે પ્રમાણેનાં ફરજિયાત તથા મરજિયાત કામો ઠરાવેલાં છે :—

### (अ) ફરજિયાત કામો.

૧ રસ્તા તથા રાહદારીનાં બીજાં સાધનો બાંધવાં, અને પોતાને સ્વાધીન થયેલા સઘળા રસ્તા તથા રાહદારીનાં બીજાં સાધનોની મરામત કરવી તથા તે ચાલુ સ્થિતિમાં રાખવાં.

૨ હૉસ્પિટલો. દવાખાનાં, બજાર, ધર્મશાળા તથા બીજી સાર્વજનિક ઇમારતો બાંધવી તથા તેની મરામત કરવી.

૩ સાર્વજનિક તળાવ, કૂવા તથા પાણીનાં કામ બાંધવાં, તેની મરામત કરવી, તેમાંથી તથા બીજા ઠેકાણામાંથી પાણી પૂરું પાડવું.

૪ પ્રાથમિક શિક્ષણની સવડ કરવી.

૫ લોકોને શીતળા ટંકાવવાનું કામ, આરોગ્યસંરક્ષણનું કામ તથા સાર્વજનિક આરોગ્યતા સારુ જરૂરી તજવીજ કરવી.

૬ ઝાડો રોપવાં તથા તેમનું સંરક્ષણ કરવું.

### (ब) મરજિયાત કામો

મરજિયાત કામો પૈકી મુખ્ય મુખ્ય નીચે પ્રમાણેનાં ગણાવી શકાય :—

૧. નમૂનાનાં ખેતરો કરવાં તથા ચાલુ રાખવાં.

૨. સારી જાતનાં બી યોગ્ય ભાવથી પૂરાં પાડવાં.

૩. દુષ્કાળ અથવા મોંઘવારીના વખતે મદદ આપવાની સગવડ કરવી તથા મદદનાં સ્થાનિક કામો સ્થાપવાં તથા ચાલુ રાખવાં.

૪. શિક્ષણસંબંધી બીજાં કામો કરવાં.

૫. લોકોનું આરોગ્ય, સુખ અથવા સગવડની વૃદ્ધિ થવા જેવાં બીજાં કોઈ પણ સ્થાનિક કામ કરવાં અથવા તે માટેની તજવીજ કરવી.

૬. કલેક્ટરની અગાઉથી અનુમતિ મેળવીને કોઈ પણ જાહેર આદરાતિથ્ય, સમારંભ, મનોરંજન અથવા પ્રદર્શન ભરવું.

## ઉત્પન્ન

### ( અ. ) સ્થાનિક વેરો

લોકલ બોર્ડનું મુખ્ય ઉત્પન્ન સ્થાનિક વેરા ( Local Cess )નું હોય છે. સ્થાનિક વેરાનો ઇતિહાસ સહેજ સમજવા જેવો છે.

મુંબાઈ રાજ્યમાં સને ૧૮૬૩માં જમીનમહેસૂલના દર રૂપિયે એક આના પ્રમાણે લોકલ ફંડ લેવાનું ઠરી તેનો ઉપયોગ પ્રાથમિક કેળવણી, સ્થાનિક સાર્વજનિક બાંધકામો વગેરે તરફ કરવા ઠરાવવામાં આવ્યું હતું અને આ કામ બાંધકામખાતા મારફત થતું હતું. પરંતુ ત્યારબાદ આપણે આગળ જોઈ ગયા તેમ લૉર્ડ રિપનના વખતમાં સને ૧૮૮૪માં મદ્રાસ ઇલાકામાં અને પછી મુંબાઈ ઇલાકામાં લોકલ બોર્ડ ઍક્ટ પસાર કરવામાં આવ્યા અને તેને અનુસરીને સ્થાનિક વેરાનો ઉપયોગ સ્થાનિક સંસ્થાઓ મારફત થવા લાગ્યો.

ભૂતપૂર્વ વડોદરા રાજ્યમાં જૂના વખતમાં કૂવા, તળાવ, ધર્મશાળા, રસ્તાઓ વગેરે સ્થાનિક સાર્વજનિક ઉપયોગિતાનાં કામો કરવા માટે તે કામો જે ગામનાં હોય તે ગામના લોકો પાસેથી મદદ લઈને કરાવવાનું ધોરણ ચાલતું હતું. આ મદદ રોકડ કે અંગમહેનતના સ્વરૂપમાં ગામના લોકો પાસેથી લેવામાં આવતી હતી. પરંતુ તે રકમ વસૂલ કરવામાં ઘણી જ હરકતો આવતી હતી, અને જ્યાં સુધી આ રકમ વસૂલ ન થાય ત્યાં સુધી કામો શરૂ થઈ શકતાં ન હતાં. આ તમામ બાબતોનો વિચાર કરી સાર્વજનિક કામો માટે રકમ આપવામાં લોકોને એકદમ બોજો ન પડે તે હેતુથી મુંબાઈ ઇલાકાના ધોરણ ઉપરથી વડોદરા રાજ્યમાં પણ સ્થાનિક વેરો લેવાનું ધોરણ દાખલ થયું. ભાગબટાઈના વખત સુધી તો, ભાગબટાઈ વખતે જુદા રાખેલા ઉત્પન્નમાંથી અગર લોકો પાસેથી ઉઘરાણું કરીને ભેગી કરેલી રકમમાંથી કે અંગમહેનતથી લોકો સ્થાનિક ઉપયોગિતાનાં કામો કરતા હતા. ત્યારબાદ સને ૧૮૭૫થી નવીન રાજ્યપદ્ધતિ શરૂ થઈ વિઘોટીનો વહીવટ દાખલ થયો અને આવાં સાર્વજનિક સ્વરૂપનાં કામો સરકારને ખર્ચે કરાવવા નિયમો કર્યા. પરંતુ તે કામો પ્રથમ જે સારાં, મજબૂત, ટકાઉ અને લોકોને સારી રીતે ઉપયોગી થઈ પડે એવાં થતાં હતાં તેવાં થવા ન લાગ્યાં. પરિણામે સરકારને જમીનના આકારમાં જ સ્થાનિક વેરો ચઢાવી સરકારને ખર્ચે જ સાર્વજનિક કામો કરવા ધોરણ ઠરાવવું પડયું, અને જ્યારે સને ૧૯૦૩માં ગ્રામપંચાયતો અને સને ૧૯૦૪માં પ્રાંતપંચાયતો અસ્તિત્વમાં આવી ત્યારે સ્થાનિક વેરાનો ખર્ચ આ સંસ્થાઓ દ્વારા થવા લાગ્યો. આ ઉપરથી જોઈ શકાશે કે સ્થાનિક કામો સ્થાનિક સંસ્થાઓએ જ કરવા સારુ

સ્થાનિક વેરાની યોજના કરવામાં આવી હતી. આમ વડોદરા રાજ્યમાં સને ૧૯૦૩ની સાલથી દર રૂપિયે એક આના પ્રમાણેનો સ્થાનિક વેરો લેવાનું ધોરણ દાખલ થયું હતું. પરંતુ જરૂરિયાત પ્રમાણે વધારાના નવીન રસ્તાઓના કાર્યક્રમને વેગ આપવા માટે સને ૧૯૪૫-૪૬ની સાલથી આઠ વર્ષની મુદત માટે આ વેરામાં એક આનાનો વધારો કરવામાં આવ્યો હતો, અને વિલીનીકરણ બાદ હવે મુંબાઈના ધોરણે દર રૂપિયે ત્રણ આના પ્રમાણે સરકાર મંજૂરી મળે લેવાશે. હાલમાં આ જિલ્લામાં સ્થાનિક વેરાનું સરાસરી ઉત્પન્ન લગભગ રૂા. ૫,૫૦,૦૦૦ આવે છે.

## (બ.) સરકારે મદદ

### ૧. સ્થાનિક સાર્વજનિક બાંધકામો માટે

જિલ્લામાં કાચા તથા પાકા નવીન રસ્તાઓ બાંધવા, તેમની ખાસ અથવા ચાલુ દુરસ્તી કરવા તેમ જ પુલ બાંધવા માટે તથા બોર્ડ રાહદારીનાં બીજાં જે સાધનો તરફ ખર્ચ કરે તેમાં કંઈક મદદ કરવાના હેતુથી સરકાર તરફથી નાણાંની સવડ પ્રમાણે આ સદરેથી મદદ આપવામાં આવે છે. વડોદરા જિલ્લા લોકલ બોર્ડને સને ૧૯૫૦-૫૧ની સાલમાં રૂા. ૩૦,૯૪૮ મદદ મળી હતી અને ચાલુ સાલ માટે રૂા. ૫૨,૮૭૨ મંજૂર થયા છે.

### ૨. પૂરક રસ્તાની મદદ

કોઈ મુખ્ય રસ્તાથી અગર સ્ટેશન, દરિયાઈ મથક અથવા બંદરથી ગામ સુધીના રસ્તા કરવા માટે તેમ જ અમુક ખાસ પ્રસંગોએ કોઝવે, પુલ કે નાળાં કરવા માટે આ સદરેથી મદદ આપવામાં આવે છે. આ બોર્ડને સને ૧૯૫૦-૫૧ની સાલમાં રૂા. ૬૭,૦૫૦ની મદદ મળી હતી અને ચાલુ સાલ માટે રૂા. ૪૪,૩૫૦ મંજૂર થયા છે.

### ૩. જમીનમહેસૂલના પંદર ટકા

જિલ્લાનાં જે ગામોએ ગ્રામપંચાયતોની સ્થાપના થયેલી ન હોય તેવાં ગામોના ખેતી સિવાયના ધારા સહિત જમીનમહેસૂલના પંદર ટકાની રકમ જે તે જિલ્લા લોકલ બોર્ડને આપવામાં આવે છે. આ રકમમાંથી ગ્રામપંચાયત સિવાયનાં ગામોમાં જરૂરી સાર્વજનિક કામો લોકલ બોર્ડ કરાવે છે. વડોદરા જિલ્લા લોકલ બોર્ડને સને ૧૯૫૦-૫૧ની સાલે આવી રકમ રૂા. ૧,૩૫,૦૦૦ મળી હતી.

### ૪. જંગલના મહેસૂલમાંથી બે ટકા

જંગલના પ્રદેશમાં નવીન રસ્તાઓ કરવા તથા તેમની નિભાવણી કરવા માટે તેમ જ વૈદ્યકીય મદદ આપવા માટે જંગલના ઉત્પન્નમાંથી બે ટકાની રકમ આપવામાં આવે છે. આવી રકમ ચાલુ સાલે રૂા. ૪૨,૧૮૦ મળી છે જેમાંથી જંગલના પ્રદેશનાં કામો કરવા ઠર્યું છે.

### ૫. ચીફ ઑફિસર કે એંજિનિયરના પગાર પેટે મદદ

લોકલ બોર્ડ સરકારની મંજૂરીથી ચીફ ઑફિસર કે એંજિનિયરની નિમણુક કરે તો તેમના પગારના ½ રકમ મદદ તરીકે આપે છે.

### ૬. પાણીપુરવઠાનાં સાધનોની મદદ

મુંબાઈ સરકારે ગામડાંમાં પ્રજાને પીવાના પાણીનો ત્રાસ ન પડે તદર્થે એક યોજના તૈયાર કરી અમુક વર્ષમાં તમામ ગામોમાં પીવાના પાણીના કૂવા નવીન કરવા ઠરાવ્યું છે અને તે અંગે બજેટમાં લગભગ ૩૦ થી ૪૦ લાખ જેટલી રકમ મંજૂર કરવામાં આવે છે. તેમાંથી દરેક જિલ્લા બોર્ડને રકમ ફાળવી આપવામાં આવે છે. સામાન્યતઃ નવીન કૂવા કરવાનાં કામો જિલ્લા લોકલ બોર્ડ મારફત કરાવવામાં આવે છે અને ૨૦૦ માણસની વસ્તીવાળાં ગામોમાં (પછાત પ્રદેશનાં ગામો માટે વસ્તીનું ધોરણ ૧૦૦નું રાખ્યું છે) સને ૧૯૫૦-૫૧ની સાલે કૂવાના કામોએ આ જિલ્લા માટે રૂા. ૧,૫૦,૦૦૦ મંજૂર થયા હતા અને ચાલુ સાલે જો કે રૂા. ૭૫,૦૦૦ મંજૂર થયા છે તોપણ દુષ્કાળ જેવી પરિસ્થિતિના કારણે તળાવખોદાણ, કૂવાદુરસ્તી તેમ જ નવીન કૂવાઓ માટે વધારે રકમ મળવાની આશા છે.

## (ક.) કિરકોળ

આ સિવાય વાહન, જનાવર કે માણસો ઉપરના ટોલ સિવાય બીજો કોઈ પણ કર ડાયરેક્ટર ઑફ લોકલ ઑથોરિટીઝની મંજૂરીથી લોકલ બોર્ડ નાખી શકે છે, તેમ જ પોતાને સુપરત થયેલા રસ્તાઓ કે પુલ ઉપર ટોલ પણ નાખી શકે છે. વળી ખાનગી શખસો તરફથી મદદ પણ મેળવી શકે છે. આમ વડોદરા જિલ્લા લોકલ બોર્ડનું ઉત્પન્ન ઉપર બતાવ્યા પ્રમાણે સ્થાનિક વેરો, સરકારી મદદ તેમજ બીજું ઉત્પન્ન મળી લગભગ રૂા. ૮,૦૦,૦૦૦ જેટલું થાય છે.

## ખર્ચ

જિલ્લા લોકલ બોર્ડને ખાસ કરીને રસ્તા, પાણીપુરવઠાનાં સાધનો, આરોગ્યરક્ષણ તથા પ્રાથમિક શિક્ષણ તરફ ખર્ચ કરવાનો હોય છે. આવો ખર્ચ

જે તે લોકલ બોર્ડ પોતાના ઉત્પન્ન અને જિલ્લાની એકંદર પરિસ્થિતિના પ્રમાણમાં કરે છે. વડોદરા જિલ્લા લોકલ બોર્ડ આ બાબતોમાં કેટલો ખર્ચ કરે છે તથા અન્ય કઈ કઈ યોજનાઓ ચાલે છે તેનો હું આપને આછો ખ્યાલ આપીશ.

## (અ.) રસ્તાઓ

વડોદરા રાજ્યના વખતમાં નવીન રસ્તાઓ, રેલવે, શ્રવણયંત્ર, બંદરોની ખિલવણી કરવી વગેરે સર્વ બાબતનો એકત્રપણે વિચાર કરી કાર્યક્રમ તૈયાર કરવા સને ૧૯૨૭ની સાલમાં એક મધ્યસ્થ કોમ્યુનિકેશન બોર્ડની રચના થઈ હતી. આ સમિતિની ભલામણ ઉપરથી આ જિલ્લા માટે સૌથી પ્રથમ સને ૧૯૨૯ની સાલમાં ૭૯ રસ્તાઓનો કાર્યક્રમ મંજૂર થયો હતો અને તે રસ્તાઓ તરફ થનારા ખર્ચ પૈકી રસ્તાઓ માટે જે જમીન લેવી પડે તેના વળતરની પૂરેપૂરી રકમ અને પુલ, નાળાં તરફ થનાર ખર્ચની અડધી રકમ સરકાર તરફથી મદદ તરીકે મળતી હતી ત્યારબાદ જુદે જુદે વખતે રસ્તાઓના કાર્યક્રમો મંજૂર થતા હતા અને છેવટે યુદ્ધોત્તર પુનર્રચનાનો જે કાર્યક્રમ મંજૂર થયો હતો તેમાં ૨૯૩ માઈલ ૪ ફર્લાંગના ગ્રામરસ્તાઓ મંજૂર થયા હતા, જે આ લોકલ બોર્ડે જ કરવાના હતા. તેમાં મદદનું ધોરણ ઉપર પ્રમાણેનું હતું. આ ઉપરાંત રૂા. ૫,૦૦૦ ઉપરાંતનાં અને રૂા. ૨૦,૦૦૦ સુધીનો કિંમતનાં પુલ. નાળાં વગેરે તરફ પૂરેપૂરી રકમ મદદ તરીકે મળવા ધોરણ ઠર્યું હતું. હવે મુંબાઈ રાજ્યમાં જો કે આવું નિશ્ચિત ધોરણ નથી તોપણ આગળ જણાવ્યા પ્રમાણે રસ્તા વગેરે કામો માટે રકમની સવડ પ્રમાણે સરકારમાંથી સારી રકમ મળે છે.

આ જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૭૧ માઈલના ૧૭૬ રસ્તાઓ પૂરા થયેલા છે અને ૫૦ માઈલના ૨૨ રસ્તાઓ ચાલુ છે. આ રસ્તાના કાર્યક્રમમાં યુદ્ધોત્તર પુનર્રચનાના ગ્રામવિસ્તારના રસ્તાઓનો સમાવેશ કરવામાં આવેલો હોઈ તે કાર્યક્રમ પૈકીના મોટા ભાગના રસ્તાઓનાં માટીકામ પૂરાં થયેલાં છે. જિલ્લા લોકલ બોર્ડ જે રસ્તાઓ કરે છે તે કાચા રસ્તાઓ જ છે. રસ્તાઓ માટે ગઈ સાલ રૂા. ૧,૮૦,૦૦૦ ખર્ચ થયો હતો. ચાલુ સાલે દુષ્કાળ જેવી પરિસ્થિતિ હોવાના કારણે ખાસ કરીને છોટાઉદેપુર, જબુગામ અને નસવાડીના પછાત પ્રદેશમાં લોકોને રાહત મળે તદર્થે કામો શરૂ કરવામાં આવ્યાં છે.

## (આ.) પાણીપુરવઠો, કૂવાઓ

બીજો મહત્ત્વનો કાર્યક્રમ પાણીનાં સાધનો, કૂવા, તળાવ વગેરે આપવાનો છે. આ બાબતમાં સરકાર પૂરેપૂરી રકમ આપે છે અને તેનો કાર્યક્રમ આ

બાબતની સમિતિ તરફથી તૈયાર થાય છે. વડોદરા જિલ્લાનાં ભૂતપૂર્વ વડોદરા રાજ્યનાં દરેક ગામોમાં કૂવાઓ છે, પરંતુ આ જિલ્લામાં નવીન ઉમેરાએલા છોટાઉદેપુર, પાન્ડુ મેવાસ તથા સંખેડા મેવાસના પછાત પ્રદેશમાં પીવાના પાણીની સખત હાડમારી હોવાથી તે દૂર કરવા આ પ્રદેશમાં વિશેષ કરીને કૂવાઓ કરવામાં આવે છે, તથા બીજા કૂવાઓ દુરસ્ત કરવા જેવા હોય તો તે તથા તળાવ ખોદાણ કરાવવા જેવાં હોય તો તે કરાવવામાં આવે છે. ગઈ સાલે રૂા. ૬૨,૦૦૦ ખર્ચ થયો હતો. ચાલુ સાલે દુષ્કાળરાહત અંગે તળાવખોદાણ અને કૂવાઓનાં કામો વધારે થવા જેવાં હોવાથી વિશેષ ખર્ચ થવા જેવો લાગે છે.

## (ક.) આરોગ્યરક્ષણ

આરોગ્યરક્ષણની બાબતમાં આ જિલ્લા લોકલ બોર્ડ તરફથી પ્રમાણમાં ઠીક કામગીરી કરવામાં આવે છે. તે અંગે સંખેડા, વાઘોડિયા અને સાવલી તાલુકાઓમાં હિમજ્વર-અટકાયત ( Anti-Malaria )ના તેમ જ સંખેડા તાલુકામાં તે ઉપરાંત વાળા-અટકાયત ( Anti-Guineaworm )ની યોજનાઓ ચલાવવામાં આવે છે. ગામડાંઓમાં પેલ્યુડ્રીનની ટીકડીઓ મફત વહેંચવામાં આવે છે. અને કૂવાઓમાં પાણી શુદ્ધ કરવા પોટાશ પરમેંગનેટ નાખવામાં આવે છે. મેલેરિયા ઇન્સ્પેક્ટરો ગામડાઓમાં ફરી હિમજ્વરવાહક મચ્છરો તથા પોરા બતાવી તેનો નાશ કરે છે તથા તેની અટકાયતના ઉપાયો સમજાવી ગામડાંઓની પ્રજામાં ભાષણો દ્વારા પ્રચાર કરે છે. વળી, ડી. ડી. ટી. પાઉડર ઘરોમાં છંટાવવામાં આવે છે, જેથી હિમજ્વર-વાહક જંતુઓ, મચ્છર, માંકડ વગેરેનો નાશ થઈ ગામડાંઓમાં પ્રજાને રાહત મળે છે. લોકો હવે ડી. ડી. ટી.નો ઉપયોગ સમજતા થવાથી તેમાં રસ લઈ પોતાના ઘરમાં ડી. ડી. ટી.નો છંટકાવ કરવાની કામગીરી પોતે જ કરતા થયેલા છે. આ યોજનાઓ અંગે લગભગ દસબાર હજાર રૂપિયા ખર્ચ થાય છે, જેમાં સરકાર તરફથી ચારપાંચ હજાર રૂપિયાની મદદ મળે છે.

આ જિલ્લામાં નોંધપાત્ર યોજનાઓમાં પ્રથમોપચાર ગ્રામદવાખાનાં અને વૈદ્યવાળાં દવાખાનાંની યોજનાઓનો સમાવેશ થાય છે. મુંબાઈ રાજ્યમાં આવી યોજનાઓ અન્યત્ર નથી. પ્રથમોપચાર ગ્રામદવાખાનાંની યોજનામાં જે ગામ રૂ. ૨૫, ૫૦ કે ૭૫ જિલ્લા લોકલ બોર્ડને આપે તે ગામને તેટલી જ રકમ જિલ્લા લોકલ બોર્ડ તરફથી અને દોઢી રકમ સરકાર તરફથી ઉમેરવામાં આવી ગામમદદથી અઢી ગણી રકમની દવાઓ મોકલવામાં આવે છે અને બાકીની

રકમ તપાસણી માટે જે વૈદ્યો રાખવામાં આવે છે તે તરફ ખરચાય છે. આમ જે ગામ રૂ. ૨૫ આપે તેને રૂ. ૬૨-૮-૦ની, રૂ. ૫૦ આપે તેને રૂ. ૧૨૫-૦-૦ની અને રૂ. ૭૫ આપે તેને રૂ. ૧૮૭-૮-૦ની દવાઓ મળે છે. આ દવાઓ સામાન્યતઃ ગામડાના સેવાભાવી શિક્ષક કે અન્ય કોઈ આપી શકે એવી ગોળીઓ કે મિશ્રણ નક્કી થયેલાં હોય તે પૈકીની જ હોય છે. આ જિલ્લામાં આવાં દવાખાનાં લગભગ ૨૦૦ હોઇ તે અંગે ખર્ચ રૂપિયા ત્રીસથી બત્રીસ હજાર થાય છે.

તેવી જ રીતે જે ગામ લાયકીવાળા વૈદ્ય રાખી દવાખાનું ચલાવવા ખુશી હોય અને રૂ. ૧૫૦ લોકલ બોર્ડને આપે તો તે ગામને તેટલી જ રકમો લોકલ બોર્ડ અને સરકાર તરફથી ઉમેરી રૂ. ૪૫૦ની દવાઓ આપવામાં આવે છે. તદુપરાંત દવાખાનાંના વૈદ્ય અને નોકરપગાર અંગે મદદ તરીકે રૂ. ૧૫૦ લોકલ બોર્ડના અને રૂ. ૧૫૦ સરકારના મળીને રૂ. ૩૦૦ આપવામાં આવે છે. આવાં વૈદ્યવાળાં દવાખાનાં હાલ ૨૪ હોઈ આપી શકે તેની પાસેથી રોજના બે આના ફી લેવાય છે અને ગરીબ માણસોને મફત દવા આપવામાં આવે છે. આવાં દવાખાનાંથી લોકોને ઠીક પ્રમાણમાં રાહત મળે છે અને તેથી લોકો બાકીનો ખર્ચ ભોગવીને પણ ચલાવે છે.

આ લોકલ બોર્ડ તરફથી દર સાલ ગામડાંઓમાં આરોગ્યસપ્તાહ સને ૧૯૩૫-૩૬ ની સાલથી ઊજવવામાં આવે છે. દિવાળીના તહેવારો દરમ્યાન સપ્તાહના દિવસો નક્કી કરી આપવામાં આવે છે. આ સપ્તાહમાં જે ગામે હરીફાઈમાં સર્વોત્તમ સ્વચ્છતા રાખી હોય તેને એક ચાંદીનું ફરતું શિલ્ડ અર્પણ કરવામાં આવે છે. તે ઉપરાંત ગામે કાયમ રાખવા માટે એક નાનું કાયમી શિલ્ડ પણ અપાય છે.

તદુપરાંત પ. પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્મારક તરીકે જિલ્લાનાં ગામડાંઓમાં ગાંધી સપ્તાહ દરમ્યાન ગામસફાઇ-પર્વ ઊજવવામાં આવે છે. આ યોજના અંગે દરેક તાલુકામાંથી ૨૦ ગામો નક્કી કરી યોજના પ્રમાણે કામ કરવા તૈયાર હોય તેવાં ૧૦ ગામો ગામસફાઇ માટે પસંદ કરવામાં આવે છે અને વસ્તીના ધોરણે જિલ્લા લોકલ બોર્ડ તરફથી મદદ આપવામાં આવે છે. બોર્ડ જેટલી મદદ આપે તેની અડધી રકમ ગામ લોકોએ મદદ તરીકે ઊભી કરી તેટલી જ બીજી રકમ ગ્રામપંચાયતે પોતાના ભંડોળમાંથી આપવાની હોય છે. આ યોજનાનો લાભ સારી સંખ્યામાં લેવામાં આવે છે.

આ સિવાય જ્યારે ચેપી રોગ ફાટી નીકળે ત્યારે જિલ્લા લોકલ બોર્ડ તરફથી ખર્ચ કરવામાં આવે છે. તે ઉપરાંત શીતળા ટાંકવાનો ખર્ચ પણ આ બોર્ડને જ કરવો પડે છે.

મુંબાઈ રાજ્યમાં ગ્રામપ્રદેશને વૈદ્યકીય મદદ (Rural Medical Relief) આપવા બાબતની યોજના ચાલે છે. તે અંગે નક્કી કરવામાં આવે તે સ્થળે ગામડાંમાં દવાખાનાં ચલાવનાર વૈદ્ય કે ડૉકટરને ઠરાવેલો પગાર તથા ભથ્થુંભાડું વગેરે તેમ જ દવા માટે નિયત રકમ આપવામાં આવે છે. પરંતુ આ વૈદ્યો કે ડૉકટરો ઉપર ગામના લોકોનો અંકુશ હોતો નથી. જેથી યોજનાનો લાભ જોઈએ તેવો પ્રજાને મળતો નથી. આના કરતાં ઉપર જણાવ્યા પ્રમાણેની પ્રથમોપચાર ગ્રામદવાખાનાં અને વૈદ્યવાળાં દવાખાનાંની જ યોજનાઓ આ જિલ્લા માટે સરકાર તરફથી વિલીનીકરણ થયા બાદ પણ ચાલુ રાખવામાં આવી છે.

## (ઈ.) શિક્ષણ

ભૂતપૂર્વ વડોદરા રાજ્યમાં તો શિક્ષણસંબંધી તમામ ખર્ચ સરકાર તરફથી કરવામાં આવતો હતો. સને ૧૯૩૮–૩૯ પહેલાં પ્રાથમિક શિક્ષણના ફાળા તરીકે લોકલ સેસના ઉત્પન્નમાંથી દર એક આને ચાર પાઈનો ફાળો પ્રાંતપંચાયતો તરફથી લેવામાં આવતો હતો, પરંતુ સને ૧૯૩૮–૩૯ની સાલથી આ ફાળો બંધ કરવામાં આવ્યો હતો.

મુંબાઈ રાજ્યના ધોરણે જિલ્લા લોકલ બોર્ડોએ લોકલ સેસમાંથી ઠરાવેલી રકમ પ્રાથમિક શિક્ષણ માટે જિલ્લા સ્કૂલ બોર્ડને આપવી પડે છે. પરંતુ આ જિલ્લામાં આવી બોર્ડની સ્થાપના હજુ સુધી થયેલી નથી. એટલે આવી રકમ આપવામાં આવતી નથી. હાલ તો જૂના ધોરણે જ વહીવટ ચાલે છે. પરંતુ થોડા વખતમાં જ મુંબાઈ રાજ્યના ધોરણે સ્કૂલ બોર્ડ સ્થપાઈ પ્રાથમિક શિક્ષણનું કાર્ય તેને સુપરત થશે. હાલમાં મે ડે. ઍજ્યુકેશનલ ઇન્સ્પેકટર જ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસરની ફરજો બજાવે છે. તેમને સલાહ આપવા એક જિલ્લા સલાહકાર સમિતિ નીમવામાં આવી છે. જિલ્લાનાં શાળાનાં મકાનો નવીન બાંધવા તથા તેની દુરસ્તી કરવા માટે એક જિલ્લા સ્કૂલ બીલ્ડિંગ સમિતિ નિમાયેલી છે, તેમજ પ્રૌઢશિક્ષણનો પ્રચાર કરવા જિલ્લા સમાજશિક્ષણ સમિતિ રચવામાં આવી છે, જેના પ્રમુખ તરીકે જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખની નિમણૂક થયેલી છે.

આમ ઉપર જણાવેલી બાબતો તરફ તથા જરૂરી અન્ય બાબતો તરફ આ જિલ્લા લોકલ બોર્ડ લગભગ રૂા. આઠ નવ લાખનો ખર્ચ કરે છે.

## ઉપસંહાર

આપનો કિંમતી સમય લઈને ઉપર પ્રમાણે સહેજ વિસ્તારથી લોકલ બોર્ડ સંબંધી હકીકત આપની સમક્ષ રજૂ કરી છે. આપ જોઈ શકશો કે ગ્રામ-વિસ્તારમાં પ્રજાને જોઈતી સુખસગવડ પૂરી પાડતી સંસ્થા જિલ્લા લોકલ બોર્ડ જ છે. ગ્રામપંચાયતો તો પોતાના ગામપૂરતી જ કામગીરી કરી શકે છે. પરંતુ સમગ્ર જિલ્લાના હિતની દૃષ્ટિએ તો લોકલ બોર્ડ જ ફરજો બજાવે છે. આ લોકલ બોર્ડોને સરકાર તરફથી વખતોવખત ઉદાર મદદો આપવામાં આવે છે. ધી લોકલ ફાયનેન્સ ઇન્ક્વાયરી કમિટી ( The Local Finance Enquiry Committee )ની ભલામણો જોતાં તેમાં સ્થાનિક સંસ્થાઓને વધારે અધિકારો અને નાણાંકીય મદદો આપવા સૂચવ્યું છે. સરકાર તરફથી જે ગ્રાન્ટો આપવામાં આવે છે તેની રકમ અનિશ્ચિત હોવાથી રાજ્યના ઉત્પન્નમાંથી જ અમુક હિસ્સો આપવા ભલામણ છે. આ સર્વ હોવા છતાં આપણે જાણવું જોઈએ કે રાજ્યને પ્રજાકલ્યાણની બીજી પણ ફરજો બજાવ-વાની હોય છે. એટલે હવે વખત એવો આવ્યો છે કે પ્રજાએ સ્થાનિક કામો પોતે થઈને જ કરી લેવાં ઇષ્ટ છે. જો રોકડ સ્વરૂપમાં મદદ ન અપાય તો અંગ-મહેનત આપી કામ કરી શકાય છે. પૂજ્ય ગાંધીજીએ આપણને રચનાત્મક કાર્ય કરવાની પ્રેરણા આપી છે. તો તેને ઝીલી લઈ જ્યાં શાળાઓનાં મકાનો ન હોય, જ્યાં જ્યાં રસ્તાઓ ખરાબ હાલતમાં હોય, ચોરા કે પાણીપુરવઠાનાં સાધનો બિસ્માર હાલતમાં હોય, ગામમાં ગંદકી હોય, એવાં એવાં કામો ગામના લોકોએ સ્વખુશીથી જાતે કરવા આગળ આવવું જોઈએ. શોલાપુર જિલ્લામાં આ દિશામાં લોકોએ પોતે થઈને શાળાનાં મકાનો અને રસ્તાઓનાં કામો હાથમાં લઈ દરેક ગામે સ્કૂલનાં મકાન બાંધ્યાં છે, તેમ જ રસ્તાનાં કામો પણ કર્યાં છે. તે જ પ્રમાણે કોલ્હાપુર જિલ્લાએ પણ પ્રમાણમાં ઠીક પ્રગતિ કરી છે. આ જિલ્લામાં લોકો આવાં કામો પછવાડે રોકડ રકમ ઠીક પ્રમાણમાં આપવા આગળ આવે છે, પરંતુ પોતાના શ્રમથી કામ કરવા જોઈએ તેટલા આગળ આવતા નથી. જેથી મારી તો આપ સર્વને એ જ સલાહ છે કે આપણે આપણા સુખસગવડની બાબતમાં સરકાર કે લોકલ બોર્ડની મદદ ઉપર આધાર ન રાખતાં અંગમહેનતથી કામો કરી લેવાની તત્પરતા દર્શાવવી જોઈએ. તજ્જ્ઞ દૃષ્ટિએ યોગ્ય દોરવણી, સલાહ અને હથિયારો વગેરેની સવલત લોકલ બોર્ડ તરફથી આપવા હરકત આવશે નહિ.

છેવટમાં આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મારી સલાહ એ જ છે કે આપ સર્વ ભવિષ્યના નાગરિકો છો. જનતારૂપી જનાર્દનની નિષ્કામ ભાવે

નિરભિમાનપણે સેવા કરવી તે ખરી પ્રભુસેવા છે અને તે દૃષ્ટિએ વિચાર કરતાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એ તો ખરી જ યજ્ઞશાળાઓ છે. આ યજ્ઞ-શાળાઓનું રક્ષણ કરવું એ આપના જેવા તત્ત્વવિદ અને ધર્મજ્ઞ રામનો ધર્મ છે. આ યજ્ઞશાળામાં ચાલતા યજ્ઞને ભ્રષ્ટ કરવા અનેક રાક્ષસો ઉપસ્થિત થશે, કારણ કે ત્રિગુણાત્મક જગતમાં એવા વિઘ્નસંતોષી નરોની ખોટ નથી અને તેવા પ્રસંગે આપને ભણેલાગણેલા અને ધર્મને જાણનાર માનીને સત્ત્વગુણી વિશ્વામિત્રો આપની પાસે સહાય અર્થે આવશે. તે વખતે શરીરસુખ અને એશઆરામપ્રિય સ્વભાવરૂપી દશરથ કદાચ આપનો અવરોધ પણ કરશે, પરંતુ ખરા "ગ્રામણી" અને "અગ્રણી" તરીકે આપ યજ્ઞશાળાનું રક્ષણ કરવા બહાર પડજો. એ જ ખરો ધર્મ છે. આ જગતમાં જે જે કૃતિઓ છે તે પ્રભુનું જ સર્જન છે. તો આ સાર્વજનિક કૃતિઓમાં (કામોમાં) અંતઃ-કરણપૂર્વક સહાય આપી ઉપકારક બનવું એ જ ઈશ્વરની ખરો સેવા છે, એમાં જ તેની પૂજાનું માહાત્મ્ય સમાયેલું છે.